# <u>પ્રેસનોટ</u>

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૨૬૧, તા.૨૦/૦૨/૧૯૭૬ થી વિદિત થઇ, દર વર્ષની જેમ તા.૦૬/૦૪/૨૦૨૫ ને રવિવારના રોજ **"શ્રી રામ નવમી"** તથા તા.૧૦/૦૪/૨૦૨૫ ને ગુરૂવારના રોજ **"મહાવીર જયંતી"** નિમિત્તે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા અને રાંદેર કતલખાના બંધ રહેશે. જેની નોંધ આ વ્યવસાય સાથે સંકળાયેલ તમામ ઇસમોએ લેવી.

**સમાચારયાદી નં. ૦૧**

**તા. ૦૧/૦૪/૨૦૨૫**

**જનસંપર્ક વિભાગ,**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

<u>સુરત મહાનગરપાલિકા</u>

<u>વાહક જન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી</u>

<u>અખબારી યાદી</u>

**વિષય:- સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ હસ્તકનાં વી.બી.ડી.સી વિભાગ દ્વારા ડ્રોન ટેકનોલોજીની મદદથી મચ્છરજન્યરોગો તેમજ મચ્છરોનાં નિયંત્રણ માટેની કામગીરી શરૂ કરવામાં આવી.**

સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ હસ્તકનાં વી.બી.ડી.સી વિભાગ દ્વારા મચ્છરો તેમજ મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે **ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો આજે શુભારંભ મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રીમતિ નેન્સીબેન શાહનાં વરદ હસ્તે વેસ્ટઝોનનાં ભેંસાણગામનાં ડાંગરનાં ખેતરોથી કરવામાં આવ્યો.**

ડ્રોન આર્ટીફીશીયલ AI ,મશીન લર્નિંગ ML નાં સોફ્ટવેર આધારીત પ્રોગામ મુજબ મચ્છરનાં ઉત્પતિ સ્થાનો શોધી તેની ઇમેજ કલાઉડ-બેઝ પ્લેટફોર્મ પર મોકલે છે અને તેના આધારે ગ્રાઉન્ડ ટીમો જે તે સ્થળે પહોંચી મચ્છરોનાં ઉત્પતિ સ્થાનો નાબુદ કરવાની કામગીરી કરે છે. જે સ્થળોએ ગ્રાઉન્ડ ટીમો દ્વારા કામગીરી શકય ન હોય ત્યાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાનો છંટકાવ કરી મચ્છરોનું નિયંત્રણ કરવામાં છે. સુરત મહાનગરપાલિકાનાં જુદા જુદા ઝોનમાં ડાંગરનાં ખેતરો, સીપેજ કેનાલો, ખાડીઓ, તળાવો કે જયાં મેન્યુઅલી જંતુનાશક દવાનો છંટકાવ શકય નથી તેવા સ્થળોએ જંતુનાશક દવાનો છંટકાવ કરવા હાલમાં બે ડ્રોન કામે લગાવવામાં આવ્યા છે. આગામી ચોમાસાની ઋતુમાં સર્વેલન્સ ડ્રોન દ્વારા ઇન્ડસ્ટ્રીયલ, કોમર્શિયલ અને રહેણાંક વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી કરી મચ્છરોનાં ઉત્પતિ સ્થાનો શોધી ઉપરોક્ત પધ્ધતિ મુજબ જ તેનો નાશ કરવામાં આવશે. ડ્રોન દ્વારા સર્વેલન્સ દરમિયાન જે લોકોનાં ઘરની છત પર ખુલ્લી ટાંકીઓ,નકામો કાટમાળ કે જેમાં વરસાદનું પાણી ઘેરાઇ રહી મચ્છરોની ઉત્પતિ થવાની સંભાવના છે તેવા સ્થળો શોધી તેની ઇમેજ કલાઉડ બેઝ પ્લેટફોર્મ પર ગ્રાઉન્ડ ટીમને મોકલશે અને ગ્રાઉન્ડ ટીમ દ્વારા તેના નિકાલની કાર્યવાહી કરવામાં આવશે. જે સ્થળે મેન્યુઅલી જંતુનાશક દવા છંટકાવ શકય નહી હોય ત્યાં ડ્રોન દ્વારા દવા છંટકાવની કામગીરી કરવામાં આવશે. વધુમાં, જે ઇસમો દ્વારા વારંવાર આ પ્રકારની બેદરકારી દાખવવામાં આવશે તો ડ્રોનની ઇમેજ અને લોકેશનના આધારે આવી જગ્યા આઇડેન્ટીફાઇ કરી તેવા ઇસમોની સામે ધી જી.પી.એમ.સી એકટની જોગવાઇઓ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી પણ કરવામાં આવશે.

આજનાં ડેમો કાર્યક્રમમાં મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રીમતિ નેન્સીબેન શાહ, ડ્રેનેજ કમિટિ ચેરમેન શ્રી કેયુરભાઇ ચપટવાલા, કોર્પોરેટરશ્રી અજીતભાઇ પટેલ, કોર્પોરેટર શ્રીમતિ ગીરીબેન સાપરીયા, ડેપ્યુટી કમિશ્નરશ્રી(હે.એન્ડ હો.) શ્રી ડો.આશિષભાઇ નાયક, ડેપ્યુટી કમિશ્નરશ્રી ધર્મેશ મિસ્ત્રી તેમજ આરોગ્ય વિભાગનાં વિવિધ અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ હાજર રહેલા.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં. ૦૨
તા. ૦૧/૦૪/૨૦૨૫





# ફોટોગ્રાફી પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત ઐતિહાસિક કિલ્લા સ્થિત આર્ટ ગેલેરીમાં તા. ૦૪ થી ૨૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી 'SURAT'S HISTORICAL FORT THROUGH PHOTOGRAPHS' પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શન તા.૧૮ એપ્રિલના રોજ દર વર્ષે વૈશ્વિક ધોરણે 'INTERNATIONAL DAY FOR MONUMENTS AND SITES' તેમજ 'WORLD HERITAGE DAY' ઉજવવામાં આવતો હોય, જેને લક્ષમાં રાખીને આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શનના ભાગરૂપે અગાઉ વર્ષ ૨૦૧૯ માં સુરત મહાનગરપાલિકા સંચાલીત ઐતિહાસિક કિલ્લા પર આધારિત 'નેશનલ ફોટોગ્રાફી કોમ્પીટીશન' દરમ્યાન પ્રદર્શિત બ્લેક એન્ડ વ્હાઈટ તેમજ કલર ફોટોગ્રાફ્સ પૈકી અમુક ફોટોગ્રાફ્સનું આયોજનબધ્ધ રીતે પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ છે. મુલાકાતીઓ આ પ્રદર્શન ઐતિહાસિક કિલ્લા ખાતે આર્ટ ગેલેરી કમ એક્ઝિબીશન હોલમાં તા. ૦૪ થી ૨૦ એપ્રીલ, ૨૦૨૫ સુધી વિનામૂલ્યે નિહાળી શકશે.

**પ્રદર્શનનો સમય**

તા. ૦૪ થી ૦૬ એપ્રિલ, ૨૦૨૫, તા. ૦૮ થી ૧૩ એપ્રિલ, ૨૦૨૫ અને તા. ૧૫ થી ૨૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:30 થી ૦૫:30 કલાક સુધી

તા. ૦૭ એપ્રિલ, ૨૦૨૫ અને તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ કિલ્લો તથા પ્રદર્શન બંધ રહેશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર રવાના સમાચાર યાદી

પી. આર.ઓ. નં. 03

# --::<u>પ્રેસનોટ</u>::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળતા.૦૩/૦૪/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪, કલમ–૬(અ અને બ) અને કલમ–૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા.૦૩/૦૪/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાં કુલ ઇસમો ૧૮અને કુલ રુપિયા ૩૬૦૦, **સેન્ટ્રલ** ઝોનમાં કુલ ઇસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦ **વરાછા–એ** ઝોનમાં કુલ ઇસમો ૨૧ અને કુલ રુપિયા ૪૨૦૦,**વરાછા–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૧ અને કુલ રુપિયા ૨૨૦૦,**ઉધના–એ** ઝોનમાં કુલ ઇસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦, **ઉધના–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૪ અને કુલ રુપિયા ૨૮૦૦,**અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦,**લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૧૪ અને કુલ રુપિયા ૨૮૦૦ સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીને કુલ ઇસમો ૧૫૦ પાસે કુલ ૩૦,૦૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૦૪

તા.૦૩/૦૪/૨૦૨૫

# પ્રે સ નો ટ

પ્રિમોનસુન કાગીરીને ધ્યાને લઇ ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ આઇસ ડીશ અને આઇસ ગોલાનુ વેચાણ કરતી સંસ્થાઓની તા.03/04/2025 ના રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી કુલ-13 સંસ્થાઓમાંથી આઇસ ડીશ, આઇસ ગોલા, ક્રીમ અને સીરપના કુલ-18 નમૂનાઓ લઇ પૃથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ છે, જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

| અનુ | સંસ્થાનું નામ | સરનામુ |
|---|---|---|
| 1 | ગંગા પાર્લર | દુકાન નંબર જી-10, સરગમ કોમ્પ્લેક્સ, હીરાબાગ, વરાછા, સુરત. |
| 2 | ચકાચક આઈસ ડીશ પોઈન્ટ | પ્રગતિ આઈ ટી પાર્ક, તુલસી કમ્પાઉન્ડ, મોટા વરાછા, સુરત |
| 3 | રેન્સન માર્કેટિંગ | દુકાન નં-4, સરગમ કો.ઓપ. ઘર. સોસી, હીરાબાગ, વરાછા, સુરત. |
| 4 | મધુલી આઈસ ડીશ ગોલા | ગોગા કોમ્પ્લેક્સ, શિવ શક્તિ રો હાઉસ, પારડી કાંડે, સચિન, સુરત |
| 5 | શ્રીજી એન્ટરપ્રાઇઝ (જય ભવાની ડ્રાયફ્રુટ ડીશ ગોલા) | દુકાન નંબર-5 અને 6, સૂર્યોદય કોમ્પ્લેક્સ, અડાજણ, સુરત. |
| 6 | જય બજરંગ એન્ટરપ્રાઇઝ | દુકાન નંબર-1, G.F, રોયલ રેસીડેન્સી બિલ્ડ-A, આનંદ મહેલ રોડ, અડાજણ, સુરત. |
| 7 | અક્ષર ગોલાવાલા | દુકાન નંબર-23 તુલસી રેસીડેન્સી,ફાયર સ્ટેશન પાસે,મોટા વરાછા,સુદામા ચોક,સુરત |
| 8 | રજવાડી મલાઈ ગોલા | દુકાન નં.14, રોયલ રેસીડેન્સી બી, આનંદ મહેલ રોડ, સુરત. |
| 9 | શ્રી ખોડિયાર લાઈવ ભજીયા હાઉસ અને આઈસ ડીશ | દુકાન નં.1, ફૂડ કોર્ટ, કેનાલ પાથ વે, વીઆઈપી રોડ, વેસુ, સુરત. |
| 10 | ફાઈવ સ્ટાર આઈસ ડીશ ગોલા | સરેલા વાડીની બાજુમાં, ઘોડ દોડ રોડ, સુરત. |
| 11 | સોનલ ભેલ હાઉસ (ભાવનગર ના | દુકાન નંબર જી-6-7, સરગમ કો.ઓપ. ઘર. સોસી, હીરાબાગ, વરાછા, |

| | | |
|---|---|---|
| | પ્રાખ્યાત બરાફ ડીશ ગોલા) | સુરત. |
| 12 | ખજુરભાઈ આઈસ ડીશ ગોલા | રંગીલા પાર્ક, ઘોડદોડ રોડ, સુરત |
| 13 | સોનલ ભેલ અને ફાસ્ટ-ફૂડ | દુકાન નંબર-47 OF, એવલોન ધ બિઝનેસ હબ, અંબા તલાવડી, કતારગામ, સુરત. |

**જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં 05, તા.04/04/2025**

સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બી(કનકપુર) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૪(પાલી-સચીન-કનસાડ), ફા.પ્લોટ નં.૧૪૨/૫, ઓ.પી નં.૧૪૨/૩ વાળી ખાડી પૈકીની સરકારી જમીન પર અસામાજીક તત્વો ધ્વારા કરવામાં આવેલ બિનઅધિકૃત કાચા-પાકા બાંધકામના દબાણો દુર કરવાની કાર્યવાહી કરવા સચીન જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશન ધ્વારા જણાવવામાં આવેલ. જે અન્વયે આજ રોજ તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ સચીન જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશનના સંકલનમાં રહી સદરહું ખાડી પૈકીની સરકારી જમીન પર અસામાજીક તત્વો ધ્વારા કરવામાં આવેલ બિનઅધિકૃત કાચા-પાકા બાંધકામોના દબાણો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે કામગીરી અન્વયે બિન અધિકૃત દબાણ હેઠળની આશરે ૨૬,૯૦૦ ચો.ફુટ જમીન ખુલ્લી કરવામાં આવેલ છે. સદર કામગીરીમાં સચીન જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશનનો પોલીસ સ્ટાફ, સુરત મહાનગરપાલિકાના અધિકારી/ સ્ટાફ, જરૂરી બેલદારી, ટ્રકો, જેસીબી, મશીન સહિત હાજર રહી કામગીરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ૦૬
તા.૦૪/૦૪/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બી(કનકપુર) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૪(પાલી-સચીન-કનસાડ), ફા.પ્લોટ નં.૧૪૨/૫, ઓ.પી નં.૧૪૨/૩ વાળી ખાડી પૈકીની સરકારી જમીન પર અસામાજીક તત્વો ધ્વારા કરવામાં આવેલ બિનઅધિકૃત કાચા-પાકા બાંધકામના દબાણો દુર કરવાની કાર્યવાહી કરવા સચીન જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશન ધ્વારા જણાવવામાં આવેલ. જે અન્વયે આજ રોજ તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ સચીન જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશનના સંકલનમાં રહી સદરહું ખાડી પૈકીની સરકારી જમીન પર અસામાજીક તત્વો ધ્વારા કરવામાં આવેલ બિનઅધિકૃત કાચા-પાકા બાંધકામોના દબાણો દુર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. જે કામગીરી અન્વયે બિન અધિકૃત દબાણ હેઠળની આશરે ૨૬,૯૦૦ ચો.ફુટ જમીન ખુલ્લી કરવામાં આવેલ છે. સદર કામગીરીમાં સચીન જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશનનો પોલીસ સ્ટાફ, સુરત મહાનગરપાલિકાના અધિકારી/ સ્ટાફ, જરૂરી બેલદારો, ટ્રકો, જેસીબી, મશીન સહિત હાજર રહી કામગીરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ૦૭

તા.૦૪/૦૪/૨૦૨૫

# પ્રેસનોટ

ધી પ્રોહીબીશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એકટ-૨૦૧૩ અને તે મુજબ રાજય સરકારશ્રીનાં આદેશાનુસાર તમામ ચીફ ઓફિસરશ્રી- નગરપાલિકાઓ મ્યુ.કમિશ્નરશ્રી- મહાનગરપાલિકાઓ તથા જિલ્લા કલેકટરશ્રી હસ્તકના ગટર સફાઈ તથા ખાળકુવા સફાઈ વિગેરેની કામગીરી દરમ્યાન ગટર ગુંગળામણથી વર્ષ ૧૯૯૩ થી આજદિન સુધીમાં ચાલુ ફરજ દરમ્યાન થયેલ સફાઈ કામદારોનાં થયેલા આકસ્મિક મૃત્યુ સંદર્ભે જે તે સમયે મેયર્સ ફંડ અને અન્ય યોજના હેઠળ આર્થિક સહાય આપવા ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટના કેસ નં.૫૮૩/ ૨003 તા.૨૭/03/૨૦૧૪ ના ચુકાદા મુજબ વર્ષ ૧૯૯૩ થી ગટર ગુંગણામણને કારણે મૃત્યુ પામેલ સફાઈ કામદારોના મૃત્યુના કેસમાં સફાઈ કામદારોના વારસદારોને રૂા.૧૦.00 લાખનું વળતર ચુકવવા આદેશ કરવામાં આવેલ. સદર બાબતે ભારત સરકારશ્રીનાં સફાઈ કામદારોની રાષ્ટ્રીય આયોગ અનુસુચિત જાતિ નવી દિલ્હી તથા નેશનલ સફાઈ કામદાર કર્મચારી ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોપોરેશન તેમજ ગુજરાત રાજય સફાઈ કામદાર વિકાસ નિગમ ગાંધીનગરના આ માટે નિર્દિષ્ટ થતા માર્ગદર્શક હુકમો મુજબ સુરત મહાનગરપાલિકાએ આ દિશામાં મૃતક પરિવારોના વારસદારોની ઓળખ કરી તેમને સમયસર આ સહાય મળે એ દિશામાં કાર્યવાહી હાથ ધરી હતી.

હાલમાં સુપ્રિમ કોર્ટના કેસ નં. ૫૮૩/૨003 તા. ૨૭/03/ ૨૦૧૪ ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ ધ્વારા હતી. rit Petition (Civil) No (S). 324/2020, Dr. Balramsingh Vs Union Of India & Ors. કેસમાં તા.૨૦/૧૦/૨૦૨૩ ના હુકમથી વળતરની રકમમાં વધારો કરીને રૂા.૩0.00 લાખ કરવામાં આવેલ છે.જે અન્વયે ગુજરાત સરકારશ્રી તરફથી અત્રે મળેલ લીસ્ટ મુજબ ૧૫૨ ગટર ગુંગળામણથી મૃત્યુ પામેલ મૃતકો પૈકી ૨૦ મૃતકોના સુરત શહેર હદ વિસ્તારમાં મૃત્યુ થયેલ હતા. જે પૈકી સ્વ.લક્ષ્મીબેનના વારસદારો (૧) સુરામોની ચંદ્રપ્પાને રૂા.૧૫.00 લાખનો અને (૨) સુરામોની ગોવિંદમ્માને રૂા.૧૫.00 લાખનો મળીને કુલ રૂા.૩0.00 લાખ (અંકે રૂપિયા ત્રીસ લાખ પુરા) નો ચેક વળતર પેટે આજરોજ તા.0૪/0૪/૨૦૨૫ ના રોજ

માન.મેયરશ્રી માન.ડે.મેયરશ્રી માન.નેતાશ્રી શાસક પક્ષ અને મેયર ફંડ સમિતિના સભ્યશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે માન.મેયરશ્રી માન.ડે.મેયરશ્રી માન.નેતાશ્રી શાસક પક્ષા અને મેયર ફંડ સમિતિના સભ્યશ્રી ધ્વારા મૃતકના પરિવારને સહાનુભુતિ પૂર્વક તેમની હાલની આર્થિક સ્થતિ કૌટુંબિક બાબત વિગેરેની પૃચ્છા કરી તેમને સાંત્વના આપી હતી તથા સરકારશ્રીની સદર યોજના હેઠળ તેમને આ સહાય આપવામાં આવી છે તે અંગેની તેઓને જાણ પણ કરી હતી. આમ સુરત મહાનગર પાલિકા ધ્વારા ધી પ્રોહીબીશન ઓફ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ઘેર રીહેબીલીટેશન એકટ-૨૦૧૩ અને સુપ્રિમ કોર્ટના કેસ નં. ૫૮૩/૨૦૦૩ તા.૨૭/૦૩/૨૦૧૪ ના ચુકાદા મુજબ ગટર સફાઈ તથા ખાળકુવા સફાઈ વિગેરેની કામગીરી દરમ્યાન સુરત મહાનગર પાલિકાની હદ વિસ્તારમાં મૃત્યુ પામેલ તમામ મૃતકોના વારસદારોને સહાય આપવાની કામગીરી ૧૦૦% પુર્ણ કરેલ છે. ગુજરાત રાજયમાં સહાય આપવાની કામગીરી ૧૦૦% પુર્ણ કરનાર એક માત્ર મહાનગરપાલિકા છે.

## જનસંપર્ક વિભાગ

**સુરત મહાનગર પાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં 08,**

**તા.04/04/2025**



.

# **પ્રેસનોટ**

**સેન્ટ્રલ ઝોનના (દક્ષિણ) વિસ્તારમાં તા.૦૯/૦૪/૨૦૨૫ ના બુધવારના રોજ સવારના સમયે અપાતો પાણી પુરવઠો આપી શકાય તેમ નથી તેમજ તા.૧૦/૦૪/૨૦૨૫ ના ગુરૂવારના રોજ ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે. જે અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ ઝોન (વરાછા) વિસ્તારમાં આવેલ ઉમરવાડા જળ વિતરણ મથક ખાતેથી ઓવરહેડ ટાંકીમાંથી નીચે ઉતરતી વરાછા ઝોન વિસ્તારમાં પાણી વિતરણ કરતી ૧૨૧૯ મી.મી. વ્યાસની એમ.એસ. લાઈન પર મુકવામાં આવેલ ૧૨૦૦ મી.મી. વ્યાસના બટર ફ્લાય વાલ્વમાં ફસાયેલ પડદો દુર કરવાની અગત્યની કામગીરી તા.૦૮/૦૪/૨૦૨૫ મંગળવારના રોજ રાત્રે ૧૧:૦૦ થી બીજા દિવસે એટલેકે તા.૦૯/૦૪/૨૦૨૫ બુધવારના રોજ સવારે ૧૨:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર હોય, તા.૦૯/૦૪/૨૦૨૫, બુધવારના રોજ સેન્ટ્રલ ઝોનના (દક્ષિણ) વિસ્તારમાં સવારના સમયે અપાતો પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા તા.૧૦/૦૪/૨૦૨૫, ગુરૂવારના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રામાં મળવાની શકયતાઓ રહેલ છે.

## **ઝોન મુજબ પાણી પુરવઠાને અસર થનાર વિસ્તારોની વિગત નીચે મુજબ છે.**

| અ. નં. | ઝોનનું નામ | નીચે દર્શાવેલ વિસ્તારોમા તા.૦૯/૦૪/૨૦૨૫, બુધવારના રોજ અપાતો પાણી પુરવઠો સદંતર બંધ રહેનાર છે. |
|---|---|---|
| ૧ | સેન્ટ્રલ ઝોન (દક્ષિણ વિભાગ) | સવારનો સપ્લાય :- (સવારે ૦ ૫:૦૦ થી ૦૮:૦૦) રાજમાર્ગથી દક્ષિણ તરફનો તમામ વિસ્તાર (બેગમપુરા, સલાબતપુરા, ગોપીપુરા, સગરામપુરા, નાનપુરા, રૂદરપુરા, સોની ફળીયા અને તેની આજુબાજુનો સમગ્ર વિસ્તાર.)<br>**રેલ્વે સ્ટેશન સુમુલ ડેરી** |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

સુરતમહાનગરપાલિકાતરફથી સાદર

સમાચાર યાદી નં. ૦૯

તા. ૦૫/૦૪/૨૦૨૫

# પ્રેસ નોટ

## સમર કેમ્પ - ૨૦૨૫

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આગામી શાળાના વેકેશન દરમ્યાન ૧૦ મે થી ૨૦ મે, ૨૦૨૫ સુધી સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર કેમ્પમાં ૨(બે) વયગ્રુપનો સમાવેશ કરવામાં આવશે.

## ગ્રુપ- એ - ૭ થી ૧૨ વર્ષનું વયગ્રુપ

| અ.નં. | વિષય | સમય | દિવસો | ફી |
|---|---|---|---|---|
| એ-૧ | પેપર આર્ટ, ફલાવર પોટ મેકીંગ, બેગ પેઈન્ટીંગ, વિગેરે | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૨:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૧૨૦૦/- |
| એ-૨ | રોબોટીકસ | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૧:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૧૫૦૦/- |
| એ-૩ | ડ્રોન | સવારે ૧૧:૦૦ થી સવારે ૧૨:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૪૦૦૦/- |
| એ-૪ | બેઝીક સાયન્સ:<br>ધ્વનિ, ચુંબકત્વ, પ્રકાશ અને ગ્રીન એનર્જી | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૨:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૧૫૦૦/- |

## ગ્રુપ-બી - ૧૩ થી ૧૭ વર્ષનું વયગ્રુપ

| અ.નં. | વિષય | સમય | દિવસો | ફી |
|---|---|---|---|---|
| બી-૧ | બેઝીક એસ્ટ્રોનોમી, ઓન હેન્ડ ટેલીસ્કોપ ટ્રેનીંગ, નો યોર પ્લેનેટ્સ, નો યોર ઝોડીયાક, ફેઝીસ ઓફ મુન, સીઝન્સ, ડે ટાઈમ એસ્ટ્રોનોમી, એસ્ટ્રોનોમી સોફટવેર, સન ઓબ્ઝર્વેશન | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૧:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૧૫૦૦/- |
| બી-૨ | બેઝીક ફીઝીકસ, પ્રયોગો, પેપર સર્કિટ (સિરીઝ, પેરેલલ, કોમ્પ્લેક્ષ) , હોલોગ્રામ, પેન્ડયુલમ વેવ, ન્યુટન્સ ક્રેડલ, મેકસવેલ વ્હીલ | સવારે ૧૦:૦૦ થી સવારે ૧૨:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૧૫૦૦/- |
| બી-૩ | એમ્બ્રોઈડરી, કવીલીંગ | બપોરે ૧:૦૦ થી બપોરે ૩:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૧૫૦૦/- |
| બી-૪ | આર્ટ (લીંપણ, વાર્લી, મંડાલા, મધુબની, હેન્ડ મેડ જવેલરી) | બપોરે ૧:૦૦ થી બપોરે ૩:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૧૫૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| બી-૫ | મોડેલ રોકેટ | સવારે ૧૦:૦૦ થી<br>સવારે ૧૨:૦૦ | ૦૪ દિવસ | રૂા. ૮૦૦/- |
| બી-૬ | રોબોટીકસ | સવારે ૧૦:૦૦ થી<br>સવારે ૧૧:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૧૫૦૦/- |
| બી-૭ | ડ્રોન | સવારે ૧૧:૦૦ થી<br>સવારે ૧૨:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૪૦૦૦/- |
| બી-૮ | ઈલેકટ્રોનીકસ:<br>બેઝીક ઈલેકટ્રોનીકસ સર્કીટ, પેપર સર્કીટ, ઈલેકટ્રીક મોટર, બેટરી, આર્ડીનો અને બેઝીક સેન્સર્સ | બપોરે ૧:૦૦ થી<br>બપોરે ૩:૦૦ | ૧૦ દિવસ | રૂા. ૧૫૦૦/- |

આ સમર કેમ્પ તારીખ ૧૦/૦૫/૨૦૨૫ થી ૨૦/૦૫/૨૦૨૫ સુધી કાર્યરત રહેશે. સમર કેમ્પમાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓ સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી તા.૦૫/૦૪/૨૦૨૫ થી ફોર્મ ડાઉનલોડ કરી શકશે તેમજ તા.૦૫/૦૪/૨૦૨૫થી (સોમવારનાં દિવસ સિવાય) સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક દરમ્યાન સાયન્સ સેન્ટર સુરત ખાતેથી ફોર્મ મેળવી શકશે. આ ફોર્મ ભરી તા.૦૧/૦૫/૨૦૨૫ સુધી (સોમવારનાં દિવસ સિવાય) સવારે ૧૦:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક દરમ્યાન સાયન્સ સેન્ટર, સુરત ખાતે જમા કરાવવાના રહેશે.

જન સંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર રવાના સમાચાર યાદી નં.૧૦

તા.૦૫/૦૪/૨૦૨૫

# <u>પ્રેસ નોટ</u>

**માહે માર્ચ ૨૦૨૫ સ્મીમેર હોસ્પીટલ સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટ્લમાં માહે માર્ચ ૨૦૨૫ દરમ્યાન ૫૮૯૫ ઇન્ડોર તથા ૫૬૯૯૧ આઉટ્ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી.૫૮૪૧ નાના તથા ૬૮૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા.૧૪૯૧૦ એક્ષ - રે પાડ્વામાં આવ્યા હતા.ટી.બી.નાં નવા ૧૧૮૦ અને જુના ૧૩૪૨ દર્દીઓ સહીત કુલ ૨૫૨૨ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૨૭૭ તથા આંખ વિભાગમાં ૩૧૪૫ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી વિભાગમાં કુલ ૧૬૪૩૩ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ.ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

જન સમ્પર્ક વિભાગ.

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.

સમાચાર યાદી નં.૧૧ તા. ૦૫/૦૪/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન
# <u>પ્રેસનોટ</u>

**(૧)** સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૩(ડુંભાલ), ફા.પ્લોટ. નં. ૨૩, એચ.ટી.સી-૨ માર્કેટની પૂર્વ દિશા તરફની કેનાલ રોડ પર આવેલ અંદાજીત ૭,૮૫૦ ચો.મી. જગ્યામાં કબ્જેદારો તરફથી જી.આઈ. શીટ તથા એમ. એસ. ચેનલની તેમજ ટેકા-પતરાવાળી ટેમ્પરરી દુકાન/ ગોડાઉનો કુલ ૭૬(છોતેર) નંગ સુરત મહાનગરપાલિકાની મંજુરી વગર બનાવેલ. સદર દુકાન/ગોડાઉનોમાં લાકડા ફર્નિચરની વસ્તુઓ ભેગી કરવી, કપડાના વેસ્ટ, જર્જરીત મકાનનો લાકડાનો સામાન, ઓટોમોબાઈલના ગેરેજ-કલર કરવાની દુકાન તરીકે વપરાશ કરવામાં આવી રહેલ, આવા પ્રકારની પ્રવૃત્તિને કારણે આગજનની ઘટના બનવાની શક્યતા રહેલ હોય, જાહેર જાન-માલની સુરક્ષાહેતુ અત્રેની કચેરીએથી તા.૨૨/૦૫/૨૦૨૩ થી નોટીસ પાઠવવામાં આવેલ તેમજ તા. ૨૩/૦૬/૨૦૨૩ તથા તા.૧૭/૦૧/૨૦૨૪ ના રોજ સ્થળ પર ડીમોલીશન કરી રૂ.૧,૦૦,૦૦૦/- ડીમોલીશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ. સદર જગ્યાના કબ્જેદારો તરફથી ટેમ્પરરી બાંધકામની પરવાનગી મેળવેલ ન હોવાથી અત્રેની કચેરીએથી તા.૦૪/૦૩/૨૦૨૫ થી નોટીસ આપી તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ દુકાન/ગોડાઉનોને સીલ કરવામાં આવેલ. કબ્જેદારો તરફથી લેખિતમાં બાંહેધરી પત્રક આપ્યા બાદ પણ ટેમ્પરરી સ્ટ્રકચરના બાંધકામની પરવાનગી અને ફાયર સેફ્ટીના ઉપકરણો સ્થળ પર પૂરા પાડવામાં/ઈન્સ્ટોલ કરવામાં ન આવેલ તેમજ ફાયર વિભાગ તરફથી પણ સદર ટેમ્પરરી સ્ટ્રકચરના કબ્જેદારો તરફથી ફાયર ઉપકરણો સ્થળ પર પૂરા પાડેલ ન હોવાનું અત્રેની કચેરીએ જણાવવાથી, અત્રેની કચેરીએથી પણ સદર ગેરકાયદેસર બાંધકામની પરવાનગી મેળવવાનું વારંવાર જણાવ્યા પછી પણ કબ્જેદારો તરફથી ટેમ્પરરી સ્ટ્રક્ચરના બાંધકામની પરવાનગી માટે કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા. આજરોજ તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ સદર તમામ ટેમ્પરરી ગોડાઉનના ડીમોલીશનની કામગીરી સાઉથ-ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા હાથ ધરી રૂ. ૧,૫૦,૦૦૦/- ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

**(૨)** સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ફા..ટી.પી.સ્કીમ નં.૦૭(આંજણા),ફા.પ્લોટ. નં. ૧૭૨ માં આવેલ શ્રી રામેશ્વર સોસાયટીમાં, ફા..ટી.પી.સ્કીમ નં.૦૭(આંજણા),ફા.પ્લોટ. નં. ૧૩૧ માં આવેલ સરસ્વતી ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં તેમજ ફા..ટી.પી.સ્કીમ નં.૦૭(આંજણા),ફા.પ્લોટ. નં. ૧૬૧ માં આવેલ નસરવંજી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક

સોસાયટીમાં મળી કુલ અંદાજે ૯૦૦.૦૦ ચો.મી. જગ્યામાં સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી વગરના અનઅધિકૃત ટેમ્પરરી સ્ટ્રક્ચર જેમાં પૂઠા, પ્લાસ્ટીક વેસ્ટના પતરાના શેડના ગોડાઉન કાર્યરત હતાં. જેનાં હિતસંબંધ ધરાવવનારને અત્રેની કચેરીએથી તા.૧૩/૦૨/૨૦૨૫ તેમજ તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ સદર ગેરકાયદેસર ટેમ્પરરી સ્ટ્રકચરના બાંધકામ દુર કરવા માટે નોટીસ પાઠવવામાં આવેલ. સદર ત્રણે લોકેશન પરના કુલ ૦૭(સાત) ટેમ્પરરી ગોડાઉનના ડીમોલીશનના ડીમોલીશનની કામગીરી આજરોજ તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ સદર તમામ ટેમ્પરરી ગોડાઉનના ડીમોલીશનની કામગીરી સાઉથ-ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા હાથ ધરી રૂ. ૨૫,૦૦૦/- ડીમોલીશન ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

ઝોન વિસ્તારમાં અન્ય સ્થળ પર આવા પ્રકારના જોખમી, જાન-માલનું હિત સચવાતું ન હોય તેવા ટેમ્પરરી બાંધકામો સામે ઉક્ત મુજબની ઝુંબેશ હવે પછીના દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવનાર છે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ૦૪ જુની./આસી ઇજનેર, ૦૫ ટેક.આસી. તેમજ ૩૫(પાંત્રીસ) જેટલા બેલદારો, ૦૨ સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૧૨**
**તા.૦૫/૦૪/૨૦૨૫**









| | સુરત મહાનગરપાલિકા<br>જાહેર આરોગ્ય વિભાગ<br>માર્કેટ ખાતુ | | |
|---|---|---|---|

# પ્રેસનોટ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઇસમો/ સંસ્થાઓને જણાવવાનું કે, સ્થાયી સમિતિના ઠરાવ નં.૬૮૬/૨૦૨૫ તા.૦૪/૦૪/૨૦૨૫ થી વિદિત થઇ, Jain International Trade Organization, Surat દ્વારા સુરત શહેરમાં વિશ્વ કલ્યાણ અને વિશ્વ શાંતિ અર્થે વિશ્વ નવકાર મહામંત્ર દિવસના સુરત ખાતેના તા. ૦૯/૦૪/૨૦૨૫ ના રોજના ધાર્મિક કાર્યક્રમ નિમિતે સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાનાઓ સદંતર બંધ રાખવાનું તથા સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં માંસ-મચ્છી- મટનની દુકાનો સદંતર બંધ રાખવાનું તેમજ જીવતા પશુ-પક્ષીઓની કતલ અને વેચાણ પર સંપુર્ણ પ્રતિબંધ મુકવાનું ઠરાવેલ હોય સદર દિવસે સુરત મહાનગરપાલિકા સંચાલિત સલાબતપુરા કતલખાનું અને રાંદેર કતલખાનું બંધ રહેશે તેમજ સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારમાં માંસ-મચ્છી- મટનની દુકાનો સદંતર બંધ રાખવાનું તેમજ જીવતા પશુ-પક્ષીઓની કતલ અને વેચાણ પર સંપુર્ણ પ્રતિબંધ મુકવામાં આવે છે. જેની નોંધ આ વ્યવસાય સાથે સંકળાયેલ તમામ ઇસમો/ સંસ્થાઓએ લેવી.

આ નોટીસમાં આપેલ સુચનાનો ભંગ કરવા બદલ જે તે ઇસમો/ સંસ્થાઓ સામે ધી બી.પી.એમ.સી. એકટ અને બોમ્બે પોલીસ એકટની વિવિધ જોગવાઇઓ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સમાચારયાદી નં.૧૩

તા.૦૭/૦૪/૨૦૨૫

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન
## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ પ્રિ.ટી.પી સ્કીમ નંબર-૪૧(ડીંડોલી), માં વિવિધ સ્થળોએ મંજુરી વગર મિલ્કતદારો/કબ્જેદારો દ્વારા વાણીજ્ય હેતુસરના એમ. એસ. ચેનલ તેમજ ટેકા-પતરાવાળી ટેમ્પરરી દુકાન/ ગોડાઉનમાં લાકડા ફર્નિચરની વસ્તુઓ, કાગળના પુઠા, પ્લાસ્ટીક વેસ્ટ, કાપડના ટુકડા(ચીંદી વેસ્ટ), ભંગાર તથા અન્ય જ્વલનશીલ વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવી રહેલ, આવા પ્રકારની પ્રવૃત્તિને કારણે આગજનની ઘટના બનવાની શક્યતા રહેલ હોય, જાહેર જાન-માલની સુરક્ષા હેતુ અત્રેની કચેરીએથી તા.૩૧/૦૧/૨૦૨૫ તેમજ તા.૨૦/03/૨૦૨૫ ના રોજ નોટીસ પાઠવેલ. પરંતુ નોટીસ આપ્યા બાદ પણ ટેમ્પરરી સ્ટ્રક્ચરના બાંધકામની પરવાનગી તેમજ ફાયર એન.ઓ.સી પણ મેળવેલ ન હોય, આજ રોજ તા. ૦૭/૦૪/૨૦૨૫ ના રોજ સદર કુલ-૦૭ (સાત) એકમોને સીલ કરવાની કામગીરી સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

ઝોન વિસ્તારમાં અન્ય સ્થળ પર આવા પ્રકારના જોખમી, જાન-માલનું હિત સચવાતું ન હોય તેવા ટેમ્પરરી બાંધકામો સામે ઉક્ત મુજબની ઝુંબેશ હવે પછીના દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવનાર છે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના 03 જુની./આસી ઇજનેર, ૦૫ ટેક.આસી. તેમજ ૨૫(પચ્ચીસ) જેટલા બેલદારો, ૦૨ સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૧૪**
**તા.૦૭/૦૪/૨૦૨૫**





# પ્રે સ નો ટ

પ્રિમોનસુન કાર્ગીરીને ધ્યાને લઇ ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારના જુદા જુદા ઝોનમાં આવેલ પાણીપુરીનું ઉત્પાદન કરી વેચાણ કરતી સંસ્થાઓની તા.07/04/2025 ના રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સઘન સ્થળ તપાસ કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | ઝોનનું નામ | ચેક કરેલ સંસ્થા | આપેલ નોટીસ | નાશ કરેલ જથ્થો (કિ.ગ્રામમાં) | નાશ કરેલ જથ્થો (રૂપિયામાં) | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|
| 1 | સેન્ટ્રલ ઝોન | 21 | 16 | 82 | 5475 | 8250 |
| 3 | ઉધના ઝોન-એ | 24 | 23 | 286 | 19600 | 18200 |
| કુલ | | **45** | **39** | **368** | **25075** | **26450** |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા

તરફથી સાદર

સમાચાર યાદી નં. 15

તા.07/04/2025

સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

**માન. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે વેસુ ખાતે પ્રાકૃતિક કૃષિ બજારનો શુભારંભ***

**------**

***સૂરતીઓને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોની ખરીદી કરવાનો અનુરોધ કરતા રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી***

**----**

***સુરત જિલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો ફળ-શાકભાજી અને અન્ય ખેત પેદાશોનું સપ્તાહમાં બે દિવસ; દર બુધવાર અને રવિવારે વેચાણ કરશેઃ***

**------**

***સુરત મહાનગરપાલિકા તથા સુરત જિલ્લા પંચાયતની વિશ્વ આરોગ્ય દિવસે આગવી પહેલઃ***

**------**

***પ્રાકૃતિક કૃષિબજારના કોન્સેપ્ટથી ખેડૂતો પ્રાકૃતિક કૃષિ પેદાશોને સીધું વેચાણ કરી શકશે***

**--------**

ખેડૂતો અને વપરાશકર્તાઓને અત્યંત લાભદાયી એવી પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા ખેડુતોને બજાર વ્યવસ્થા ઉપલબ્ધ થાય તેવા આશયથી સુરત જિલ્લા વહીવટીતંત્ર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે સુરત શહેરના વેસુ ખાતે પ્રાકૃતિક કૃષિ બજારનો શુભારંભ થયો છે. પ્રાકૃતિક કૃષિ માટે મિશન મોડ માં કામ કરી રહેલા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે આજે પ્રાકૃતિક કૃષિ બજાર ખુલ્લું મુકાયું હતું.વેસુની એસ.ડી.જૈન કોલેજની બાજુમાં પ્રાકૃતિક કૃષિ બજાર શરૂ કરવામાં આવ્યું છે. જ્યાં સુરત જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પૈકીના ૭૦થી વધુ ખેડૂતો પોતાના ઉત્પાદનોના વેચાણ માટે આવ્યા હતા. ખેડૂતો અહીં દર બુધવાર અને રવિવારે સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી શ્રેષ્ઠ અને સ્વાસ્થ્યપ્રદ ગુણવત્તાવાળા અને કેમિકલમુક્ત શાકભાજી, ફળ, કઠોળ અને અનાજનું વેચાણ કરશે.રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ આ અવસરે જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે મિશન મોડ પર કાર્ય થઈ રહ્યું છે. તેમણે ખેડુતોના પ્રાકૃતિક ખેત ઉત્પાદનોની વેચાણ વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે માટે સુરત મહાનગરપાલિકા અને સુરત જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવેલા આ ઉમદા કાર્યને બિરદાવ્યું હતું.રાજય સરકાર છેલ્લા કેટલાક વર્ષોથી લોકોના સ્વાસ્થ્ય, ધરતીની ફળદ્રુપતા તેમજ પર્યાવરણના સંરક્ષણ માટે કાર્ય કરી રહી છે. જે માટે પ્રાકૃતિક ખેતી એકમાત્ર ઉકેલ છે, એમ કહીને તેમણે જણાવ્યું હતું કે, આજે નવા નવા રોગોનું પ્રમાણ વધ્યું છે. કેન્સર, ડાયાબિટીસ, નાના બાળકોમાં હાર્ટ એટેક

જેવી ગંભીર બિમારીઓ વધી રહી છે. ખેતીમાં રાસાયણિક ખાતરો, પેસ્ટીસાઈડસના બેફામ ઉપયોગથી ખોરાકમાં ઝેરનું પ્રમાણ વધ્યું છે. લોકોના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે પ્રાકૃતિક ખેતી એકમાત્ર ઉપાય છે. તેમણે પ્રાકૃતિક ખેતી કરીને ઉપભોકતાઓના સ્વાસ્થ્ય અને પર્યાવરણના જતનમાં સહયોગ કરવા અનુરોધ કર્યો હતો.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ દર બુધવારે અને રવિવારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડુતો વેચાણ માટે આવે ત્યારે સુરતીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રાકૃતિક ખેત ઉત્પાદનોની ખરીદી કરવાનો અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, લોકો જેટલા નાણા હોસ્પિટલમાં ખર્ચ કરે છે તે નાણાનો ઉપયોગ પ્રાકૃતિક ખેતપેદાશોની ખરીદીમાં કરશે તો બિમારી આવશે જ નહી. શરીર નિરોગી અને સ્વસ્થરહેશે.

તેમણે કહ્યું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં પ્રાકૃતિક ખેતી મિશનને રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન બનાવીને દેશના બજેટમાં રૂા.૧૪૮૧ કરોડની જોગવાઇ કરી છે. જેનાથી સમગ્ર દેશમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન મિશન મોડમાં ચાલશે.ઉલ્લેખનીય છે કે, સુરત જિલ્લા પંચાયત તથા સુરત મહાનગરપાલિકાની આ પહેલ અંતર્ગત ખેડૂતો તેમની પ્રાકૃતિક કૃષિ પેદાશોને સીધા જ બજારમાં વેચી શકશે, જેનાથી તેમને ખેત ઉત્પાદનોના સારા ભાવ મળશે અને આવકમાં વધારો થશે. આ ઉપરાંત, શહેરી વિસ્તારોના લોકોને પણ ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રાકૃતિક કૃષિ પેદાશો વાજબી કિંમતે મેળવવા માટે સરળતા થશે જેનાથી સ્વાસ્થ્યની જાળવણી થશે.

આ પ્રસંગે માન.મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, જિલ્લા પંચાયત પ્રમુખ માન. શ્રીમતી ભાવિનીબેન પટેલ, માન.જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી, માન.મ્યુ.કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, માન. જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતિ શિવાની ગોયલ, માન. પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગેહલોત, માન.ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ, માન.જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ ભાવેશભાઈ પટેલ માન. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી સતીષ ગામીત, માન.જિલ્લાના આત્માના પ્રોજેકટ ડાયરેકટશ્રી એન.જી.ગામીત, માન.કોર્પોરેટરો સહિતના પદાધિકારીઓ- અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. 16

તા.07/04/2025

# પ્રે સ નો ટ

પ્રિમોનસુન કામગીરીને ધ્યાને લઇ ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારના જુદા જુદા ઝોનમાં આવેલ પાણીપુરીનું ઉત્પાદન કરી વેચાણ કરતી સંસ્થાઓની તા.08/04/2025 ના રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સઘન સ્થળ તપાસ કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | ઝોનનું નામ | વિસ્તાર | ચેક કરેલ સંસ્થા | આપેલ નોટીસ | નાશ કરેલ જથ્થો (કિ.ગ્રામાં) | નાશ કરેલ જથ્થો (રૂપિયામાં) | વસુલ કરેલ વહીવટી ખર્ચ (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સેન્ટ્રલ ઝોન | નાનપુરા અને રૂદરપુરા, લાપસીવાલા ની ચાલ, સુરત | 14 | 8 | 8 | 850 | 3800 |
| 2 | લિંબાયત ઝોન | રઝા નગર, ઉમરવાડા-2, સુરત | 1 | 1 | 15 | 1500 | 2000 |
| 3 | ઉધના ઝોન-એ | લક્ષ્મીનગર અને શિવનગર, વડીદ, સુરત | 8 | 3 | 140 | 9800 | 500 |
| 4 | રાંદેર ઝોન | પાલનપુર ગામ, ઉગત, વરીયાવ | 9 | 8 | 19 | 1500 | 4500 |
| 5 | વરાછા ઝોન | વલ્લભ નગર, પુણાગામ, સુરત | 21 | 19 | 110 | 7920 | 3500 |
| | | દિવાળી નગર, કૃષ્ણ નગર, સિમાડા ગામ, સુરત | 19 | 12 | 160 | 12000 | 9500 |
| **કુલ** | | | **72** | **51** | **452** | **33570** | **23800** |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 17
તા.08/04/2025

**સુરત મહાનગરપાલિકા**

સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

**<u>પ્રેસનોટ</u>**

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ફા.ટી.પી સ્કીમ નંબર-૦૭ (આંજણા), ૦૮(ઉમરવાડા)માં વિવિધ સ્થળોએ મંજુરી વગર મિલ્કતદારો/ કબ્જેદારો દ્વારા વાણીજ્ય હેતુસરના એમ. એસ. ચેનલ તેમજ ટેકા-પતરાવાળી ટેમ્પરરી દુકાન/ ગોડાઉનમાં લાકડા ફર્નિચરની વસ્તુઓ, કાગળના પુઠા, પ્લાસ્ટીક વેસ્ટ, કાપડના ટુકડા(ચીંદી વેસ્ટ), ભંગાર તથા અન્ય જ્વલનશીલ વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવી રહેલ, આવા પ્રકારની પ્રવૃત્તિને કારણે આગજનની ઘટના બનવાની શક્યતા રહેલ હોય, જાહેર જાન-માલની સુરક્ષા હેતુ અત્રેની કચેરીએથી તા.૨૧/૧૨/૨૦૨૪, તા.૧૩/૦૨/૨૦૨૫, તા.૨૪/૦૨/૨૦૨૫ તેમજ તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ નોટીસ પાઠવેલ. પરંતુ નોટીસ આપ્યા બાદ પણ ટેમ્પરરી સ્ટ્રક્ચરના બાંધકામની પરવાનગી મેળવેલ ન હોય, આજ રોજ તા. ૦૯/૦૪/૨૦૨૫ ના રોજ સદર કુલ-૧૮ (અઢાર) ટેમ્પરરી સ્ટ્રક્ચર સીલ કરવાની કામગીરી સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી ઉપરાંત ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૨(ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ) માં નોટીસ આપ્યા બાદ પણ ટેમ્પરરી સ્ટ્રક્ચરના બાંધકામની પરવાનગી મેળવેલ ન હોય, આજ રોજ તા. ૦૯/૦૪/૨૦૨૫ ના રોજ સદર કુલ-૦૪ (ચાર) ટેમ્પરરી સ્ટ્રક્ચર દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કામગીરી દરમ્યાન સ્ટ્રક્ચર ડીમોલીશનનું માલ-મટીરીયલ જમા લેવામાં આવેલ છે.

ઝોન વિસ્તારમાં અન્ય સ્થળ પર આવા પ્રકારના જોખમી, જાન-માલનું હિત સચવાતું ન હોય તેવા ટેમ્પરરી બાંધકામો સામે ઉક્ત મુજબની ઝુંબેશ હવે પછીના દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવનાર છે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ૦૨ આસી/જુની. ઇજનેર, ૦૨ ટેક.આસી. તેમજ ૨૦(વીસ) જેટલા બેલદારો, ૦૪ સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૧૮**
**તા.૦૯/૦૪/૨૦૨૫**

:: પ્રેસનોટ ::

સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા,હરિઃૐ આશ્રમ પ્રેરિત
શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા,હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા નીચે પત્રકમાં જણાવેલ સ્થળે યોજવામાં આવનાર છે.

| અ.નં. | સ્પર્ધાનું સ્થળ | ભાગ લેનાર ઝોનના વિધ્યાર્થીઓ | તારીખ અને વાર | સમય |
|---|---|---|---|---|
| ૧ | ડી.આર.બી. કોલેજની સામે,નેસ્ટ હાઉસની નજીક,ન્યુ સીટીલાઇટ,અલથાણ,સુરત અથવા અનુકૂળ સ્થળે | અઠવા ઝોન,રાંદેર ઝોન, સેન્ટ્રલ ઝોન,ઉધના ઝોન-એ, ઉધના ઝોન-બી (કનકપુર-કનસાડ) | ૦૪/૦૫/૨૦૨૫ રવિવાર | સવારે ૮.૩૦ |
| ૨ | મ્યુનિ. મહારાણા પ્રતાપ(ચોપાટી) ગાર્ડનની બાજુમાં,વરાછા વોટર વર્કસની બાજુમાં,કાપોદ્રા,સુરત અથવા અનુકૂળ સ્થળે | કતારગામ ઝોન,વરાછા ઝોન(એ), વરાછા(સરથાણા) ઝોન(બી), લિંબાયત ઝોન | ૦૬/૦૫/૨૦૨૫ મંગળવાર | સવારે ૮.૩૦ |

ઉપરોકત બાળતરણ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારના ૯ થી ૧૩ વર્ષની વયના બાળ તરણવીરો (છોકરા-છોકરીઓ) ભાગ લઇ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સુરત મહાનગરપાલિકાના સ્પોર્ટસ સેલ,સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૧૮,ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,મુગલીસરા,સુરત ખાતેથી તા.૨૨/૦૪/૨૦૨૫ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી તા.૨૫/૦૪/૨૦૨૫ સુધીમાં પ્રવેશ ફોર્મ સાથે આધારકાર્ડની પ્રમાણિત નકલ,ડોકટરનું ફીટનેસ સર્ટીફિકેટ તથા વાલીની લેખિત સંમતિ સહિત સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૧૮,સ્પોર્ટસ સેલ,મુગલીસરા,સુરત ખાતે પરત કરવાના રહેશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની **www.suratmunicipal.gov.in/information/news**પરથી પણ સ્પર્ધાના પ્રવેશ ફોર્મ,નિયમો અંગેની માહિતી મળી શકશે.

જનસંપર્ક વિભાગ
સુરતમહાનગરપાલિકાતરફથી સાદર
સમાચારયાદી નં.૧૯
તા.૦૯/૦૪/૨૦૨૫

## :: પ્રેસનોટ ::

# ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ ઉજવણી

"ભારતીય બંધારણ"ના ઘડવૈયા તથા "ભારત રત્ન" ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૪મી એપ્રિલ-૨૦૨૫ને સોમવારના રોજ સવારે ૮.00 કલાકે માનદરવાજા, રીંગરોડ, સુરત ખાતે ડૉ. બાબાસાહેબ આંબેડકરને સુતરાંજલિ સહ વંદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. "સમતા"ના સિધ્ધાંત પર વિશ્વશાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ દેશના પ્રથમ કાયદામંત્રી વિદ્વાન કાયદાશાસ્ત્રી-અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઈતિહાસવિદ, પ્રખરવકતા-લેખક એવા મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડકરને સુતરાંજલિ સહ વંદના કાર્યક્રમમાં પધારવા નગરજનોને નિમંત્રણ છે.

સમાચારયાદી નં.૨૦, તા.૧૧/૦૪/૨૦૨૫, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# <u>પ્રેસનોટ</u>

## સુરતમહાનગરપાલિકા

## વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટ

સુરતમહાનગરપાલિકાનાઝોનવિસ્તારમાં ૧૧૪ મંદિરોતથાફુલ માર્કેટમાંથીદૈનિક અંદાજે ૧૫૦૦કિ.ગ્રા.ફલાવર વેસ્ટનું કલેકશનકરવામાં આવે છે. એકત્રીતથયેલ ફલાવર વેસ્ટ સુરતમહાનગરપાલિકાધ્વારા સેન્ટ્રલ ઝોનતથાનોર્થઝોનખાતે કાર્યરતવર્મી કમ્પોસ્ટ પ્લાન્ટખાતે મોકલીઆપી,કમ્પોસ્ટબનાવવામાં આવે છે. જેની પ્રક્રિયાનીચે મુજબ છે.

**(૧) કલેકશન અને સેગ્રીગેશનઃ–**

વર્મી કંમ્પોસ્ટ પ્લાન્ટખાતે આવતા ફૂલોના વેસ્ટમાંથી પ્લાસ્ટિકઝભલા, દૂધનીકોથળીઓ,બોટલો,માટલીઓ,દિવાઓવિગેરે સેગ્રીગેટ કરીઅલગકરવામાં આવે છે.

**(૨) પ્રિ–કમ્પોસ્ટિંગઃ–**

સેગ્રીગેટ કરેલા ફૂલાના વેસ્ટને છાણ સાથે મીક્ષ (૬૦% ગ્રીન વેસ્ટ + ૪૦ % છાણ)વર્મી કંમ્પોસ્ટ પ્લાન્ટનાપ્રથમ બેડ(પ્રિ કમ્પોસ્ટીંગ બેડ)માં અંદાજીત ૩૫દિવસ સુધી રાખવામાં આવે છે. આ બેડની ઉપર શેડ કરવામાં આવેલ છે, જેથી સુર્યના સીધાકિરણો–ગરમીથીરક્ષણ મળી રહે. સમયાંતરે છાણમિશ્રિત ફૂલોના આ વેસ્ટ ઉપરજરૂરીયાતને અનુરૂપ પાણીનો છંટકાવકરવામાં આવે છે. અંદાજીત ૩૫દિવસ બાદછાણમિશ્રિત ફૂલોકમ્પોસ્ટ / સડીને અળસિયાને ખાવાલાયક થયેથીઅન્ય બેડમાં (કમ્પોસ્ટીંગ બેડ)ટ્રાન્સફરકરવામાં આવે છે.

**(૩) વર્મી કમ્પોસ્ટિંગઃ–**

પ્રિ કમ્પોસ્ટીંગ બેડમાંથી ટ્રાન્સફરકરેલ વેસ્ટને આ બેડમાં લાવી, તેમાં અળસિયાછોડવામાં આવે છે. અળસિયા આ વેસ્ટનોખોરાકતરીકે ઉપયોગકરે છે અને મળદ્વારાઉત્તમપ્રકારનું કુદરતીખાતર તૈયારકરે છે. આ પ્રક્રિયામાં પણ અંદાજીત ૩૫ દિવસનો સમય લાગે છે. આ બેડની ઉપર પણ શેડ કરવામાં આવેલ છે, જેથી સુર્યના સીધાકિરણો–ગરમીથી અળસિયાને રક્ષણ મળી રહે.

**(૪) અળસિયાનું તૈયારખાતર અને પેકેર્જીંગઃ–**

પ્રિ–કમ્પોસ્ટીંગ ના ૩૫ દિવસ અને વર્મી કમ્પોસ્ટિંગના ૩૫ દિવસ બાદ એટલે અંદાજીત ૭૦ દિવસ બાદ તૈયાર થયેલા વર્મી કમ્પોસ્ટિંગને ચાળીને તેમાંથી અળસિયાઅલગકરી,બાકીરહેતાખાતરને

કોથળામાં ભરી, સુરતમહાનગરપાલિકાનાગાર્ડનવિભાગમારફતે, મહાનગરપાલિકાનાઅલગ–અલગગાર્ડનમાં તેનો ખાતરતરીકે ઉપયોગકરવામાં આવે છે. ફલાવરવેસ્ટનાકુલ જથ્થામાંથીઅંદાજે ૧૦–૧૫% કમ્પોસ્ટપ્રાપ્તથાય છે.

**(૫) ફાયદા:–**

- ધાર્મિક સ્થળોમાંથીનિકળનો ફૂલોનો વેસ્ટ નદી–નાળા–નહેરમાં નિકાલ થતોઅટકાવી,પાણીને એટલા અંશે પ્રદુષિત થતું અટકાવીશકાય છે.
- ફૂલોના વેસ્ટનોધાર્મિક લાગણી દુભાયનહિ, તે રીતે યોગ્યનિકાલ કરી, અંતે પ્રકૃતિને અનુકુળ ઉત્તમ કુદરતીખાતર / વર્મી કમ્પોસ્ટ પ્રાપ્ત થાય છે.
- વર્મી કમ્પોસ્ટનોઉપયોગ સુરતમહાનગરપાલિકાનાગાર્ડનોમાં ખાતરતરીકે ઉપયોગથતોહોય, મહાનગરપાલિકાને આર્થિકફાયદો પણ થાય છે.

::::::::::::::::::::

**જનસંપર્ક વિભાગ**

**સુરતમહાનગરપાલિકાતરફથી સાદર**

**સમાચારયાદી નં. ૨૧ તા.૧૧/૦૪/૨૦૨૫**

Collection




Segretation



Window Preparation for Compost




Sieving of Ready Compost



**સુરત મહાનગરપાલિકા**
**પ્રેસનોટ**

**આજરોજ માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય શ્રી સી.આર.પાટીલના વરદહસ્તે**
**૦૯ નગર પ્રા.શા.ના ભવનોનુ ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવ્યુ.**

**સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળાના ૦૯ ભવનોના નિર્માણથી**
**ગુજરાતી,હિન્દી, ઉર્દૂ, ઉડિયા માઘ્યમમાં કુલ ૫૩૮૧ વિદ્યાર્થીઓ શિક્ષણની સુવિધાનો લાભ મેળવશે.**

આજરોજ માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય શ્રી સી.આર.પાટીલના વરદહસ્તે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સમગ્ર શિક્ષા વિભાગ અંતર્ગત અંદાજિત રૂ.૪૨.૦૬ કરોડના ખર્ચે વિવિધ સાકારિત થનાર કુલ –૧૪ પ્રાથમિક શાળાઓના ૦૯ ભવનોનુ ખાતમુહૂર્ત તથા ડિજિટલ તકતીની અનાવરણવિધિ શાળા નં. ૧૧/૧૨,કાપડિયા હેલ્થ કલબની પાછળ ,અંબાનગર, સુરત ખાતેથી કરવામાં આવી.

જેમાં ઉધના–એ ઝોનમાં બી.આર.સી.સામે વિકાસ કોલોની ઉધના,સુરત ખાતે ડૉ. રાજેન્દ્ર પ્રસાદ પ્રા.શા નં.૨૦૪ અને પંડિત મદનમોહન માલવિયા પ્રા.શા નં.૨૦૫ની, ઉધના–બી ઝોનમાં ઉધના બી ઝોન ઓફિસની સામે,ગુજરાત હાઉસીંગ બોર્ડ,કનકપુર,સુરત ખાતે કનકપુર હિન્દી પ્રા.શા નં.૩૬૯ અને કનકપુર ઉડિયા પ્રા.શા નં.૩૭૦,લિંબાયત ઝોનમાં કોળીવાડ ફળિયું,મુ.પો. કુંભારિયા, સુરત ખાતે કુંભારિયા પ્રા.શા.નં.૩૬૪– અને જનાબ દાગ દેહલવી પ્રા. શા. નં.૨૬૯ તથા મ્યુ. ટેનામેન્ટ પાસે,ડુંભાલ,સુરત ખાતે સંત તુલસીદાસ પ્રા.શા.નં.૧૬૯, અઠવા ઝોન વિસ્તારમાં પીપલોદ ગામતળ, સુરત ખાતે શ્રી વાસુદેવ સ્માર્ત પ્રા.શા. નં.૪ અને કાપડિયા હેલ્થ સેન્ટર પાછળ,અંબાનગર,સુરત ખાતે શ્રી દિવાન બહાદુર રણછોડલાલ માણેકલાલ ગાંધી પ્રા.શા. નં.૧૧ અને રામકૃષ્ણ પરમહંસ પ્રા.શા. નં.૧૨ , રાંદેર ઝોનમાં ભિક્ષુક ગૃહની સામે,વોર્ડ ઓફિસની બાજુમાં,રામનગર,રાંદેર રોડ ,સુરત ખાતે શ્રી ઠાકોરભાઈ મિસ્ત્રી પ્રા.શા. નં.૧૬૭ અને ભગિની નિવેદિતા પ્રા.શા.નં.૧૬૮ તેમજ નિશાળ મહોલ્લો, મુ.પો.ભાઠા,સુરત ખાતે ભાઠા પ્રા.શા. નં.૩૯૨ અને સડક મહોલ્લો,મુ.પો. ઈચ્છાપોર,સુરત ખાતે ઈચ્છાપોર –૧ પ્રા.શા. નં.૩૯૩ સહિતની કુલ ૯ પ્રાથમિક શાળા ભવનનો સમાવેશ થાય છે. સદર પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી,હિન્દી, ઉર્દૂ, ઉડિયા માધ્યમમાં શિક્ષણની સુવિધા તથા ૨૪૧ ઓરડા સાકારિત થવાથી અંદાજિત કુલ ૫૩૮૧ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધા પ્રાપ્ત થશે.

સદર કાર્યક્રમમાં માન. મંત્રી રમતગમત અને યુવક સેવા, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ,વાહનવ્યવહાર, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ,નાગરિક સંરક્ષણ, જેલ,સરહદી સુરક્ષા(તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ હાઉસીંગ,ઉદ્યોગ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ (રા.ક) શ્રી હર્ષભાઈ સંઘવી, માન.મંત્રી સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા, માન. સંસદસભ્ય શ્રી મુકેશભાઈ દલાલ, માન.મેયર દક્ષેશ માવાણી , માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્ય શ્રી મનુભાઈ પટેલ, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્રભાઈ પાટીલ,માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. દંડક શ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા,માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન.નગર પ્રાથમિક સમિતિના અધ્યક્ષ તથા સદસ્યશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારી,કર્મચારીઓ તથા અન્ય મહાનુભવો મળી બહોળી સંખ્યામાં લોકો સહભાગી બન્યા હતા.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૨૨ ,તા.૧૩/૦૪/૨૦૨૫**









## પ્રેસ નોટ
## નોર્થઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકાના નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ મિલ્કતો નાં ગેરકાયદેસર ડ્રેનેજ લાઈનનાં કનેકશન સુરત મહાનગર પાલિકાની મુખ્ય ડ્રેનેજ લાઈનમાં કરવામાં આવેલ હોય જે બાબતે મિલ્કતદારશ્રીઓને નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે મિલ્કત/યુનિટ ધારકો દ્વારા કાયદેસર ગટર જોડાણ અંગેની કાર્યવાહી ન કર્યેથી નોટીસનો સમયગાળો પૂરો થતાં મોજે-કુલપાડા, રે.સ. નં.૧૩૬/૩, ૧૩૬/૪ માં આવેલ બબરીક ઇન્ડસ્ટીયલ એસ્ટેટ સોસાયટીમાં આવેલ ૬૦ (સાઠ) મિલ્કતો/યુનિટોનાં ડ્રેનેજનાં ગેરકાયદેસર જોડાણ સીલ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મે.એડી.સીટી ઇજનેરશ્રીની સૂચનાથી કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ ડ્રેનેજ વિભાગના ૦૩ જૂની./આસી.ઇજનેર, ૦૪ સુપરવાઈઝર/ટેક.આસી. તેમજ કડિયા પાર્ટીની મદદથી સદર કામગીરી પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૨૫
તા. ૧૫/૦૪/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા

વાહક જન્ય રોગનિયંત્રણ  વિભાગ, મુખ્યકચેરી

અખબારી યાદી

**સુરત મહાનગરપાલિકાનાં વી.બી.ડી.સી  વિભાગ દ્વારા ડ્રોન ટેકનોલોજીની મદદથી તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૧૪/૦૪/૨૦૨૫ દરમ્યાન મચ્છરનાં  નિયંત્રણ માટે તમામ ઝોન ખાતે ખાડી, ખેતર, ખુલ્લા પ્લોટો, નહેરમાં માનવબળ પહોચી ન શકે તેવા  વિસ્તારોમાં  ડ્રોન  દ્વારા  જંતુનાશક દવાના છંટકાવની  કામગીરી કરવામાં આવેલ છે.**

સુરત મહાનગરપાલિકાનાં વી.બી.ડી.સી  વિભાગ દ્વારા મચ્છરો તેમજ મચ્છરજન્ય રોગોનાં  નિયંત્રણ માટે તમામ ઝોનમાં ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો શુભારંભ કરેલ છે તમામ ઝોનમાં આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ(AI), મશીન લર્નિંગ(ML)નાં સોફ્ટવેર આધારીત પ્રોગ્રામ મુજબ મચ્છરનાં ઉત્પતિ સ્થાનો શોધી તેની ઇમેજ કલાઉડ-બેઝ પ્લેટફોર્મ પર મોકલે છે અને તેના આધારે ગ્રાઉન્ડ ટીમો જે તે સ્થળે પહોંચી મચ્છરોનાં ઉત્પત્તિ સ્થાનો નાબુદ કરવાની કામગીરી કરે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા  તમામ ઝોનમાં તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૧૪/૦૪/૨૦૨૫ દરમ્યાન  ખાડી, ખેતર, ખુલ્લા પ્લોટો, નહેર વિસ્તારોમાં  અંદાજીત ૯૧ કલાક ૧૦  મિનીટનાં સમયગાળા  દરમ્યાન, ૭૪.૭૫ **Kg** બેકટીસાઇડ પાવડર અને ૫.૦૦ લીટર બેકટીસાઇડ તથા  ૨.૨૩૫ **ml** અબેટ પોરાનાશક દવાનો ઉપયોગ કરી અંદાજીત ૭૬,૧૭,૧૭૪ ચો.મીટર વિસ્તારમાં માનવબળ પહોચી ન શકે તેવા સ્થળોએ  ડ્રોન  દ્વારા  જંતુનાશક દવાના  છંટકાવની  કામગીરી કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા<br>
સમાચાર યાદી નં. ૨૬<br>
તા.૧૬-૦૪-૨૦૨૫






67


JCB
DEF







# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ફા.ટી.પી સ્કીમ નંબર-૩૭(ઉધના-લિંબાયત) અને મોજે ઉધનામાં વિવિધ સ્થળોએ મંજુરી વગર મિલ્કતદારો/ કબ્જેદારો દ્વારા વાણીજ્ય હેતુસરના એમ. એસ. ચેનલ તેમજ ટેકા-પતરાવાળી ટેમ્પરરી દુકાન/ ગોડાઉનમાં લાકડા ફર્નિચરની વસ્તુઓ, કાગળના પુઠા, પ્લાસ્ટીક વેસ્ટ, કાપડના ટુકડા(ચીંદી વેસ્ટ), ભંગાર તથા અન્ય જ્વલનશીલ વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવી રહેલ, આવા પ્રકારની પ્રવૃત્તિને કારણે આગજનની ઘટના બનવાની શક્યતા રહેલ હોય, જાહેર જાન-માલની સુરક્ષા હેતુ અત્રેની કચેરીએથી તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ નોટીસ પાઠવેલ. પરંતુ નોટીસ આપ્યા બાદ પણ ટેમ્પરરી સ્ટ્રક્ચરના બાંધકામની પરવાનગી મેળવેલ ન હોય, આજ રોજ તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ સદર કુલ-૧૮ (અઢાર) ટેમ્પરરી સ્ટ્રક્ચર સીલ મારવામાં આવેલ તથા જાહેર રસ્તા ઉપર બનાવવામાં આવેલ અંદાજીત ૫૦.૦૦ ચો.મી. પતરાના શેડ દુર કરવાની કામગીરી સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી ઉપરાંત ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૨(ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ) માં નોટીસ આપ્યા બાદ પણ ટેમ્પરરી સ્ટ્રક્ચરના બાંધકામની પરવાનગી મેળવેલ ન હોય, આજ રોજ તા. ૧૭/૦૪/૨૦૨૫ ના રોજ સદર કુલ-૦૧ (એક) ટેમ્પરરી સ્ટ્રક્ચર દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કામગીરી દરમ્યાન સ્ટ્રક્ચર ડીમોલીશનનું માલ-મટીરીયલ જમા લેવામાં આવેલ છે.

ઝોન વિસ્તારમાં અન્ય સ્થળ પર આવા પ્રકારના જોખમી, જાન-માલનું હિત સચવાતું ન હોય તેવા ટેમ્પરરી બાંધકામો સામે ઉક્ત મુજબની ઝુંબેશ હવે પછીના દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવનાર છે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ૦૨ આસી/જુની. ઇજનેર, ૦૪ ટેક.આસી. તેમજ ૧૫(વીસ) જેટલા બેલદારો, ૦૪ સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

# --::<u>પ્રેસનોટ</u>::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળ તા.૧૭/૦૪/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪, કલમ–૬(અ અને બ) અને કલમ–૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિ થાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા.૧૭/૦૪/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાં કુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, **સેન્ટ્રલ** ઝોનમાં કુલ ઇસમો ૨૦ અને કુલ રુપિયા ૪૦૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦ **વરાછા–એ** ઝોનમાં કુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, **વરાછા–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦, **ઉધના–એ** ઝોનમાં કુલ ઇસમો ૨૨ અને કુલ રુપિયા ૪૪૦૦, **ઉધના–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૩ અને કુલ રુપિયા ૨૬૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૪ અને કુલ રુપિયા ૨૮૦૦, **લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૧૪ અને કુલ રુપિયા ૨૮૦૦ સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીનેકુલ ઇસમો ૧૫૨ પાસે કુલ ૩૦,૪૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૨૮
તા.૧૭/૦૪/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા
વાહક જન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

**વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે ૧૫/૦૪/૨૫ થી ૧૭/૦૪/૨૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ ૧૯૪૩ હોસ્પિટલો, લેબોરેટરી અને કલીનીક સર્વે કરાતા ૬૮૫૭ સ્પોટ ચેક કરી ૫૯૫ નકામા ટાયર, ડબ્બા, કાટમાળ, ભંગારને દુર કરવામાં આવ્યા તેમજ ૨૪ બ્રિડીંગ મળી આવતા ૨૫ નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ અને ૧૦,૬૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.**

સેન્ટ્રલ ઝોનમાં ૬૭ હોસ્પિટલો, લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતાં કુલ ૮ બ્રિડીંગ મળેલ જે પૈકી ૬ ઇસમોને નોટીસ અપાતા આયુષ હોસ્પિટલમાં ૧૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. વેસ્ટ ઝોનમાં ૨૧૦ હોસ્પિટલો, લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતા કુલ ૪ બ્રિડીંગ મળેલ જે પૈકી ૯ ઇસમોને નોટીસ અપવામાં આવેલ છે. સાઉથ-એ ઝોનમાં ૧૫૦ હોસ્પિટલો, લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતાં કુલ ૨ બ્રિડીંગ મળેલ જે પૈકી ૪ ઇસમોને નોટીસ અપાતા અંબિકા કલીનીક ૧૦૦/-, ભેસ્તાન કેર હોસ્પિટલ ૧૦૦૦/- કુલ મળી ૧૧૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. સાઉથ-બી ઝોનમાં ૧૧૪ હોસ્પિટલો, લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતાં કુલ ૧ બ્રિડીંગ મળેલ જે પૈકી ૧ ઇસમોને નોટીસ અપવામાં આવેલ છે. સાઉથ-ઇસ્ટ ઝોનમાં ૪૬૬ હોસ્પિટલો, લેબોરેટરી અને કલીનીકો સર્વે કરવામાં આવેલ છે. સાઉથ-વેસ્ટ ઝોનમાં ૧૪૨ હોસ્પિટલો, લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતાં કુલ ૩ બ્રિડીંગ મળેલ જે પૈકી ૨ ઇસમોને નોટીસ અપાતા પહલ લેબ ૫૦૦૦/-, સિધ્ધી કિલનીક ૩૦૦૦/- કુલ મળી ૮૦૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. નોર્થ ઝોનમાં ૨૦૧ હોસ્પિટલો, લેબોરેટરી અને કલીનીકો સર્વે કરવામાં આવેલ છે. ઇસ્ટ-એ ઝોનમાં ૩૫૦ હોસ્પિટલો, લેબોરેટરી અને કલીનીકો સર્વે દરમ્યાન ૧ ઇસમોને નોટીસ આપવામાં આવેલ છે. ઇસ્ટ-બી ઝોનમાં ૨૪૩ હોસ્પિટલો, લેબોરેટરી અને કલીનીકો સર્વે કરાતાં કુલ ૬ બ્રિડીંગ મળેલ જે પૈકી ૨ ઇસમોને નોટીસ અપવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા સમાચાર યાદી નં.૨૯ તા.૧૭-૦૪-૨૦૨૫











પી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ ના શીડ્યુલ-અ-ચેપ્ટર-૧૪ના રૂલ-૧૫(૨)(૩) મુજબ નોટીસ

સુરત મ્યુનિ. કોર્પોરેશનના આસીસ્ટન્ટ/જંતુનાશક અધિકારી તરફથી તમો શ્રી ________________

રહેવાસી ______ 513 ______ નાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, તમો સુરત મ્યુનિ. કોર્પોરેશન હદમાં આવેલ સ્થળ ______ ની જમીન / ઈમારત / જગ્યાના માલિક / પટે રાખનાર / ભોગવટો કરનાર છો. તમારી સદર જમીન / ઈમારત / જગ્યા ઉપર નીચે મુજબનો ઉપદ્રવ માલુમ પડે છે.

ઉપર મુજબનું કૃત્ય/કસુર તમારા તરફથી અથવા તમારી ગર્ભિત સંમતિથી થઈને ઉપદ્રવ થતો હોય / થયો હોય / ચાલુ હોય / થવાનો સંભવ હોય, આ નોટીસ થકી તમોને ફરમાવવામાં આવે છે કે, નીચે સુચવ્યા મુજબ દિન ______ 7 ______ ની મુદતની અંદર એવાં પગલાં લઈને અને એવું કામ કરીને ઉપદ્રવ દૂર કરવો / બંધ કરવો તથા તેની જાણ નિયત સમય મર્યાદામાં નીચે સહી કરનારને લેખિતમાં કરવી.

ઉપર મુજબમાં ફરમાનનો અનાદર કરવામાં આવશે તો મુદત વિત્યે તમારી સામે પી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ની જોગવાઈ અનુસાર કાયદેસરની કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

તારીખ 16/ 5 /2025
સુરત

આસી. જંતુનાશક અધિકારી
................................ ઝોન
સુરત મહાનગરપાલિકા



## સુરત મહાનગરપાલિકા દ્વારા નવા સમાવિષ્ટ ભાટપોર વિસ્તારમાં ડ્રેનેજના પ્રકલ્પો માટે ક્ષે. ૪૬૩.૦૫ ચો.મી. સરકારી જમીનનો કબ્જો મેળવવામાં આવ્યો.

સુરત મહાનગરપાલિકાના તા.૧૮-૦૬-૨૦૨૦ ના હદ વિસ્તરણ અન્વયે નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી રાંદેર ઝોન હેઠળના નવા સમાવિષ્ટ ભાઠા, ભાટપોર, ઇચ્છાપોર ગામોમાં ડ્રેનેજ સુવિધા પૂરી પાડવા નવા પ્રકલ્પોના નિર્માણ હેતુ "મશીનહોલ પમ્પીંગ સ્ટેશન" બનાવવાના આયોજન અર્થે **ભાટપોર ગામતળ, સી.સ.નં. ૨૪૯, ૨૫૦, ૨૫૧ મળી કુલ ક્ષે. ૪૬૩.૦૫ ચો.મી. જમીન** સુરત મહાનગરપાલિકાને ફાળવવા ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા માન.કલેકટરશ્રી પાસે સદર જમીનની માંગણીની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે માન. કમિશનરશ્રી દ્વારા માન.કલેકટરશ્રી, સુરત તથા સંબંધિત સરકારી વિભાગો સાથે વખતો વખતની મીટીગ યોજી નિયમિત ફોલોઅપ લેવામા આવેલ છે. જેના પરિણામ સ્વરૂપે સરકારશ્રી હસ્તકની ભાટપોર ગામતળ, સી.સ.નં. ૨૪૯, ૨૫૦, ૨૫૧ મળી કુલ ક્ષે. ૪૬૩.૦૫ ચો.મી. જમીનનો કબ્જો સુરત મહાનગરપાલિકાને સોપવા માટે માન.કલેકટરશ્રી, સુરત ધ્વારા તા.૧૭/૦૩/૨૦૨૫ થી હુકમ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને સિનીયર સર્વેયરશ્રી, સીટી સર્વે ઓફિસ-૨, સુરત ધ્વારા તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ પ્રશ્નવાળી જમીનનો સ્થળ પર પ્રત્યક્ષ કબ્જો સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગ, ડ્રેનેજ વિભાગ તથા રાંદેર ઝોનને સુપ્રત કરવામાં આવેલ છે.

ભાટપોર ગામતળ, સી.સ.નં. ૨૪૯, ૨૫૦, ૨૫૧ મળી કુલ ક્ષે. ૪૬૩.૦૫ ચો.મી. જમીન માટે નામ.સરકારશ્રીના નિતિનિયમો અનુસારની ફી સરકારશ્રીની તિજોરીમાં ભરપાઈ કરી, જમીનનો કબજો મેળવવામાં આવેલ છે. સદર જમીનની બજારના ભાવ પ્રમાણે અંદાજીત કિમત પચાસ લાખ થવા પામે છે.

ભાટપોર ગામતળ, સી.સ.નં. ૨૪૯, ૨૫૦, ૨૫૧ મળી કુલ ક્ષે. ૪૬૩.૦૫ ચો.મી. જમીનમાં ૫.૪૯ એમ.એલ.ડી. ક્ષમતાનું મશીનહોલ પમ્પીંગ સ્ટેશન બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે, જેનો કેચમેન્ટ વિસ્તાર અંદાજીત ૧૦૩.૬૫ હેક્ટર જેટલો થશે. સદર પ્રકલ્પથી ભાટપોર અને તેની આજુબાજુના વિસ્તારમાંથી મલીન જળના નિકાલ માટે સુઆયોજિત માળખાકીય સુવિધા પ્રસ્થાપિત કરી જાહેર જનતા માટે સુવિધા પુરી પાડી શકાશે. જેથી સુરત શહેરમાં નવા સમાવિષ્ટ ભાટપોર વિસ્તારની જાહેર જનતાની સુખાકારીમાં વૃદ્ધિ થશે.

સુરત મહાનગરપાલિકા

હાઈડ્રોલિક વિભાગ

## પ્રેસનોટ

### નોર્થ ઝોન (કતારગામ)ના કોસાડ, છાપરાભાઠા તથા અમરોલી વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા/ ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશા કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઈડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ કોસાડ વિસ્તાર ખાતે આવેલ ઓવરહેડ ટાંકી ESR E-4 ની બાયપાસ નળીકા પર મરામત-નિભાવની કામગીરી તેમજ E-POINT જળ વિતરણમથક ખાતેની ૧૩૯ લાખ લિટર ક્ષમતાની અન્ડરગ્રાઉન્ડ ટાંકી (UGSR) સફાઈની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, જે કામગીરીના આયોજને તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ સંલગ્ન ટાંકીઓ જેવી કે, ESR E-1,E-3, E-4, E-5, E-6 નેટવર્ક હેઠળના નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો મળે તેમ નથી અને તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ અંશત: મળે/ ઓછા પ્રેશરથી મળે તેમ હોય જે જાણમાં લેવા જોગ છે.

| અનું નં. | ઓવરહેડ ટાંકીનું નામ /ટાંકીનું સ્થળ | વિસ્તારોના નામો |
|---|---|---|
| ૧ | E-1 (રજવાડી ડ્રેનેજ પંપીંગ સ્ટેશન પાસે) | પાન સરોવર સર્કલથી અમરોલી ચાર રસ્તા સુધીનો વિસ્તાર, અમરોલી ગામતળનો વિસ્તાર, છાપરાભાઠા મેઈન રોડની ડાબી તથા જમણી બાજુનો વિસ્તાર |
| ૨ | E-3 (માલધારી વસાહત પાસે) | છાપરાભાઠા-અમરોલી મેઈન રોડની ડાબી તથા જમણી બાજુને લાગુ સોસાયટી વિસ્તાર, ગુજરાત હાઉસીંગ બોર્ડ તથા તેની આજુબાજુનો સોસાયટી વિસ્તાર, છાપરાભાઠા ગામતળ વિસ્તાર. |
| ૩ | E-4 (શ્રી રામ ચોકડી પાસે) | માલધારી વસાહત, બાપા સીતારામ ચાર રસ્તા થી છાપરાભાઠા ખાડી સુધીનો ડાબી બાજુનો સોસાયટી વિસ્તાર. |
| ૪ | E-5 (કોસાડ આવાસ) | કોસાડ આવાસ H1 & H2 નો સમગ્ર વિસ્તાર. |
| ૫ | E-6 ( કોસાડ આવાસ) | કોસાડ આવાસ H3, H4, H5 નો સમગ્ર વિસ્તાર. |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૩૧ તા.૧૯/૦૪/૨૦૨૫

# પ્રે સ નો ટ

આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ પ્રિમોંસુન કામગીરીને ધ્યાનમાં લઈ સુરત શહેર વિસ્તારમાં આવેલ સંસ્થાઓની તા.૦૩/૦૪/૨૦૨૫ નાં રોજ ફુડ વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી કુલ–૧૩ સંસ્થાઓમાંથી આઇસ ડીશ, આઇસ ગોળા અને ક્રીમના કુલ–૧૮ નમૂનાઓ લઈ પૃથ્થકરણ સારૂં પબ્લીક હેલ્થ લેબોરેટરી, સુરત મહાનગરપાલિકા ખાતે મોકલી આપવામાં આવેલ હતા, જે પૈકીનાં કુલ-૦૪ નમુનાઓ ધારા ધોરણ મુજબના માલુમ પડેલ નથી, જેથી નીચે જણાવેલ સંસ્થા/ઈસમો સામે એડજયુડીકેટીંગ ઓફીસર/મ્યુનિસિપાલ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરવામાં આવશે. વધુમાં સદર સંસ્થાઓમાંથી આશરે ૩૫ કિ.ગ્રા./ લિટર સીરપ અને ક્રીમનો નાશ કરવામાં આવેલ છે.

| ક્રમ | સંસ્થાનું નામ | સંસ્થાનુ સરનામું | કારણ |
|---|---|---|---|
| ૧ | શ્રીજી એન્ટરપ્રાઇઝ (જય ભવાની ડ્રાયફ્રુટ ડીશ ગોલા) | દુકાન નંબર-5 અને 6, સૂર્યોદય કોમ્પ્લેક્સ, અડાજણ, સુરત. | Cadbury Syrup ના ધારાધોરણ પ્રમાણે સ્ટાન્ડર્ડ યોગ્ય નથી.<br><br>૧. Benzoates મા Max 600mg/kg ધારાધોરણ હોવી જોઇએ. જે સેમ્પલમા વધારે જણાયેલ છે.<br><br>૨. Synthetic colours Carmoisine મા Max 200 mg/kg ધારાધોરણ હોવી જોઇએ. જે સેમ્પલમા વધારે જણાયેલ છે.<br><br>3. Synthetic colours Tartazine મા Max 200 mg/kg ધારાધોરણ હોવી જોઇએ. જે સેમ્પલમા વધારે જણાયેલ છે. |
| ૨ | રજવાડી મલાઈ ગોલા | દુકાન નં.14, રોયલ રેસીડેન્સી બી, આનંદ મહેલ રોડ, સુરત. | Chocolate Syrup ના ધારાધોરણ પ્રમાણે સ્ટાન્ડર્ડ યોગ્ય નથી.<br><br>૧. Synthetic colours Tartazine મા Max 200 mg/kg ધારાધોરણ હોવી જોઇએ. જે સેમ્પલમા વધારે જણાયેલ છે. |

| | | | |
|---|---|---|---|
| ૩ | શ્રી ખોડિયાર લાઈવ ભજીયા હાઉસ અને આઈસ ડીશ | દુકાન નં.1, ફૂડ કોર્ટ, કેનાલ પાથ વે, વીઆઈપી રોડ, વેસુ, સુરત. | Pineapple syrup ના ધારાધોરણ પ્રમાણે સ્ટાન્ડર્ડ યોગ્ય નથી.<br>૧. Synthetic colours Tartazine મા Max 200 mg/kg ધારાધોરણ હોવી જોઇએ. જે સેમ્પલમા વધારે જણાયેલ છે. |
| ૪ | રેન્સન માર્કેટિંગ | દુકાન નં-4, સરગમ કો.ઓપ. ઘર. સોસી, હીરાબાગ, વરાછા, સુરત. | Pineapple syrup ના ધારાધોરણ પ્રમાણે સ્ટાન્ડર્ડ યોગ્ય નથી.<br>૧. Benzoates મા Max 600 mg/kg ધારાધોરણ હોવી જોઇએ. જે સેમ્પલમા વધારે જણાયેલ છે. |

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં . ૩૨

તા.૧૯/૦૪/૨૦૨૫

## સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત)

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા ના સાઉથ ઇસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૧(પરવટ-ગોડાદરા) માં આવેલ મહારાણા પ્રતાપ સોસાયટીમાં ઝાડા-ઉલ્ટીનાં કેસ બાબતે તા.૧૭/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ માહિતી અન્વયે ઝોન કચેરીના આરોગ્ય વિભાગ, ડ્રેનેજ વિભાગ અને પાણી વિભાગ દ્વારા તાકીદના ધોરણે સંયુક્ત કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર સોસાયટીમાં તા.૧૭/૦૪/૨૦૨૫ થી તા.૨૨/૦૪/૨૦૨૫ દરમ્યાન પાણીના સપ્લાય દરમ્યાન ૭૫ થી વધુ પાણીના સેમ્પલો લેવામાં આવેલ. જેની ચકાસણી સુરત મહાનગરપાલિકાની લેબોરેટરી ખાતે કરાવવામાં આવેલ. જે પૈકી સદર સોસાયટીના પ્લોટ નંબર ૫૧ અને ૧૦૦ ના રીપોર્ટ અનફીટ આવેલ જ્યારે બાકીના સેમ્પલના રીપોર્ટ ફીટ આવેલ. ઉક્ત પ્લોટ નં. ૫૧ અને ૧૦૦ ના પાણીના નળ કનેક્શન પાણી વિભાગ દ્વારા મુખ્ય નળીકા ઉપરથી ચેક કરતા કનેક્શન લીકેજ હોવાનુ જણાયેલ નથી. ત્યારબાદ સદર પ્લોટ નં ૫૧ અને ૧૦૦ ના ફરીથી પાણીના સેમ્પલ લઇ ચકાસણી કરતા જેના રીપોર્ટ ફીટ આવેલ છે. વધુમાં તકેદારીના ભાગ રૂપે પાણી વિભાગ દ્વારા સોસાયટીમાં પ્રવેશતી લાઇન પર વાલ્વ બેસાડી લાઇન ફ્લસીંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. તદઉપરાંત સદર સોસાયટીમાં સુરત મહાનગપાલિકા દ્વારા આપવામાં આવતા ટેંકરના પાણીના સેમ્પલ પણ ચકાસણી કરતા રીપોર્ટ ફીટ આવેલ છે. આજરોજ સદર સોસાયટીમાં ૨-૩ ઝાડાના સામાન્ય કેસ નોંધાયેલ છે કોઇ ગંભીર ઝાડા-ઉલ્ટીના કેસ નોધાયેલ નથી. આજરોજ લેવામાં આવેલ સેમ્પલ ના આવનાર રીઝલ્ટના આધારે ઝોન કચેરીની ત્રણેય ટીમો દ્વારા સઘન અને ઘનિશ્ઠ કામગીરી આવનાર દિવસોમાં હાથ ધરવામાં આવનાર છે. અત્યાર સુધીમાં હોસ્પીટલમાં એડમિટ કરવામાં આવેલ ૧૬ વ્યક્તિઓ પૈકી ૧૩ વ્યક્તિઓને રજા આપવામાં આવેલ છે જ્યારે ૦૩ વ્યક્તિઓ સ્ટેબલ છે. આરોગ્ય વિભાગની વિવિધ ટીમ સતત કાર્યરત છે. આજદીન સુધી ૩૫૦૦ ક્લોરીન ટેબલેટ, ૪૦૦૦ ઓ.આર.એસ પેકેટનુ વિતરણ કરવામાં આવેલ છે. પાણી વિભાગના ૦૨ આસી./જુની. ઇજનેર, ૦૧ સુપરવાઇઝર, ૦૧ ટેક.આસી, ૦૨ ફીટર તથા બેલદારની ૦૨ તથા ઇજારદારની ૦૧ ટીમ જે.સી.બી મશીન સાથે તથા પાણી ના ટેંકર સહીત સતત કાર્યરત છે. ડ્રેનેજ વિભાગ દ્વારા પણ મશીન હોલ તથા ગટર લાઇનની ડીસીલ્ટીંગ-સફાઇની કામગીરી સુઅર જેટીંગ તથા ગલ્ફર મશીન થી ૦૨ ટીમો દ્વારા કરવામાં આવે છે.

સદર કામગીરી  સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોનનાં માન.ડે.કમિશનર શ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેર શ્રી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી ના નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ છે.

**જન સંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફ થી સાદર સમાચાર યાદી નં. ૩૩**

**તા.૨૪-૦૪-૨૦૨૫**

-:: પ્રેસનોટ ::-

હીટ એક્શન પ્લાન લોન્ચ અને કેપેસીટી બિલ્ડીંગ વર્કશોપ

આજરોજ તા. ૨૪ એપ્રિલ ૨૦૨૫ ના રોજ ગુજરાત રાજ્યના ૦૩ અલગ -અલગ સ્થળે જેમકે સુરત શહેર, જુનાગઢ અને પાલનપોર ખાતે ગુજરાત ના ૧૦ શહેર ( સુરત , નવસારી ,વલસાડ,જુનાગઢ, ભાવનગર, રાધનપુર, પાટણ,ભુજ, પાલનપુર, અને ઇડર) નો સમાવેશ થાય છે. ગુજરાત સરકારશ્રી ના ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ (GSDMA) દ્વારા Council on Energy, Environment and Water -Delhi ની મદદથી ૧૦ શેરો ના હીટ એક્શન પ્લાન બનાવવામાં આવેલ છે જેનું લોન્ચિંગ આજરોજ સુરત મહાનગરપાલિકા અને GSDMA ના સંકલન માં રહી ગેલેક્ષી હોટલ , પાલ ,સુરત ખાતે સુરત ,નવસારી, અને વલસાડ શહેરના હીટ એક્શન પ્લાન નું લોન્ચિંગ કરવામાં આવેલ છે.

સદર લોન્ચિંગ દરમિયાન સુરત મહાનગરપાલિકા ના ડે.કમિશ્નર શ્રી , ઈ.ચા.એડી.સીટી ઈજનેર શ્રી (સિવિલ), ચીફ ફાયર ઓફિસર શ્રી , GSDMA નિયામકશ્રી (ફાયનાન્સ) , GSDMA સેક્ટર મેનેજર શ્રી , તથા Council on Energy, Environment and Water -Delhi થી ડૉ. વિશ્વાસ ખાસ ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગ દરમિયાન સુરત ,નવસારી અને વલસાડ વહીવટી તંત્ર ના અધિકારીશ્રી ઓ અંદાજે ૬૦ જેટલા ઉપસ્થિત રહેલ હતા.

હીટ એક્શન પ્લાનમાં ૧૦ શહેરોના હીટ વેવને સંબંધિત માઈક્રો ઝોનેશન કરી કયા વિસ્તારોમાં સૌથી વધારે ગરમીની શક્યતાઓ રહેલી છે તેના પર ચકાસણી કરવામાં આવેલ છે. અલગ -અલગ વિભાગની માનદ કાર્યપદ્ધતિ શું હોઈ શકે છે અને કેવા કેવા માલસામાન - સુવીધાઓની હીટ વેવ દરમિયાન જરૂર પડી શકે છે તેનાથી માહિતગાર કરવામાં આવેલ છે.

આ હીટ એક્શન પ્લાન દ્વારા પ્રવર્તમાન ઉનાળા દરમિયાન સૌથી વધુ અસર પામનાર વ્યક્તિઓને ઓળખી અને તેમના સ્વાસ્થ્ય પર થતી અસરોને ઘટાડવા સંપૂર્ણ પ્રયાસ કરાયેલ છે તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા નવી બનેલ નવસારી મહાનગરપાલિકા, તેમજ વલસાડ નગર પાલિકા ને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું.

જન સંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર......

સમાચાર યાદી નંબર..૩૪ તા.૨૪/૦૪/૨૦૨૫

<u>સુરત મહાનગર પાલિકા</u>

<u>વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ,મુખ્યકચેરી</u>

<u>અખબારી યાદી</u>

# <u>વિશ્વ મેલેરિયા દિન ૨૫ એપ્રિલ</u>

સમગ્ર વિશ્વમાં આજે **<u>૨૫ એપ્રિલને વિશ્વ મેલેરિયા દિન</u>** તરીકે ઉજવવામાં આવે છે સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિશ્વ મેલેરિયા દિવસ ઉજવણી થીમ " **Malaria Ends with us : Reinvest, Reimagine, Reignite "** ર્ના અનુલક્ષીને તા.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ <u>"વર્લ્ડ મેલેરીયા ડે "</u> ઉજવણી કરવામાં આવેલ હતી જેમાં વીબીડીસી વિભાગ દ્વારા વિવિધ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને શહેરી આરોગ્ય કેન્દ્ર પરથી **કોર્પોરેશનનાં પદાધિકારીઓ કોર્પોરેટરો સામાજીક આગેવાનો તથા ઝોનના નાયબ આરોગ્ય અધિકારી મેડિકલ ઓફિસરો અને વીબીડીસી વિભાગના સ્ટાફ દ્વારા દરેક ઝોનમાં એક એમ કુલ ૯ (નવ) સ્થળોએ મહારેલીનું આયોજન કરવામાં આવેલ** તેમજ મચ્છરજન્યરોગની જાણકારી આપવા પ્રદર્શન શિબીરો ગોઠવી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ હતું **જેમાં આશરે ૧૮૭૬૪ લોકોએ ભાગ લીધેલ હતો** તેમજ જનજાગૃતિ માટે શહેરનાં વિવિધ વિસ્તારોમાં લોકોની મહત્તમ અવરજવરવાળા જાહેર સ્થળોએ આરોગ્યકેન્દ્ર ઝોન ઓફિસ ટ્રાફિક સર્કલ પર સરકારી ઇમારતો વિગેરે પર મચ્છરજન્યરોગોથી બચવાના ઉપાયો તેમજ રોગની જાણકારી માટે **બેનરો તેમજ જુદાં જુદાં ઝોનમાં લગાવવામાં આવેલ LED- આઉટ ડોર ડિસ્પ્લે સ્ક્રીન દ્વારા મેલેરિયા વિષે માહિતી આપવામાં આવી હતી.**

સાઉથ-વેસ્ટ(અઠવા) ઝોન ધ્વારા લોકોમાં જાગૃતિ આવે તે **હેતુથી રાજહંસ બિલ્ડર ગ્રુપનાં રાજહંસ ક્રેમોના બિલ્ડીંગનાં બેન્કવેટ હોલ ખાતે એક વર્કશોપ/આઇ.ઇ.સી કાર્યક્રમ રાખવામાં આવેલ જેમાં નાયબ આરોગ્ય અધિકારી (અઠવા ઝોન) નાયબ આરોગ્ય અધિકારી(સર્વેલન્સ) ઇ.ચા.જંતુનાશક અધિકારી એડી.જંતુનાશક અધિકારી ઝોનનાં આસી.જંતુનાશક અધિકારી વેસુ સામુહિક આરોગ્ય કેન્દ્રનાં મેડિકલ ઓફિસર તેમજ સા-વેસ્ટ (અઠવા)ઝોન અને વીબીડીસી મુખ્ય કચેરીનો સ્ટાફ હાજર રહેલ જેઓ ધ્વારા રાજહંસ ગ્રુપનાં ઓર્ગેનાઇઝર તથા રાજહંસ ગ્રૂપનાં આશરે ૧૦૦ જેટલા એન્જીંનીયરોલ કોન્ટ્રાકટરો પ્રોજેકટ મેનેજર તથા સેફટી મેનેજરો** મેલેરિયા/ડેંગ્યુ જેવા રોગોની અટકાયતી માટે બાંધકામોમાં રાખવા જોગ તકેદારી માટેની સમજણ આપવામાં આવેલ હતી.

સમગ્ર શહેરમાં આજ રોજ ઝુંબેશનાં ભાગરૂપે ડ્રાય ડે ની કામગીરી કરવામાં આવી હતી જેમાં .......

- **૫૮૨૩૦** ઘરોમાંથી **૧૭૦૭૭૧** બ્રિડીંગસ્પોટનો સર્વે કરી ૫૯૨ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.
- આરોગ્ય રક્ષણ સંબંધી **૧૮૯** નોટિસ આપવામાં આવી અને **૯૬** ઇસમો પાસેથી રૂ. **૨૪૦૭૦૦/-** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.
- **૩૨૮** બાંધકામ ચેક કરવામાં આવ્યા.
- **૪૨૭૨૭** કંટેનરોને ટેમીફોસ ટ્રીટમેન્ટ આપવામાં આવી. **૧૧૪૩** નકામા કંટેનરોનો નિકાલ કરવામાં આવ્યો.
- ૯ સ્થળોએ રેલીનું આયોજન કરવામાં આવેલ
- **૨૬૩૫** વ્યકિતઓના લોહીના નમુના લેવામાં આવ્યા.
- કુલ **૧૭૯** સ્થળોએ **૧૮૬૬૪** વ્યકિતઓને આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવ્યું તેમજ પેમ્ફલેટ નું વિતરણ કરવામાં આવ્યું.
- **૧૨૨** સ્ટીકર જાહેર સ્થળોએ લગાવવામાં આવ્યા.

જનસંપર્ક વિભાગ

સમાચાર યાદી નં. ૩૫

તા. ૨૫-૪-૨૦૨૫


વિશ્વ મેલેરિયા દિવસ
૨૫ એપ્રિલ
સુરત મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગ



# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ</u>

-

સુરત મહાનગરપાલિકાના આરોગ્યવિભાગના રાત્રી રાઉન્ડ દરમ્યાન શહેરના વિવિધ વિસ્તારમાં મોડી રાત સુધી ચાલતા પાન-ગલ્લા તથા ચાની લારીઓ દ્વારા ન્યુસન્સ થતું હોવાનું ધ્યાને આવેલ જે અન્વયે નાયબ આરોગ્ય અધિકારીશ્રીઓને ઝોનમાં રાત્રી ન્યુસન્સ ડિટેકશન સ્કવોડની ટીમતાકીદે બનાવી. ઝોનમાં મોડી રાત સુધી શહેરમાં ચાલતા પાન-ગલ્લા તથા ચાની લારીઓ દ્વારાકરવામાં આવતીગંદકી બાબતે ધનિષ્ઠ ઝુંબેશ હાથ ધરવા જણાવેલ.ઝુંબેશ દરમ્યાન સંસ્થાને સુકા અને ભીના કચરા માટે અલગ અલગ ડસ્તબીન રાખવા તથા લારી ગલ્લા પર આવતા વ્યક્તિઓને કચરો કચરાપેટીમાં નાખવા તેમજ જાહેર રોડ રસ્તાઓ પર ગંદકી ના કરવા બાબતેઆરોગ્ય શિક્ષણ આપી સ્વચ્છતામાં શહેરને સાથ સહકાર આપવા સુચના આપવા જણાવેલ.

ન્યુસન્સ ડીટેકશન સ્કવોડમોડી રાત સુધી ચાલતા લારી-ગલ્લા વાળા વિસ્તાર જેવા કે સેન્ટ્રલ ઝોનના રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, સિનેમા રોડ, દિલ્હી ગેટ, મોટી ટોકીઝ અનેસૈયદપુરા વિસ્તાર, ઉધના ઝોન-એ ના બમરોલી, કૈલાશ ચોકડી, ઉધના રેલ્વે સ્ટેશન, વરાછા ઝોન એ દ્વારા સહરા દરવાજા થી કાંગારું સર્કલ વિસ્તારમાં, વરાછા ઝોન -બી ના બાપા સીતારામ ચોક થી સીમાડા નાકા, સીમાડા નાકાથી વેલકમ ગેટ તેમજ રામ ચોકથી VIP સર્કલ મોટા વરાછા વિસ્તારમાં, વેસ્ટ ઝોનના પાલ, ગૌરવ પથ વિસ્તાર,ગુજરાત ગેસ સર્કલ થી અડાજણ પાટિયા વિસ્તાર, સાઉથ ઇસ્ટ ઝોનના ડીંડોલી તેમજ લીંબાયત વિસ્તારમાં, નોર્થ ઝોનના પારસ માર્કેટ, કતારગામ તેમજ વેડ રોડ વિસ્તાર, સાઉથ વેસ્ટ ઝોનના ગૌરવ પથ રોડ પીપલોદ, ઉધના મગદલ્લા રોડ તેમજ સીટીલાઈટ મેઈન રોડ વિસ્તાર, ઉધના ઝોન-બી ના ઉન મેઈન રોડ, ભીંડી બજાર તેમજ પાલી બજાર વિસ્તારમાં ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરીન્યુસન્સ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવામાં આવી.

તા. ૧૩-૦૪-૨૦૨૫ થી આજ દિન સુધી રાત્રીન્યુસન્સ ડીટેકશન સ્કવોડ દ્વારા૨૮૯ ટી સેન્ટર, ૩૪૦ પાન અને કોલ્ડ્રીંકસ ૧૫૦ પાનનાં ગલ્લાઓતથા૧૨૩ અન્ય

સંસ્થાઓ આમ કુલ ૯૦૨સંસ્થાઓનેઅવારનવારચેક કરી કુલ ૫૬૪ કિ.ગ્રા. અખાદ્ય ખોરાકનો નાશ કરેલ, કુલ ૪૫૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકને જપ્ત કરી ૨૧૦ઈસમોને નોટીસ આપી કુલ રૂ. ૮૭૫૫૫૦/- નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ.દરેક સંસ્થાને સુકા-ભીના કચરા માટે બે અલગ-અલગ કચરાપેટી રાખવા તેમજ કચરો કચરાપેટીમાં જ નાખવા કડક સુચના આપવામાં આવીહવે પછીસુકા-ભીના કચરા માટે બે અલગ-અલગ કચરાપેટી ન રાખતા તેમજ ગંદકી કરતીસંસ્થાઓ સામે વધુ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

જનસંપર્કવિભાગ
સુરતમહાનગરસેવાસદનતરફથી
સાદરસમાચારયાદીનં. ૩૬
તાઃ૨૮/૦૪/૨૦૨૫




COW BOYS
FAST - FOOD
COWBOYS
OPEN
SBI
GOLD LOAN
LOWEST INTREST RATE ON
PERSONAL GOLD LOAN

# સુરત મહાનગરપાલિકા

## વાહક જન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી

## અખબારી યાદી

**વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે પ્રિ-મોન્સુન કામગીરી અંતર્ગત ૦૯/૦૪/૨૦૨૫ થી ૨૫/૦૪/૨૦૨૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ઝોન વિસ્તારમાં આવેલ ૧૭૬૨ પ્રિમાયસીસ સર્વે દરમ્યાન ૪૮ બ્રિડિંગનો નાશ કરવામાં આવેલ તથા પ્રિમાયસીસમાં ૫૩ નોટીસ ઇસ્યુ કરાતા ૪૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. જે અંતર્ગત એપ્રિલ માસ દરમ્યાન ૧૭ ૩૯ ૬૮૫ ઘરો સર્વે કરાતા ૫૧ ૧૮ ૧૧૧ સ્પોટ તપાસવામાં આવેલ તે પૈકી કુલ ૧૪ ૪૭૩ મચ્છરોના બ્રિડિંગ મળી આવેલ તથા ૭૬૩૯ બાંધકામ સર્વે કરાતા ૩ ૨૯ ૫૮૫ સ્પોટ તપાસવામાં આવેલ તે પૈકી કુલ ૬૧૧૩ મચ્છરોના બ્રિડિંગ મળી આવેલ જેનો જંતુનાશક દવા વડે નાશ કરવામાં આવેલ છે. મચ્છરોના ઉત્પતિ સ્થાનો મળી આવેલ ઇસમોને ૪૭૯૦ નોટીસ ઇસ્યુ કરવામાં આવેલ અને ૧૩ ૭૫ ૫૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.તદ્ ઉપંરાત ૧૨૪૨૭ નકામા ટાયર ડબ્બા ભંગાર વિગેરે દુર કરવામાં આવેલ છે.**

તા.૦૯/૦૪/૨૫ થી તા.૧૨/૦૪/૨૫ દરમ્યાન ૩૮૯ સરકારી (શાળાઓ કોલેજો યુનિર્વસીટી) વિગેરે પ્રિમાયસીસ સર્વે દરમ્યાન ૪૮ પ્રિમાયસીસ ખામી જોવા મળેલ છે કુલ ૧૬ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ અને ૧૪૫ નકામા કાટમાળ/ભંગારનો નિકાલ (સોર્સ રિડકર્શન)ની કામગીરી કરવામાં આવી છે. તા.૧૫/૦૪/૨૫ થી તા.૧૭/૦૪/૨૫ દરમ્યાન ૮૯૩ શૈક્ષણિક સંસ્થાઓ(ખાનગી શાળા યુનિર્વસીટી કોલેજ તેમજ ટયુશન કલાસીસ)નાં સર્વે દરમ્યાન ૨૧ બ્રિડીંગ મળી આવેલ અને ૫૩ જવાબદાર ઇસમોને નોટીસ આપી સિટીઝન સ્કુલ ૫૦૦/- સરસ્વતી વિધ્યાલય ૧૦૦૦/- અગ્રવાલ વિધાવિહાર સ્કુલ ૧૦૦૦/-સન બ્રાઇટ સ્કુલ ૨૦૦૦/-કુલ મળી ૪૫૦૦/-વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તા.૧૯/૦૪/૨૫ થી તા.૨૩/૦૪/૨૫ દરમ્યાન ૨૬૪ (ઝોન ઓફિસ સીવીક સેન્ટર હેલ્થ સેન્ટર વોર્ડ ઓફિસ યુનિટ ઓફિસ) વિગેરે પ્રિમાયસીસ સર્વે દરમ્યાન ૨૪ પ્રિમાયસીસ ખામી જોવા મળેલલ કુલ ૮ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ ૩૧ નકામા કાટમાળ/ભંગારનો નિકાલ(સોર્સ રિડકર્શનની) કરવામાં આવી છે. ૧૫૭ ફાયર સ્ટેશન વાહન ડેપો દબાણ ડેપો પોલીસ સ્ટેશન પોલીસ ચોકી વિગેરે પ્રિમાયસીસ સર્વે દરમ્યાન ૨૪ પ્રિમાયસીસ ખામી જોવા મળેલ છે કુલ ૩ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ અને ૩૯ નકામા કાટમાળ/ભંગારનો નિકાલ(સોર્સ રિડકર્શનની )કામગીરી કરવામાં આવી છે. તા.૨૪/૦૪/૨૫ થી તા.૨૫/૦૪/૨૫ દરમ્યાન ૫૯ સરકારી હોસ્પિટલોલ લેબોરેટરીઓ ડીસ્પેન્સરીઓ કલીનીકો સર્વ દરમ્યાન ૨ પ્રિમાયસીસમાં ખામી જોવા મળેલ છે. ૧૮૮૫ ખુલ્લામાં પ્લોટ સર્વે દરમ્યાન ૧૫૭ મેન્યુઅલી પાડવામાં આવી ૨૨૩ જેસીબીથી નીક પાડવામાં આવેલ છે .

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે તમારા રહેણાંક વિસ્તારમાં તેમજ બાંધકામના સ્થળોએ મચ્છર જન્ય પરિસ્થિતિ નિવારવા સુરત મહાનગર પાલિકાલ વી.બી.ડી.સી.વિભાગનાં કર્મચારીઓ તરફથી આપવામાં આવતી સુચનાઓનું પાલન કરવા અને સંપૂર્ણ સહકાર આપવા માટે જાહેર જનતાને

અપીલ કરવામાં આવે છે. અન્યથા શહેરીજનોનાં આરોગ્યની સુખાકારીને ધ્યાને લઇને વધુમાં વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશેલ તેની જાણ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સમાચાર યાદી નં.૩૭

તા. ૨૮-૦૪-૨૦૨૫




ઉન પોલીસ ચોકી
ભેસ્તાન પોલીસ સ્ટેશન, સુરત શહેર
સત્યમેવ જયતે
(0261) (2991131)





નવો પૂર્વ(સરથાણા)ઝોન વિસ્તારમાં તા. ૨૮/૦૪/૨૦૨૫ ના રોજ નીચે જણાવેલ સ્થળે કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત

અ.નં.

ટી.પી. સ્કીમ નં./ ફા.પ્લોટ નં.

સ્થળ

કરેલ કામગીરીની વિગત

રિમાર્કસ

૧

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૫ (મોટાવરાછા), બ્લોક નં.૨૯૮, ઓ.પી.નં.૧, ફા.પ્લોટ નં.૧, બહુચરનગર સોસાયટીની સી.ઓ.પી.,રામચોક, મોટાવરાછા, સુરત.

પ્રશ્નવાળી જગ્યામાં ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલ પતરાના શેડનું અંદાજે ૨૯૦૦.૦૦ ચો.ફુટ બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૫ (મોટાવરાછા), બ્લોક નં.૨૯૮, ઓ.પી.નં.૧, ફા.પ્લોટ નં.૧, બહુચરનગર સોસાયટીની સી.ઓ.પી., રામચોક, મોટાવરાછા, સુરત વાળી જગ્યામાં વાણીજય વપરાશના હેતુ માટેનું ગેરકાયદેસર પતરાના શેડનું બાંધકામ કરવામાં આવેલ. જે અન્વયે અત્રેની કચેરીએથી નવો પૂર્વ ઝોન/આ.ટી.ડી./નં.૨૩૩૨, તા.૦૩/૧૦/૨૦૨૪ થી નોટીસ આપવામાં આવેલ. જેનો સંબંધિત મિલ્કતદાર / કબ્જેદાર દ્વારા અમલ ન કરતા આજરોજ પ્રશ્નવાળી જગ્યામાં ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલ પતરાના શેડનું અંદાજે ૨૯૦૦.૦૦ ચો.ફુટ. બાંધકામ દૂર કરવામાં આવેલ છે.

સમગ્ર કામગીરી અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સિકયોરીટી સ્ટાફની મદદથી ઝોનના અધિકારીશ્રીઓ ના માર્ગદર્શન તેમજ નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં.૩૮

તા. ૨૮/૦૪/૨૦૨૫

**:પ્રેસનોટ :**

## સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા,હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા,હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધાનું આયોજન તા.૦૬/૦૫/૨૦૨૫ ને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ,આશાપુરી માતાના મંદિરની બાજુમાં,રૂસ્તમપુરા મેઇન રોડ,સુરત ખાતે કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને હરિઃૐ આશ્રમનાપ્રતિનિધિઓની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાનાર આ સ્પર્ધામાં સમયસર હાજર રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા શહેરના ૯ થી ૧૩ વર્ષની વયના બાળતરણવીરોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે.

જનસંપર્ક વિભાગ

સુરતમહાનગરપાલિકા તરફથી સાદર

સમાચારયાદી નં ૩૯

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

મધ્યકાળમાં ૧૬મી થી ૧૮મી સદી દરમિયાન સુરત શહેર સમુદ્ર જહાજ નિર્માણ તેમજ સમુદ્ર વ્યાપારનું મોટું કેન્દ્ર હતું. એક સમયે સુરતમાં ચોર્યાસી બંદરોના વાવટા ફરકતા હતા તથા સુરત શહેરે દેશવિદેશમાં દરિયાઈ વ્યાપાર અને વ્યાપારી સંબધો જાળવી રાખવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી. જેથી ગુજરાતના વાણિજિયક અને ઐતિહાસિક શહેર સુરતના પ્રાચીન શિપબિલ્ડિંગના વારસાનું બહુમાન કરવા માટે ઈન્ડિયન નેવી ધ્વારા વોરશિપને ' આઈએનએસ સુરત' નામ અપાયુ છે. આ જહાજ તમામ ટેકનોલોજીથી સજ્જ છે. જેમાં મહત્તમ ઉપકરણો, સંસાધનો સ્વદેશી છે. જેનું નિર્માણ મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ, મુંબઈ ખાતે કરવામાં આવેલ છે.

માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતના પ્રતિબિંબ સમાન યુધ્ધજહાજ ' આઈએનએસ સુરત ' નું મુબંઈ ખાતેથી ગત ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ શુભારંભ કરી દેશને અર્પણ કરવામાં આવેલ. જે જહાજ ગઈકાલથી સુરતના હજીરાના દરિયાકાંઠે અદાણી પોર્ટ પર આવેલ છે.

જે યુધ્ધજહાજ 'આઈએનએસ સુરત' ની આજરોજ માન. મેયર દક્ષેશ માવાણી, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ડે.મેયર ડૉ.નરેન્દ્રભાઈ પાટીલ,માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન.દંડક શ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા, માન.પૂર્વ સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશ પટેલે મુલાકાત લઈ તેની અદ્યતન સુવિધા વિશે માહિતગાર થઈ નોકાદળના કમાન્ડિંગ ઓફિસર કેપ્ટન સંદીપ શૌરી અને લેફ્ટનન્ટ કમાન્ડર પાર્થ સહરાવતનું શાલ, મોમેન્ટો અને બુકેથી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેઓએ નોકાદળના કમાન્ડિંગ ઓફિસર કેપ્ટન સંદીપ શૌરી સાથે સુરતીઓના સુમેળભર્યા સ્વભાવ,સુરતી ભોજન, સુરત શહેરની વણથંભી વિકાસયાત્રા તથા મીની ભારત તરીકે પ્રસિધ્ધ સુરત શહેરમાં વિવિધ પ્રાંતોમાંથી લોકો અહીં વસવાટ કરે છે અને આ પરપ્રાંતિયોના બાળકોના શિક્ષણ અર્થે સુરત મહાનગરપાલિકા ૭ ભાષામાં શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. જે સહિતની સુરત શહેરની સુવિધા અને વિશેષતાની માહિતી આપી હતી.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૪૦ ,તા.૦૨/૦૫/૨૦૨૫


adani



સુરત મહાનગર પાલિકા

પ્રેસનોટ

સુમન હાઈસ્કૂલ ના વિધાર્થીઓ

જાપાન અને ઈજીપ્ત ના વિધાર્થીઓ સાથે કલ્ચર એક્ષ્ચેન્જ પ્રોગ્રામ માં ઝળક્યા

વિધાર્થીઓ જુદા જુદા દેશોની જીવનશૈલી,રીતરિવાજો,સાંસ્કૃતિક વારસાને સમજે , જાણે , અન્ય દેશોના વિદ્યાર્થીઓ સાથે મળીને વિવિધ વિષયો પર માહિતી નું આદાનપ્રદાન કરી ભવિષ્યના ટેકનોલોજી યુક્ત વિશ્વ માં કારકિર્દી સંલગ્ન આયોજનો માટે તૈયાર થાય તે હેતુસર સ્ટેમબોટીક્ષ દ્વારા સુમન હાઈસ્કુલ સેલ ના વહીવટી અધિકારી શ્રી ધર્મેશભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ તા ૨/૫/૨૦૨૫ ના રોજ કલ્ચર એક્ષ્ચેન્જ પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવેલ જેમાં સુમન હાઈસ્કુલ ૨૩ પાંડેસરા ના ચાર વિદ્યાર્થીઓ પ્રાંજલ જયસ્વાલ, ભૌમિક મોહંતી , રાહુલ રાજપુરોહિત ,જયા સિંઘ તેમજ સુમન હાઈસ્કુલ ૨૨ ની વિદ્યાર્થિની સોનલ સિંઘે ઉત્સાહપૂર્વક ભાગ લઈ શાળા ને તેમજ સુરત મહાનગરપાલિકા ને ગૌરવ પ્રદાન કરેલ છે.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૪૧ ,તા.03/0૫/૨૦૨૫




レコーディング...
表示
1)Jaya {India}
4.Utkarsh Patel (India)
3 Rachit (India)
5 Rahul (India)
Kajal STEMbotix
GLOBAL YOUTH SUMMER EXCHANGE
1 kota / japan
4 Tanmay/India
5.Kanon/Japan
4 Vanshraj singh India
2 Salma Wael Egypt
2/2
2 Somya India
5 Ryuto Japan
Takaya Inoue- Japan Youth Venture Initiat...
Purvasri Das - Japan Youth Venture Initia...
1 Konoha/Japan
2/2
1.rihoko
5 Kota/japan
2 Oga/Japan
3 Jai/ INDIA
5 Tvisha Padhiyar (India)
ISHA - STEMbotix
2 - eman - egypt
1. Kareem/Egypt
renad a
2-Nour-Egypt
オーディオ
ビデオ
39
参加者
チャット
リアクション
共有
ホストツール
AI Companion
アプリ
ホワイトボード
レコーディングを一時停止／停止
ブレイクアウト ルーム
詳細
終了

# પ્રેસનોટ

સુરત મહાનગર પાલિકા નાં ઈસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે ડેંગ્યુ-મેલેરીયા મુકત ગુજરાત વર્ષ-૨૦૩૦ તેમજ પ્રિમોન્સુન ઋતુ કામગીરીના અભિયાન અંતર્ગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :-

હાલમાં મેલેરીયા મુકત ગુજરાત-૨૦૩૦ તેમજ પ્રિમોન્સુનની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા ઈસ્ટઝોન (વરાછા) ના ડે.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળની મિટિંગમાં આપવામાં આવેલ સુચના મુજબ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ-૨૦૩૦ અભિયાન અંતર્ગત સુરતને મેલેરીયા મુકત કરવા મચ્છર ઉત્પતિ અને મેલેરીયા, ડેંગ્યુ અને ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે ઈસ્ટઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ બાંધકામો તેમજ ખુલ્લા પ્લોટમાં વિવિધ પ્રિમાઈસીસમાં પ્રિમોન્સુનની કામગીરી દરમ્યાન એન્ટી-લાર્વલની કામગીરીનું ક્રોસ ચેકીંગ કરતાં બાંધકામો માંથી મચ્છરના ઉત્પતિ સ્થાનો મળતાં તેમજ ખુલ્લા પ્લોટમાં ખામી જણાંતા નીચે જણાવેલ ઇસમો પાસેથી વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

લંબેહનુમાન વિસ્તારમાં સૈફી સોસાયટીમાં આવેલ બાંધકામમાંથી રૂ.૩,૦૦૦/- તેમજ રામકૃષ્ણ ડાયમંડ બાંધકામમાંથી રૂ.૫,૦૦૦/-, ફુલપાડા વિસ્તારમાં આવેલ બાંધકામ વર્ણી સ્ટાર બાંધકામમાંથી રૂ.૧૦૦૦/- , વિશાલ નગર બાંધકામમાંથી રૂ.૧૦૦૦/- , લક્ષ્મીનારાયણ સોસાયટી બાંધકામમાંથી રૂ.૧૦૦૦/-, હીરાબાગ વિસ્તારમાં આવેલ બાંધકામ વિઠ્ઠલનગર માંથી રૂ.૧૫૦૦/-, આદર્શનગરમાંથી રૂ.૧૫૦૦/-, પંચદેવમાંથી રૂ.૧૫૦૦/-, કાપોદ્રા વિસ્તારમાં આવેલ અભયનગર સોસા.માંથી રૂ.૧૦૦૦/-, મગોબ વિસ્તારમાં આવેલ બાંધકામ રીયો બિઝનેસ પાર્ક માંથી રૂ.૨૫૦૦/-, પુણાગામ વિસ્તારમાં આવેલ બાંધકામ મહંત રેસીડન્સીમાંથી રૂ.૫,૦૦૦/-, પુણા-બી વિસ્તારમાં આવેલ બાંધકામ ક્રિષ્નાપાર્ક ઇન્ડસ્ટ્રીઝ બાંધકામમાંથી રૂ.૧૫૦૦૦/-, સણિયા-હેમાદ વિસ્તારમાં આવેલ બાંધકામ EDEN TEXPA માંથી રૂ.૧૫૦૦૦/-, કર્મભૂમી એમ્બ્રો બાંધકામમાંથી રૂ.૮૦૦૦/-, જે ખામી મળી આવેલ તે બાબતે કુલ-૧૪ ઇસમો પાસેથી કુલ - ૬૨,૦૦૦/- વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ તદ્ઉપરાંત ઈસ્ટઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળ વિસ્તારમાં સર્વે દરમ્યાન કુલ-૫૧ બાંધકામમાં ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરની ઉત્પતિ ન થાય તે બાબતે કાળજી લેવા માટે નોટીસ પાઠવવામાં આવેલ. તેમજ વરાછા ઝોન વિસ્તારમાં આવેલ કુલ-૧૧૨ પાણી ભરાય શકે તેવા ખુલ્લા પ્લોટો સર્વે કરવામાં આવેલ તે પૈકીના કુલ-૬૩ ઇસમોને માટી પુરાણ કરવા માટે નોટીસ આપવામાં આવેલ છે.

આથી તમામ બાંધકામ, ખાનગી ખુલ્લાં પ્લોટ, બંધઘર, કોર્મશીયલ ધારકોને વિસ્તારમાં જણાવવાનું કે તમારી માલિકી / ભોગવટા / કબ્જા હેઠળ આવેલ મિલકતોમાં વરસાદી પાણીનો ભરાવો ન થાય તે મુજબની કાર્યવાહી હાથ ધરી ઝોન ખાતેના વી.બી.ડી.સી. વિભાગને જાણ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા જે- તે બાંધકામ, ખાનગી ખુલ્લાં પ્લોટ, બંધઘર, કોર્મશીયલમાં સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી બદલ વહીવટી વસુલાત ખર્ચ વસુલવા ઉપરાંત કબ્જા હેઠળ રાખવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઝોન વિસ્તારમાં આવેલ સ્લમ તેમજ સ્લમ લાયક વિસ્તારોમાં પ્રિમોન્સુનની કામગીરી અંતર્ગત લંબેહનુમાન વિસ્તારમાંથી કુલ-૨૧, ફુલપાડા વિસ્તારમાં આવેલ ધરતીનગર વિસ્તારમાંથી કુલ-૧૪, કાપોદ્રા વિસ્તામાંથી કુલ-૨૪, મગોબ વિસ્તારમાંથી કુલ-૧૨, પુણામાં આવેલ શિવનગર ઝુપડપટ્ટીમાંથી કુલ-૨૩, પુણા-બી તેમજ સણિયા વિસ્તારમાંથી કુલ-૨૦ ડ્રમ, પીપ, કેરબા, માટલા, ડોલ, ડબ્બા, ટાયર, તગેપા, કપ, પક્ષીકુંજ, બાટલી, તગારૂં, પાણી ભરાય તેવો નકામા સામાન મળી કુલ-૧૧૪ કન્ટેનરો જપ્ત કરવામાં આવેલ તેમજ આજુબાજુના વિસ્તારમાં ભંગારની દુકાનમાં સર્વે કરતાં પાણી ભરાય રહે એવી વસ્તુ જણાતાં ૧૦ ઇસમોને નોટીસ આપવામાં આવેલ છે. જેની નોંધ લેવી.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ, મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઇને સાફ કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ, મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ, મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

| | | |
|---|---|---|
| | **સુરત મહાનગર પાલિકા**<br>**વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ મુખ્યકચેરી**<br>**અખબારી યાદી** | |

**તા.૦૩/૦૫/૨૦૨૫નાં રોજ વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે ઝુંબેશનાં ભાગરૂપે ૭૯૦ બાંધકામો સર્વે કરતા ૧૩૭ બાંધકામમાં મચ્છરજન્ય પરિસ્થિતિના નિર્માણ બદલ નોટીસ આપવામાં આવી તેમજ ૯૪ ઇસમો પાસેથી ૨,૧૭,૧૦૦/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.**

**નોર્થ ઝોન** માંથી ૧૪૧ બાંધકામ સાઇટ ચેક કરતા ૧૭ બાંધકામ સાઇટને નોટીસ આપવામાં આવતા ગણેશ ઇન્ડ.-૧૦૦૦૦/-, લક્ષ્મી એસ્ટર-૧૦૦૦૦/-, સાંઇ ટેકનો-૫૦૦૦/-, પ્રમુખ એબીસી-૫૦૦૦/-, બારડોલીયા પ્લોટનું બાંધકામ-૫૦૦૦/-, પ્રાર્થના સોસાયટી-૪૦૦૦/-, સહિતનાં બાંધકામોમાં મળી કુલ **૩૯૦૦૦/-** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **ઉધના-એ** ઝોનમાંથી ૬૯ બાંધકામ સાઇટ ચેક કરતા ૭ બાંધકામ સાઇટને નોટીસ આપવામાં આવતા ગેડાબેન ચંદનલાલ ૪૦૦૦/-, જગ્ગનનાથ ડગરુ સોનાર ૪૦૦૦/-, ઝેડ-૪૨૮, લક્ષ્મીનારાયણ ઇન્ડ્ર ૨૦૦૦/-, ઝેડ-૪૨૯, લક્ષ્મીનારાયણ ઇન્ડ્ર ૨૦૦૦/-, સહિતનાં બાંધકામોમાં કુલ મળી **૨૪૮૦૦/-** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **ઇસ્ટ-એ ઝોન** માંથી ૩૫ બાંધકામ ચેક કરતા ૫ બાંધકામ સાઇટને નોટીસ આપવામાં આવેલ ઇડન ટેક્ષ, કર્મભુમિ એમ્બ્રો ૨૩૦૦૦/-, ક્રિષ્નાપાર્ક ઇન્ડ ૧૫૦૦૦/-, મહંત રેસીડેન્સી ૫૦૦૦/-, રામકૃષ્ણ ડાયમડ ૫૦૦૦/-, સૈફી સોસા - ૨૦૦૦/- સહિતનાં બાંધકામોમાં કુલ મળી **૫૬૦૦૦/-** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. રાંદેર ઝોનમાં ૧૩૦ બાંધકામ ચેક કરતા ૪૨ બાંધકામ સાઇટને નોટીસ અપાતા વીનસ એલીગન્સ-૫૦૦૦/-, ગુણાતીત બંગ્લોઝ - ૩૦૦૦/-, સાંતમ હીલ્સ બાંધકામ - ૨૫૦૦/-, ઠાકોરધ્વાર વિભાગ-૦૪, ૨૫૦૦/-, યુનિવર્સલ રીયાલીટી બાંધકામ ૨૦૦૦/-સહિતનાં બાંધકામોમાં કુલ મળી **૧૫૦૦૦/-** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **ઉધના-બી ઝોનમાં** ૭૨ બાંધકામ સાઇટ ચેક કરતા ૬ બાંધકામ સાઇટને નોટીસ અપાતા પ્લોટ નં.૨૭, ૬૯, ૦૩ નઝમીનગર, ૩૭ સંજયનગર, ૫૨ હેદરીનગર, ૧૩૧,૧૭૩ નસીમાનગર, જીલાનીનગર, બીસમીલ્લાનગર, સહિતનાં બાંધકામોમાં કુલ મળી **૨૩૩૦૦/-** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **સા-ઇસ્ટ ઝોન** માં ૩૩ બાંધકામ સાઇટ ચેક કરતા ૪ બાંધકામ સાઇટને નોટીસ અપાતા પ્લોટ નં ૪૦ પટેલ નગર,પ્લોટ નં ૧૨૦ જય જલારામ નગરમાં ૨૫૦૦/-, ટીપી-૭ બાધકામમાં ૨૦૦૦/-, શિવકુપ સોસાયટી અને સરસ્વતીનગર ૧૦૦૦/- સહિતનાં બાંધકામોમાં કુલ મળીને **૫૫૦૦/-** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **સેન્ટ્રલ ઝોન** માંથી ૧૩ બાંધકામ સાઇટ ચેક કરતા ૨ બાંધકામ સાઇટને નોટીસ અપાતા સગરામપુરા થોભા શેરી, હીરામોદીની શેરી, મલબારી ટેકરોમાં ૪૦૦૦/-, રેશમવાડ-૨ ૨૦૦૦/-, છગનશેઠ ની વાડી અનેનગરશેઠ ની પોળ ૨૦૦૦/- સહિતનાં બાંધકામોમાં કુલ મળી **૯૦૦૦/-**વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **ઇસ્ટ-બી ઝોન** માં ૫૪ બાંધકામ ચેક કરતા ૨૪ બાંધકામ સાઇટને નોટીસ અપાતા આશીર્વાદ વિલા બંગલો અને માં અમર રો હાઉસ ૯૫૦૦/-, માધવ દર્શન સોસાયટી, સૌરાષ્ટ્ર બંગ્લોઝ, રાધિકા રેસી. ૩૦૦૦/-, કલ્યાણકુટીર સોસાયટી અને મહાદેવ નગર ૨૦૦૦/- સહિતનાં બાંધકામોમાં કુલ મળી **૧૪૫૦૦/-** વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. **અઠવા ઝોનમાં** ૨૪૩ બાંધકામ સાઇટ ચેક કરતા ૩૦ બાંધકામ સાઇટને નોટીસ આપવામાં

આવતા એમ્બિયન્સ બાંધકામ ૧૦૦૦૦/-, અવધ માર્ટીલા ૧૦૦૦૦/-, નર્મદ નગર ૫૦૦૦/-, ઘોડ દોડ રોડ ૫૦૦૦/- મળી કુલ 30000/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઇને સાફ કરવા, પક્ષીકુંજ, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ, મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

જનસંપર્ક વિભાગ
સમાચાર યાદી નં. ૪૩
તા. 03-0૫-૨૦૨૫









## <u>પ્રેસ નોટ</u>

**માહે એપ્રિલ - ૨૦૨૫ સ્મીમેર હોસ્પીટલ સુરતની કામગીરી અંગેનો અહેવાલ.**

સ્મીમેર હોસ્પીટ્લમાં માહે એપ્રિલ ૨૦૨૫ દરમ્યાન ૬૨૨૦ ઇન્ડોર તથા ૫૫૩૭૨ આઉટ્ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી.૫૨૩૨ નાના તથા ૬૯૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા.૧૫૩૧૦ એક્ષ - રે પાડ્વામાં આવ્યા હતા.ટી.બી.નાં નવા ૧૨૪૦ અને જુના ૧૧૧૫ દર્દીઓ સહીત કુલ ૨૩૫૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૨૫૮ તથા આંખ વિભાગમાં ૨૬૮૯ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી વિભાગમાં કુલ ૧૭૫૮૭ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ.ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

પ્રતિ

જન સમ્પર્ક વિભાગ.

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.

સમાચાર યાદી નં. ૪૪

તા. ૦૫/૦૫/૨૫

## :: પ્રેસનોટ ::

# સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત

# શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા સંચાલિત અને પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા તા.૦૬/૦૫/૨૦૨૫ ને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, આશાપુરી માતાના મંદિરની બાજુમાં, રૂસ્તમપુરા મેઇન રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી.

પૂજય શ્રીમોટાએ આપેલ ગુરૂજીના હુલામણા નામે લોકપ્રિય અને જેના નામ સાથે આ સ્પર્ધા જોડાયેલ છે એવા શ્રી ચીમનલાલ ત્રિભોવનદાસ લાપસીવાલા તરણ પ્રવૃતિઓમાં ખ્યાતનામ હતા અને તેથી જ તેમના નામે યોજાતી આ સ્પર્ધાના બાળકો અને કિશોર-કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ-રૂચિ કેળવાય તેવા હેતુથી યોજવામાં આવે છે. બાળતરણ સ્પર્ધાનો શુભારંભ તા.૦૬/૦૫/૨૦૨૫ ના રોજ માન.ડે.મેયરશ્રી ડૉ. નરેન્દ્ર પાટીલ, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રીપાઠી, શાસક પક્ષ દંડકશ્રી ધર્મેશભાઇ વાણિયાવાલા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઇ, ગાર્ડન સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન સોલંકી, કાયદા સમિતિ ઉપાધ્યક્ષા શ્રીમતી ભાવનાબેન સોલંકી, ન.પ્રા.શિ.સમિતિના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઇ કાપડિયા, મ્યુનિ.સભ્યશ્રી બળવંતભાઇ પટેલ તથા રાજેશભાઇ રાણા, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મુકેશભાઇ માસ્તર, સન્મુખભાઇ જીનવાલા, અશોકભાઇ લાપસીવાલાએ ઝંડી ફરકાવી કરાવ્યો હતો. બાળ તરણ સ્પર્ધામાં કિશોર અને કિશોરીઓના ૯ થી ૧૧ વર્ષ અને ૧૧ થી ૧૩ વર્ષના વયગૃપ મળી ૪ વિભાગમાં યોજાઇ હતી. આ સ્પર્ધામાં ૭૭ સ્પર્ધકોએ ઉમંગભેર નિર્ધારીત ૫૦ અને ૧૦૦ મીટરનું અંતર પૂર્ણ કર્યું હતું. સ્પર્ધાને અંતે નીચે મુજબના વિજેતાઓ જાહેર થયા હતા.

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | **અ**<br>**૯ થી ૧૧ વર્ષ** | **બ**<br>**૧૧ થી ૧૩ વર્ષ** | **ક**<br>**૯ થી ૧૧ વર્ષ** | **ડ**<br>**૧૧ થી ૧૩ વર્ષ** |
| પ્રથમ | વિવેક કે. શિંગા | નિત્ય કે. સારંગ | રીત વિશાલ ભગત | હિરાંશી વી. સોની |
| દ્વિતિય | નેવિલ વી.પટેલ | કર્ણ એસ. પારીક | હાસ્વી દિવ્યેશ સારંગ | નીર સિધ્ધાર્થ શાહ |
| તૃતિય | કવિશ કે.ઠકકર | હેનિશ ચિંતન ચૌહાણ | પ્રિયાંશી જતીન ચૌહાણ | લીઝા હિમાંશુ પટેલ |
| આશ્વાસન | મિતાંશ સી.ઉમરીગર | માનવ ડી. સારંગ | | |
| | કિયાન પી. ત્રિવેદી | મયંક એચ. રાજપૂત | | |

શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી સોનલબેન દેસાઇ, ગાર્ડન સમિતિ અધ્યક્ષા શ્રીમતી ગીતાબેન સોલંકી, કાયદા સમિતિ ઉપાધ્યક્ષા શ્રીમતી ભાવનાબેન સોલંકી, ન.પ્રા.શિ.સમિતિના અધ્યક્ષશ્રી રાજેન્દ્રભાઇ કાપડિયા, મ્યુનિ.સભ્યશ્રી રાજેશભાઇ રાણા, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી મુકેશભાઇ માસ્તર, સન્મુખભાઇ જીનવાલા, અશોકભાઇ લાપસીવાલાના હસ્તે રોકડ પુરસ્કાર અને ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સુરત મહાનગરપાલિકા તરફથી સ્મૃતિભેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વાલીઓ અને રમતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળતરણવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

જનસંપર્ક વિભાગ
સુરતમહાનગરપાલિકાતરફથી સાદર
સમાચારયાદી નં. ૪૫


3.5 FT


અપશબ્દ બોલવા નહી.
SWACHH SURVEKSHAN
FIT INDIA
Surat
સુરત મહાનગરપાલિકા
સંચાલિત
બહેનો

# --:: <u>પ્રેસનોટ</u>::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળતા.૦૬/૦૫/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪, કલમ–૬(અ અને બ) અને કલમ–૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા.૦૬/૦૫/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાંકુલ ઇસમો ૧૬ અને કુલ રુપિયા ૩૨૦૦, **સેન્ટ્રલ** ઝોનમાં કુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦ **વરાછા–એ** ઝોનમાં કુલ ઇસમો ૧૮અને કુલ રુપિયા ૩૬૦૦, **વરાછા–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૭ અને કુલ રુપિયા ૩૪૦૦, **ઉધના–એ** ઝોનમાં કુલ ઇસમો ૨૧અને કુલ રુપિયા ૪૨૦૦, **ઉધના–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૩ અને કુલ રુપિયા ૨૬૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૭ અને કુલ રુપિયા ૩૪૦૦, **લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૧૫ અને કુલ રુપિયા ૩૦૦૦ સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીને કુલ ઇસમો ૧૫૦ પાસે કુલ ૩૦,૦૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૪૬
તા.૦૬/૦૫/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકાર ધ્વારા વર્ષ -૨૦૨૫ ને " શહેરી વિકાસ વર્ષ " તરીકે જાહેર કરેલ છે. જેના ભાગરૂપે, ગુજરાત સરકાર ધ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન સમગ્ર રાજય અને તમામ શહેરોમાં શ્રેણીબધ્ધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ અંતર્ગત "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા - મુકત ગુજરાત" કાર્યક્રમ રાજયની ૧૭-મહાનગરપાલિકાઓ અને ૩૬-નગરપાલિકા વિસ્તારમાં તા.૧૧/૦૫/૨૦૨૫, રવિવાર ના રોજ " નાઇટ સાયકલોથોન-૨૫ "નું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે અંનુસંધાને સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૧મી મે ૨૦૨૫ના રોજ સાંજે ૬:૩૦ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડ થી રાહુલ રાજ મોલ થઇ પરત પોલીસ પરેડ ગ્રાઉન્ડ સુધી કુલ-૧૦ કિ.મી. " નાઇટ સાયકલોથોન-૨૫ " નું આયોજન કરવામાં આવેલ છે. જેમાં અંદાજીત ૭૦૦૦ પ્રતિયોગીઓ ભાગ લેનાર છે. સદર કાર્યક્રમમાં વધુમાં વધુ શહેરીજનો જોડાય તે માટે મે. મ્યુનિસીપલ કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ IAS ના માર્ગદર્શન હેઠળ સાયકલીંગ એસોસિએશન, વિવિધ સ્વૈચ્છિક-શૈક્ષણિક સંસ્થાઓ, સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત તથા ગુજરાત રાજય યોગ બોર્ડ સાથે મીટીંગનું આયોજન કરેલ. સદર કાર્યક્રમમાં રાજકીય, સામાજીક તથા ધાર્મિક કાર્યકરો તેમજ સાયકલીંગ ગ્રુપ, વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, વિવિધ સંસ્થા / સોસાયટી, સ્પોર્ટ ઓથોરીટી ઓફ ગુજરાત તથા ગુજરાત રાજય યોગ બોર્ડ વિગેરે સુરત શહેર પોલિસ પરેડ ગ્રાઉન્ડ, અઠવાલાઇન્સ ખાતે ઉપસ્થિત રહી સહભાગી બનનાર છે. સાયકલોથોનનો મુખ્ય ધ્યેય સુરત શહેરના દરેક શહેરીજનોને સ્વસ્થ જીવન શૈલી માટે પ્રોત્સાહિત કરી સમાજ તથા દેશને સુદ્રઢ અને શકિતશાળી બનાવવાનો છે.

- સાયકલોથોન-૨૫માં ભાગ લેવા માટે આ લીંક **https://www.suratmunicipal.gov.in/Others/Cyclothon2025** પર રજીસ્ટ્રેશન કરી શકાશે.

કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે. :

- રીપોર્ટીંગનો સમય : સાંજે ૬:૩૦ કલાકે
- સ્થળઃ પોલીસ પરેડ ગ્રાઉન્ડ થી રાહુલ રાજ મોલ થઇ પરત પોલીસ પરેડ ગ્રાઉન્ડ

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૪૭

તા. ૦૬/૦૫/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

ભારત સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રીની સૂચના અન્વયે નાગરિક સલામતીની તાલીમના ભાગરૂપે આજરોજ વિવિધ રાજયોના જુદા-જુદા શહેરોમાં સિવિલ ડીફેન્સ તાલીમના ભાગરૂપે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ. જે અંતર્ગત સુરત શહેરમાં સાંજે ૦૪:૦૦ કલાકે આઇ.બી.સી. બિલ્ડીંગ, ડુમસ રોડ, સુરત ખાતે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ. જેના ભાગરૂપે સુરત શહેરમાં એકીસાથે ૫૪ સ્થળોએ તથા શહેરના અન્ય વિસ્તારમાં ૧૦૦ થી વધુ ખાનગી સ્થળોએ સાયરન વગાડવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા શહેરના ડુમસ રોડ સ્થિત આઈ.બી.સી. બિલ્ડીંગ ખાતે મોકડ્રીલ કરવામાં આવેલ. જેમાં આઈ.બી.સી. બિલ્ડીંગના પ્રથમ અને આઠમા માળે આગ લાગવાનો ઈમરજન્સી કોલ મળતા ઘટના સ્થળે પોલીસ, ફાયરની ટીમો તથા એમ્બ્યુલન્સ ધ્વારા રાહત બચાવની કામગીરી કરવામાં આવી હતી.

દોઢ કલાક ચાલેલી મોકડ્રીલમાં નેહરૂ યુવા કેન્દ્રના જવાનો, એન.સી.સી., ૧૦૮ની ટીમ, મનપાના અધિકારીઓ, ડીજીવીસીએલ, ગુજરાત ગેસના અધિકારીઓ તથા સિવિલ ડિફેન્સના સ્ટાફ જોડાયા હતા.

આ આયોજીત મોકડ્રીલમાં માન.મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી, માન.ધારાસભ્ય શ્રી પૂર્ણેશભાઇ મોદી, માન. ડે.મેયર ડૉ.નરેન્દ્રભાઈ પાટીલ, માન. અધ્યક્ષ સ્થાયી સમિતિ શ્રી રાજનભાઇ પટેલ, માન. મ્યુ.કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ IAS, માન.પ્રાંત અધિકારી શ્રી વિક્રમ ભંડારી, માન. દંડક શાસકપક્ષ શ્રી ધર્મેશભાઇ વાણીયાવાલા, માન.નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન.વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ, મિડીયાના મિત્રો, શહેરીજનો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી ન.૪૮

તા.૦૭/૦૫/૨૦૨૫


SRSS



પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા આર્થિક રીતે નબળા વિસ્તારના બાળકો માટે સુરત શહેરમાં કુલ ચાર સુમન હાઇસ્કુલ શરૂ કરવામાં આવેલ હતી, હાલ સુરત શહેરમાં જુદા જુદા મધ્યમોની કુલ૨-૩ સુમન હાઇસ્કુલો કાર્યરત છે તમામ સુમન હાઇસ્કુલો ખાતે અદ્યતન ટેકનોલોજીથી આધુનિક ઢબે યોગ્ય ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષકો દ્વારા શિક્ષણ કાર્ય કરવામાં આવે છેસી .એસ.બોર્ડ તથા એચ .સી.એસ.એસ જેના થકી . ૨૦૨૪શૈક્ષણિક વર્ષ .બોર્ડના પરિણામમા સુમન હાઇસ્કુલો ખૂબ જ અગ્રેસર રહેલ છે-૨૫ દરમિયાન યોજાયેલ એસ૯૫સી બોર્ડની પરીક્ષામાં સુમન હાઇસ્કુલોનું પરિણામ .એસ..૯૪જેમાં સુમન હાઇસ્કુલ નંબર .રહેલ છે % ૨(વરાછા(, સુમન હાઇસ્કુલ નંબર ૧૯ (ઉત્રાણ), સુમન હાઇસ્કુલ ૧૩ (ડીંડોલી), સુમન હાઇસ્કુલ નંબર ૧૫ ૨૩અને સુમન હાઇસ્કુલ નંબર (નાગસેન નગર)(પાંડેસરા૧૦૦નું પરિણામ (% આવેલ છેગુજરાત . ૮૩માધ્યમિક શિક્ષણ બોર્ડનું પરિણામ .૦૮ટકા %, તથા સુરતનું પરિણામ ૮૬તમામ .ટકા રહેલ છે %૨૦. .વન ગ્રેડ મેળવેલ છે-ર્થીઓએ એવિદ્યા ૨૩૪સુમન હાઇસ્કુલો ખાતે કુલ

સુમન હાઇસ્કુલોમાં માધ્યમ પ્રમાણે કુલ પરિણામ

ગુજરાતી માધ્યમનું કુલ પરિણામ ૯૬%૭૯.

મરાઠી માધ્યમ નું પરિણામ ૯૪%૦૬.

હિન્દી માધ્યમ નું પરિણામ ૯૮%૨૯.

ઉડિયા માધ્યમ નું પરિણામ ૧૦૦%

ઉર્દુ માધ્યમ નું પરિણામ ૮૬%૧૪.

અંગ્રેજી માધ્યમ નું પરિણામ ૯૪૩૮.

કુલ સુમન હાઇસ્કુલોનું પરિણામ ૯૫%૫૪.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી ન.૪૯

તા.૦૮/૦૫/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ પ્રિ.ટી.પી સ્કીમ નંબર-૪૦(લિંબાયત-ડીંડોલી) માં આવેલ સુરત મહાનગરપાલિકાને ગાર્ડનના હેતુ માટે ઉપલબ્ધ થયેલ અનામત અંતિમ ખંડ નં. ૧૩૬ વાળી જગ્યાની અસર હેઠળ આવતી બ્લોક નં. ૪૪૩, ઓ.પી.નં. ૨૯ માં હયાત ટેકા-પતરાવાળી ટેમ્પરરી દુકાન, ખાણી-પીણીના લારી-ગલ્લા તથા માટલાનું કરવામાં આવી રહેલ વેચાણ વિગેરેને તા.૨૨/૧૨/૨૦૨૩ ના રોજ નોટીસ પાઠવેલ. પરંતુ નોટીસ આપ્યા બાદ પણ ટેકા-પતરાવાળી ટેમ્પરરી દુકાન, લારી-ગલ્લા, માટલાનું વેચાણ વિગેરે દુર કરવામાં આવેલ ન હોય, જેથી આજ તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ સદર કુલ-૦૭ (સાત) ટેમ્પરરી દુકાનો દુર કરી અનામત અંતિમ ખંડ નં. ૧૩૬(બગીચો) ૫૧૧.૦૦ ચો.મી જગ્યાનો કબ્જો સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા મેળવવામાં આવેલ છે. સદર જગ્યાનો કબ્જા ઉપલબ્ધ થતા આ વિસ્તારના નાગરીકો માટે અત્રેથી શાંતીકુંજ બનાવવાનું આયોજન હવે બાદ સરળતાથી થઈ શકશે, વિસ્તારના લોકોને શાંતીકુંજનો લાભ મળશે.

ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૬૯(ગોડાદરા-ડીંડોલી), ફા. પ્લોટ નં. ૧૬૦ અને ૧૬૨/એ માં આવેલ મિલેનિયમ પાર્કના ગેટ નં. ૦૨ અને ગેટ નં. ૦૪ પાસે ૧૮.૦૦ મી. ટી.પી. રોડ તરફ કંમ્પાઉન્ડ વોલ જર્જરીત થઈ નમીને પડી જવાની જોખમી હાલતમાં હોય, તા.૨૦/૦૨/૨૦૨૫ ના રોજ નોટીસ પાઠવી દુર કરવા/રીપેરીંગ કરવા જણાવવામાં આવેલ. પરંતુ નોટીસ આપ્યા બાદ પણ સદરહું સોસાયટીના વહીવટ કર્તાઓ દ્વારા સદર કંમ્પાઉન્ડ વોલની મરામત/દુર કરવા અંગેની કોઈ કામગીરી કરવામાં આવેલ ન હોય, જેથી આજ તા.૦૮/૦૫/૨૦૨૫ ના રોજ આગામી ચોમાસાની ઋતુને ધ્યાને લઈ અંદાજીત ૯૦.૦૦ મી. લંબાઈની કંમ્પાઉન્ડ વોલ દુર કરવામાં આવેલ છે. સંભવિત દુરઘટના ટળવા સંબંધિત પગલા લેવામાં આવેલ છે.

વધુંમાં ફા.ટી.પી. સ્કીમ નં.૦૮(ઉમરવાડા), ડ્રા. ટી.પી.સ્કીમ નં. ૩૩(ડુંભાલ), ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૧ (પરવટ-ગોડાદરા) અને ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૬૯(ગોડાદરા-ડીંડોલી) વિસ્તારમાં રોડ પર તેમજ ખાનગી મિલ્કતમાં ગેરકાયદેસર લગાવેલ હોર્ડીંગ્સ નંગ ૧૩(તેર) આજ રોજ દુર કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ૦૨ આસી/જુની. ઇજનેર, ૦૪ ટેક.આસી. તેમજ ૧૫(પંદર) જેટલા બેલદારો, ૧૦ સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૫૦**
**તા.૦૮/૦૫/૨૦૨૫**

preliminary tp-40, reservation plot no -136
opposite bajrang temple







Before


After

# સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકાર ધ્વારા વર્ષ -૨૦૨૫ ને " શહેરી વિકાસ વર્ષ " તરીકે જાહેર કરેલ છે. જેના ભાગરૂપે, ગુજરાત સરકાર ધ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન સમગ્ર રાજય અને તમામ શહેરોમાં શ્રેણીબધ્ધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ અંતર્ગત "સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા - મુકત ગુજરાત" કાર્યક્રમ રાજયની ૧૭-મહાનગરપાલિકાઓ અને ૩૬-નગરપાલિકા વિસ્તારમાં તા.૧૧/૦૫/૨૦૨૫, રવિવારના રોજ **" નાઇટ સાયકલોથોન-૨૫ "** નું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે અંનુસંધાને સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૧મી મે ૨૦૨૫ના રોજ સાંજે ૬:૩૦ કલાકે પોલીસ પરેડ ગ્રાઉન્ડ થી રાહુલ રાજ મોલ થઇ પરત પોલીસ પરેડ ગ્રાઉન્ડ સુધી કુલ-૧૦ કિ.મી. " નાઇટ સાયકલોથોન-૨૫ " નું આયોજન કરવામાં આવેલ છે.

સદર કાર્યક્રમમાં વધુમાં વધુ શહેરીજનો જોડાય તે માટે માન. મ્યુનિ. કમિશનર શ્રીમતિ શાલિની અગ્રવાલ આઇ.એ.એસ.ના માર્ગદર્શન હેઠળ માન. ડે. મ્યુ.કમિશનર શ્રી દિનેશ ગુરવ, આઇ.એ.એસ.ની અધ્યક્ષતામાં આજરોજ સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે સાંજે ૦૫:૦૦ કલાકે મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સેવાભાવી સંસ્થાઓ, વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સાયકલીંગ એસોસિએશનના સભ્યો, ઇન્ડિયન મેડિકલ એસોસિએશનના સભ્યો, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સભ્યો, ગુજરાત યોગ બોર્ડના સભ્યો તથા સુરત મહાનગરપાલિકાના માન. ડે. મ્યુ. કમિશનર શ્રી નિધિ સિવાચ આઇ.એ.એસ., શ્રી આર.બી. ભોગયતા, જી.એ.એસ. તથા અન્ય અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. સદર મિટીંગમાં " નાઇટ સાયકલોથોન-૨૫ " ના આયોજનમાં વધુમાં વધુ શહેરીજનો જોડાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને શહેરીજનોને સ્વસ્થ જીવન શૈલી માટે પ્રોત્સાહિત કરી સમાજ તથા દેશને સુદ્રઢ અને શકિતશાળી બનાવવા સુચનો કર્યા હતા.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૫૧, તા. ૦૮/૦૫/૨૦૨૫

સામાન્ય વહિવટ વિભાગ ગાંધીનગરનાં પરિપત્રમાં જણાવ્યા અનુસાર પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં

સુરત મહાનગરપાલિકા દ્વારા સાવચેતીના ભાગરૂપે કોઇપણ પ્રકારની પરિસ્થિતિને પહોંચી વળવા માટે સર્વેવિભાગ ઝોન તેમ

જ તેમના તાબા હેઠળની તમામ કચેરીઓ તથા નગર પ્રાથમિક શિક્ષાણ સમિતિની

તમામ શાળા કચેરીઓનાં અધિકારીળકર્મચારીઓનીબધા પ્રકારની રજાઓ  અનિવાર્ય સંજોગો સિવાયની

તાત્કાલિક અસરથી રદ કરવા તથા રજા ઉપર ગયેલઅધિકારી કર્મચારી  તાત્કાલિક ફરજ પર હાજર કરવાતેમજ અધિકારી

કર્મચારીને વિભાગના  વડા ખાતા ઝોનનાં વડા  કચેરીનાં વડાની પૂર્વ મંજુરી સિવાય

મુખ્યમથક ન છોડવા પણ આથી જણાવવામાં આવે છે

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૫૨, તા. ૦૮/૦૫/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા
પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત અને સુમન હાઈસ્કુલોમાં અંદાજીત અનુક્રમે ૧.૯૦ લાખ અને ૧૬ હજાર વિદ્યાર્થીઓ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ દ્વારા જુદા જુદા સાત માધ્યમો (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, મરાઠી, ઉર્દૂ, ઉડિયા અને તમિલ)માં મેળવી રહ્યા છે.આ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વિદ્યા સમિક્ષા કેન્દ્રથી મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે.સુરત મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું મોનિટરીંગ સુરત મહાનગરપાલિકાના Integrated Command & Control Centre (ICCC) મારફત કરવા માટે ઈ-વિદ્યા કેન્દ્ર થકી કરવા માટેનું આયોજન હોય સુરત શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ અને સુમન હાઈસ્કુલોના શૈક્ષણિક કાર્યના મોનિટરીંગ કરી શકાય તો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ખૂબ જ મદદરૂપ થઈ શકે તેમ છે.

ઈ-વિદ્યા કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણમાં સુધારો કરવા માટે તેમજ વર્ગખંડના શિક્ષણમાં સુધારો કરવા માટે SwiftClass ઉપલબ્ધ થશે અને AI બેઝ રજીસ્ટ્રેશન, વિદ્યાર્થીઓની હાજરી તથા મુલ્યાંકન વગેરેનું વિશ્લેષણ ઉપલબ્ધ બને થશે.

ઈ-વિદ્યા કેન્દ્ર દ્વારા MIS / ઈન્ડેક્સિંગ સાથે લાઈવ રજીસ્ટ્રેશન, વિદ્યાર્થીઓની હાજરી, શાળાકીય તમામ પરિક્ષાઓના મુલ્યાંકનનું વિશ્લેષણ, ઓટોમેટેડ હોલિસ્ટીક રીપોર્ટ કાર્ડ, શાળાકિય ઈન્ફ્રાસ્ટ્રકચર તથા ઈન્વેંટરીઓ અંગેની માહિતી, શાળાની વિવિધ યોજનાઓ અને શાળા ખાતેથી વિદ્યાર્થીઓએ મેળવવાના વિવિધ પ્રમાણપત્રોની અરજીઓ, શાળાના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓ અંગેની માહિતી તેમજ તેનું વ્યવસ્થાપન જેવા કાર્યો સરળતા તેમજ કાર્યક્ષમ રીતે વધુ ચોક્સાઈપૂર્વક શક્ય બની રહે તે માટે સુરત મહાનગરપાલિકાના માન.કમિશ્નરશ્રી, વિભાગીય વડાના પ્રયત્નથી વિદ્યા સમિક્ષા કેન્દ્રથી મળેલ એક્સેસથી Integrated Command & Control Centre (ICCC) ખાતે ઈ-વિદ્યા કેન્દ્રનું ડેશબોર્ડ થકી મોનિટરિંગ કરવામાં આવનાર છે

**જનસંપર્ક વિભાગ તરફથી સાદર સમાચાર યાદી નં.૫૩,**
**તા.૧૩/૦૫/૨૦૨૫**

**પ્રેસ નોટ**

**સુરત મહાનગરપાલિકા**

**પશ્ચિમ ઝોન (રાંદેર)**

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૯(રાંદેર) પાલનપોર વિસ્તારમાં શહેરી વિકાસના તથા દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા મશાલ સર્કલ પાસે ચાર રસ્તા ઉપર ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસ પાસે વેફર/ફરસાણ ની લારી/દુકાનવાળા ધ્વારા રોડ પર તથા ફૂટપાથ પર કરેલ દબાણ દૂર કરવામાં આવેલ છે. જેમાં ૦૨(બે) ખુલ્લી લારી, ૦૪ (ચાર) બંધ લારી, ૦૬ (છ) નંગ બાંબુ, ૦૬ (છ) નંગ છત્રી, ૦૩(ત્રણ) નંગ છત્રીના સ્ટેન્ડ અને ૦૮ (આઠ) બોર્ડ/બેનર જપ્ત કરી દબાણ દૂર કરવામાં આવેલ હોવાથી મશાલ સર્કલ ચાર રસ્તા ઉપર થનાર ટ્રાફિકની સમસ્યાનું મહદ અંશે નિરાકરણ કરવામાં આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન (રાંદેર) ના શહેરી વિકાસના સ્ટાફ ૧-આસી.ઇજનેર અને ૧-ટેકનીકલ આસીસ્ટન્ટ તથા દબાણ વિભાગના સ્ટાફ ૧-જુની.ઇજનેર તથા ૧-ટેકનીકલ આસીસ્ટન્ટ ધ્વારા કોઇપણ અણબનાવ ન બને તેની કાળજી લઇ શાંતિપૂર્ણ રીતે પૂરી કરવામાં આવેલ છે.





# સુરત મહાનગરપાલિકા
# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

**વિષયઃ–સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાંથી દબાણ દૂર કરવાની કામગીરી.**

➢ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ જમના નગર બી.આર.ટી.એસ. કેનાલ રોડથી કે.પી.ગ્રુપ સર્કલ તરફ જતા જાહેર રસ્તા તથા ફૂટપાથ ઉપર કેરીનું વેચાણ કરતા ફેરીયાઓનું દબાણ અત્રેથી વખતો વખત દૂર કરવામાં આવે છે. તેમ છતાં પણ ફરીથી આ પ્રકારનું દબાણ જાહેર રસ્તા પર થઈ જતાં આજ રોજ સ્થળ ઉપર કેરી વેચાણનો ધંધો કરતા અંદાજે ૦૯ ફેરિયાઓને દૂર કરી, અંદાજે ૪૩–કેરેટ(કેરી), ૧૭–લાકડાની પેટી(કેરી), ૨૩–બોક્ષ(કેરી), ૦૯–ઈલેકટ્રીક કાંટા, ૦૨–લારી તથા ૦૧–નંગ છત્રી ઉપરોકત વિગત મુજબનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. તથા દબાણકર્તાઓ દ્વારા ફરીથી દબાણ ન કરવામાં આવે તે માટે દબાણકર્તા ઈસમોને જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડે.મ્યુ.કમિશનરશ્રી ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ દ્વારા અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ પ્રિ.ટી.પી સ્કીમ નંબર-૪૦(લિંબાયત-ડીંડોલી) માં આવેલ સુરત મહાનગરપાલિકાને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના હેતુ માટે ઉપલબ્ધ થયેલ અનામત અંતિમ ખંડ નં. ૧૨૯ વાળી જગ્યાની અસર હેઠળ આવતી બ્લોક નં. ૪૬૮, ઓ.પી.નં. ૫૧ માં હયાત કાચા-પાકા મકાન, લારી-ગલ્લા વિગેરેને તા.૧૩/૦૨/૨૦૨૪ ના રોજ નોટીસ પાઠવેલ. પરંતુ નોટીસ આપ્યા બાદ પણ હયાત કાચા-પાકા મકાન, લારી-ગલ્લા વિગેરેને દુર કરવામાં આવેલ ન હોય, જેથી આજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ સદર કુલ-૧૧ (અગિયાર) કાચા-પાકા મકાન તથા લારી-ગલ્લા દુર કરી અનામત અંતિમ ખંડ નં. ૧૨૯(સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર)માં બાકી રહેલ ૧૦૭૧.૦૦ ચો.મી જગ્યાનો કબ્જો સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા મેળવવામાં આવેલ છે.

તેમજ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૬૧ (પરવટ-ગોડાદરા)માં ફા. પ્લોટ નં. ૧૬૪/એ થી ફા. પ્લોટ નં. ૧૨૯/બી/૪ સુધીનો ૪૫.૦૦ મીટર ટી. પી. રસ્તાને સંપૂર્ણ પહોળાઈમાં ખુલ્લો કરવાની કામગીરી કરવામાં આવેલ છે. જે અન્વયે આજ તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ ૨૪૦૦ ચો. મી. ક્ષેત્રફળમાં કાચા-પાકા ઓટલાઓ/ બાંધકામોનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

સદર જગ્યા/રસ્તાનો કબ્જો ઉપલબ્ધ થતા આ વિસ્તારમાં જાહેર વિકાસલક્ષી આયોજન સરળ થઈ શકશે. સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ૦૩ આસી/જુની. ઇજનેર, ૦૫ ટેક.આસી. તેમજ ૨૫(પચ્ચીસ) જેટલા બેલદારો, ૧૫(પંદર) સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે હાથ ધરી કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં.૫૬**
**તા.૧૪/૦૫/૨૦૨૫**


Mo.99137 27051,97231 42892
CASE

preliminary tp-40,
reservation plot no-129






# પ્રે સ નો ટ

સુરત શહેરમાં ઉનાળાની સીઝનને ધ્યાને રાખી આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ માહે એપ્રિલ અને મે-2025માં ફુડ ઇન્સ્પેક્શન વિભાગનાં ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોનમાં આવેલ કેરી અને અન્ય ફળ ફળાદી, પેકેજ્ડ ડ્રિંકિંગ વોટર, મેન્ગો મીલ્ક શેક & તૈયાર ખોરાક વિગેરેના ખાધ્ય પદાર્થોનું ઉત્પાદન કરી વેચાણ કરતી સંસ્થાઓની આકસ્મિક ચેકિંગ હાથ ધરી સર્વેલન્સ નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂ લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવેલ જેના રીપોર્ટ આવ્યેથી ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ-2006 અને તેના નીતિ-નિયમો અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

- મેન્ગો મીલ્ક શેકના કુલ 10 સર્વેલન્સ નમુના લેવામાં આવેલ છે.
- પેકેજ્ડ ડ્રિંકિંગ વોટરના કુલ 80 સર્વેલન્સ નમુના લેવામાં આવેલ છે.
- હોટલ અને રેસ્ટોરેન્ટમાંથી તૈયાર ખોરાકના કુલ 90 સર્વેલન્સ નમુના લેવામાં આવેલ છે.
- ફુડ કોર્ટમાંથી તૈયાર ખોરાકના કુલ 286 સર્વેલન્સ નમુના લેવામાં આવેલ છે અને જે તે ઝોનના આરોગ્યના સેનીટરી સ્ટાફ દ્વારા રૂપિયા 1,06,300/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે તેમજ આરોગ્યલક્ષી ખામી જણાતા નોટીસ આપવામાં આવેલ છે.
- અખાધ્ય કેરી અને અન્ય ફળ-ફળાદીના આશરે 550 કીલો નાશ કરાવવામાં આવેલ જેની અંદાજીત કિંમત રૂપિયા 1,32,000/- છે અને જે તે ઝોનના આરોગ્યના સેનીટરી સ્ટાફ દ્વારા રૂપિયા 34,000/- વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે તેમજ આરોગ્યલક્ષી ખામી જણાતા નોટીસ આપવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૫૭
તા.૧૪/૦૫/૨૦૨૫

સુરત મહાનગર પાલિકા

પ્રેસ નોટ

મા.મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી તેમજ મા.સ્થાયી સમિતિ ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ દ્વારા આજ રોજ તા.14/05/2025 ના રોજ નોર્થ ઝોન વિસ્તારમાં આવેલ સુરત થી અમરોલી જતા માર્ગ પર રત્નમાલા જંક્શન તથા ગજેરા જંક્શન પર બીઆરટીએસ રૂટ ના અનુરૂપ EPC પદ્ધતિ થી ફ્લાય ઓવર બ્રિજની સાઇટ વિઝિટ કરવામાં આવેલ અને ઇજારદાર રચના કન્સ્ટ્રકશનને આ ફ્લાય ઓવર બ્રિજની કામગીરી ડિસેમ્બર 2025 સુધીની નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવા સુચના આપવામાં આવેલ છે. વધુમાં, વલ્લભાચાર્ય રોડથી શરૂ કરી કાપોદ્રા તરફે હયાત શ્રીનાથજી બ્રિજને જોડતા એન્ટ્રી રેમ્પની કામગીરી પણ ડિસેમ્બર 2025 સુધીમાં પૂર્ણ કરવા સૂચના આપવામાં આવેલ છે.





## પૂર્વ(વરાછા)ઝોન-એ ની અખબારી યાદી

પૂર્વ(વરાછા)ઝોન-એ માં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૫ (કુંભારીયા-સારોલી-સણીયા હેમાદ-દેવધ) માં આવેલ મુળખંડ નં.૨૭૯,૨૮૧,૨૮૨,૨૮૪,૨૮૯,૨૯૭ માંથી પસાર થતો ૧૮.૦૦ મીટર પહોળાઈના રસ્તા તથા મુળખંડ નં. ૨૯૧,૨૯૦,૨૭૪ માંથી પસાર થતો ૨૪.૦૦ મી પહોળાઈના ટી.પી. રસ્તાનો કબ્જો મેળવવા બાબત.

તા.૧૨/૦૫/૨૦૨૫ અને તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ પૂર્વ(વરાછા)ઝોન-એ વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી. સ્કીમ નં.૩૫(કુંભારીયા-સારોલી-સણીયા હેમાદ-દેવધ) માં મુળખંડ નં.૨૭૯,૨૮૧,૨૮૨,૨૮૪,૨૮૯,૨૯૭ માંથી પસાર થતો ૧૮.૦૦ મી. પહોળાઈના રસ્તા તથા મુળખંડ નં.૨૯૧,૨૯૦,૨૭૪ માંથી પસાર થતો ૨૪.૦૦ મી પહોળાઈના ટી.પી. રસ્તાનો કબજો મળવાથી સારોલી ગામના રહેવાસીઓને આવાગમન માટે વધુ એક રસ્તોનો વિકલ્પ મળી જતાં સુરત-બારડોલી રોડ પરથી સારોલી ગામમાં થઈ કેનાલ રોડ તરફ સીધી કનેકટીવીટી મળે છે. જેના કારણે હાલ મેટ્રોની કામગીરીને કારણે પીક અવર્સમાં સુરત-બારડોલી રોડ પર થતા ટ્રાફીકજામના કિસ્સામાં વૈકલ્પીક રૂટ મળવાના કારણે ઘણી રાહત થાય એમ છે. જેથી મે.ડે.મ્યુ.કમિશ્નરશ્રી(ડી.)ની સુચના તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તમામ ડેપ્યુટી ઇજનેરશ્રી શહેર વિકાસ વિભાગ તથા રસ્તા વિભાગના ૪(ચાર) આસી./જુનીયર ઈજનેર તથા દબાણ ખાતાની ૦૧(જેસીબી), ૦૧(એક) ગાડી, ૦૫(પાંચ) ઘણવાળા, ૦૫(પાંચ) બ્રેકર તથા ૧૦(દસ) જેટલાકામદારો દ્વારા રસ્તો ખુલ્લો કરવાની કામગીરી પૂર્ણ કરી, આશરે ૧,૮૫,૦૦૦ ચો.ફુટ ટી.પી.રોડનો કબ્જો લેવામાં આવેલ. સદર રસ્તાનું કામ પૂર્ણ થયેથી સ્થાનિકોની વર્ષો જુની પ્રાથમિક સુવિધાની માંગણી પુરી પાડી શકાશે. જેથી ટ્રાફિક સમસ્યાનો મહદ્અંશે નિવારણ આવશે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર<br>
સમાચાર યાદી નં. ૫૯<br>
તા.૧૫/૦૫/૨૦૨૫




JCB

સુરત મહાનગર પાલિકા
વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગમુખ્યકચેરી
અખબારી યાદી

# રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ-૧૬ મે

સુરત મહાનગરપાલિકાના વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા **૧૬ મેના રોજ રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી** કરવામાં આવેલ છે જે અંતર્ગત જનજાગૃતિ માટેલોકોની મહત્તમ અવરજવરવાળા જાહેર સ્થળોએ, આરોગ્યકેન્દ્ર,ઝોન ઓફિસ, ,ટ્રાફિક સર્કલ પર, સરકારી ઇમારતો વિગેરે પર ડેન્ગ્યુ રોગથી બચવાના ઉપાયો તેમજ રોગની જાણકારી આપતાં સ્ટીકરો ચોંટાડવામાં આવેલ છે. રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ નિમિત્તે તમામ ઝોનની વિવિધ શાળાઓ, ડેન્ગ્યુ માટે સંવેદનશીલ વિસ્તારોની સોસાયટીઓ/સ્લમમાં, બાંધકામ વિસ્તારમાં મચ્છરજન્યરોગની જાણકારી આપવા પ્રદર્શન શિબીરો ગોઠવી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી હતી તમામ ઝોનમાં આજે તા.૧૬/૦૫/૨૫ ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે **"રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ"** ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

સેન્ટ્રલઝોનમાં ડબગરવાડ,રેણુકામાતાની શેરી,પટવા શેરી,ડુંગરકુવા,રાણીતળાવ મેઇન રોડ, મૌલ્વી સ્ટ્રીટ, તીન બત્તી કાજીનું મેદાન, અકબર શહીદ ટેકરી અને સલાબતપુરા મોમનાવાડ જેવાવિસ્તારોમાં, વેસ્ટઝોનમાં સહ્કારપણાઆવાસ,આકાશ કલાસીસ, જૈજ શાંતિવર્ધક ઉપાસય, ધોબીતલાવ, શાહ બંગ્લોઝ, તાપીદર્શન સોસા., શિવાજી પાર્ક જેવા વિસ્તારોમાં, ઉધના-એ ઝોનમાં ખરવરનગર, સજયનગર, ગીરી નગર, કર્મયોગી- ૨, શ્રીરામનગર, રણછોડનગર, સિધ્ધી વીનાયક, ઉમ્મીદ નગર, અકરમ નગર, કૃષ્ણ કુંજ જેવાવિસ્તારોમાં, ઉધના-બીઝોનમાં અક્ષાનગર, જીલાનીનગર, દરબારનગર, શ્રીનગર, વિશાલ નગર, મહાવીર દર્શન, હળપતીવાસ, ટેકરા ફળીયું જેવાવિસ્તારોમાં, લિંબાયતઝોનમાં દિપકનગર શાકભાજી માર્કેટ, સહજાનંદ સો, બજરંગનગર, ગોકુલ નગર, રાજલક્ષ્મી એપા., ગાંધી નગર, પદમાનગર, રાજીવ નગર, પુષ્પા નગર જેવાવિસ્તારોમાં, અઠવાઝોનમાં જેવા પાદર ફળિયુ રામનાથ ઘેલા મંદિર, ડૉ. હેગડેવાર નગર, રસુલાબાદ, ગાંધી કુટીર, આશીર્વાદફાર્મ, આમલી ફળીયુ વિસ્તારોમાં, કતારગામઝોનમાં સ્વામીનારાયણ મંદિર, રમણનગર, શાંતિકુંજ જનતાનગર, અક્ષરવાડી, નહેરૂનગર, અમરોલી ચારરસ્તા, મનીષા સોસાયટી, મસ્જીદફળીયું જેવાવિસ્તારોમાં, વરાછાઝોન-એમાં પીર ફળિયું, રૂસ્તમબાગ, બાપાસીતારામ, રાણાપંચની વાડી, બોમ્બેકોલોની જેવાવિસ્તારોમાં, વરાછાઝોન-બીમાં ઇશ્વરકૃપાસોસા, વંદના સોસા, શક્તિવિજય સોસા, મહિડાનગર, કોઠી ફળીયુ, ભાથીજીમંદીર, ઉપલી કોલોની, ખડી ફળીયુ જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.
આ ઉપરાંત ડ્રાય ડેની પણ કામગીરી કરવામાં આવી.આ ઉપરાંત ડ્રાય ડેની પણ કામગીરી કરવામાં આવી.

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | એડિસ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | ભાગ લીધેલ વ્યક્તિ ની સંખ્યા | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઇસમ ની સંખ્યા | ટેમ્પીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 64311 | 198255 | 1024 | 495 | 3653 | 1276 | 9116 | 3577 | 304 | 176300 | 74 | 47600 | 16124 |

જનસંપર્ક વિભાગ

સમાચાર યાદી નં. ૬૦, તા. ૧૬-૫ -૨૦૨૫







# સુરત મહાનગરપાલિકા પ્રેસનોટ

માનનીય રાજય ગુહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતીમાં, ૧૬૮ ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈ તેમજ મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, દંડકશ્રી ધર્મેશભાઈ વાણિયાવાલા, વોર્ડ નં ૨૨ ના નગરસેવકો શ્રી હિંમાશુભાઈ રાઉલજી, શ્રી દિપેશભાઈ પટેલ, શ્રીમતી કૈલાશબેન સોલંકી, શ્રીમતી રશ્મિબેન સાબુ તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, નગરસેવકો અને ગ્રામજનો ની હાજરીમાં મગદલ્લાપોર્ટ થી સાયલન્ટ ઝોન જકંશન થઈ સુરત ડુમસ રોડ સુધીના ૩૬.૦ મી. ટી.પી.રોડ પૈકી કેનાલની બંને તરફ ૬.૦ મી. રસ્તાનું લોકાર્પણ આજરોજ તા.૧૬/૦૫/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે.

સદર રોડ ૫.૦ કિ.મી. જેટલી લંબાઈમાં ઓલ સેકશન ડામર રોડ બનાવવામાં આવેલ છે. કેનાલ રોડ બન્યેથી એરપોર્ટ, ડુમસ બીચ તેમજ ભવિષ્યમા સાકાર થનાર સી ફેસ ડેવલપમેન્ટ માટેના વાહન–વ્યવહારને નવો વૈકલ્પિક રસ્તો મળશે તેમજ એરપોર્ટની સામેના ભાગમાં નવા ડેવલપ થતા વિસ્તારના રહીશોને ડુમસ બીચ, ડુમસ સી ફેસ ડેવલપમેન્ટ,ડુમસ ગામ, કાદી ફળીયા, સુલતાનાબાદ, ગવિયર ગામને નવી કનેકટીવીટી મળશે.લોકાર્પણ દરમિયાન માનનીય રાજય ગુહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી દ્વારા તેમના ઉદબોધનમાં નવા કેનાલ રોડ બનાવવા બદલ ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈ તેમજ વોર્ડ નં.૨૨ ના નગરસેવકોની કામગીરીને બિરદાવવામાં આવેલ, તેમજ સદર નવો લીક રોડ ડુમસ બીચ પર જવા માટે સુરત શહેરના શહેરીજનોને ઉપયોગી નિવડશે એવુ જણાવેલ છે.

***ટેકનીકલ વિગત***

૧) રસ્તો બનાવવા માટે થયેલ ખર્ચ રૂા.૧૨,૭૮,૦૦,૦૦૦.૦૦

૨) સ્ટ્રીટ લાઈટ માટે થયેલ ખર્ચ રૂા.૧,૪૫,૧૩,૧૫૨.૦૦

૩) સ્ટ્રોમ લાઈન માટે થયેલ ખર્ચ રૂા.૭,૦૫,૦૮,૬૬૯.૫૫








GPS Map Camera
Surat,Gujarat,India
Dumas, Surat, 394550, Gujarat, India
Lat 21.117391, Long 72.730324
05/11/2025 18:02 GMT+05:30
Note : Captured by GPS Map Camera

## સુરત મહાનગરપાલિકા

## બ્રીજસેલ

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ના બ્રીજસેલ વિભાગ ધ્વારા હજીરા-પલસાણા નેશનલ હાઇવે નં. ૫૩ પર સચીન જી.આઇ.ડી.સી. નજીક રેલ્વે પર હયાત બ્રીજોની વચ્ચે નવો રેલ્વે ઓવર બ્રીજ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આ રેલ્વે ઓવર બ્રીજમાં સુરત શહેરમાં પ્રથમવાર ૭૬.૦૦મી. લંબાઇના લોખંડના બો સ્ટ્રીંગ ગર્ડરનો (ધનુષ આકારના બ્રીજ) રેલ્વે સ્પાનમાં ઉપયોગ કરવામાં આવનાર છે અંદાજે ૮૦૦મે.ટન વજન ધરાવતો આ બ્રીજ સ્થળ પર તૈયાર કરી દેવામાં આવેલ છે તેમજ બ્રીજસેલ વિભાગ ધ્વારા રેલ્વે વિભાગમાં પાવર બ્લોક અને ટ્રાફિક બ્લોકની મંજુરી માટે પરવાનગી માંગવામાં આવેલ છે. આ સ્થળે મુંબઇ સેન્ટ્રલ રેલ્વે ની બે(૦૨) તથા ડી.એફ.સી.સી. ની બે(૦૨) મળી કુલ ચાર રેલ્વે ટ્રેકો આવેલ છે તેમજ બંને તરફ હયાત બ્રીજો હોવાથી આ લોન્ચીંગ કામગીરી બંને હયાત બ્રીજો પરથી કરવી પડે છે.

આ કામગીરી અંદાજે ૬૦ દિવસ સુધી ચાલે તેમ છે જેથી વેસ્ર્ટન રેલ્વે પાસે ૩૦ દિવસ તેમજ ડી.એફ.સી.સી. વિભાગ પાસે ૩૦ દિવસ મળી એમ કુલ ૬૦ દિવસનો બ્લોક સુરત મહાનગરપાલિકા ધ્વારા માંગવવામાં આવેલ છે જે અન્વયે રેલ્વે વિભાગ ધ્વારા હાલમાં ચાલતા વેકેશનને ધ્યાને રાખી દિવસમાં કોઇપણ ૩ (ત્રણ) કલાક માટે ટ્રેનની મુવમેન્ટ ધ્યાને લઇ બ્લોક ફાળવવા મૌખિક જણાવેલ છે. બ્લોક દરમ્યાન હયાત બ્રીજ પરથી મશીનરી મુકી કામગીરી કરવાની રહેતી હોય ટ્રાફિકની સલામતી ખાતર રેલ્વે વિભાગ ધ્વારા જયારે પણ આ બ્લોક ફાળવવામાં આવે તે સમય દરમયાન સચીન સાતવલ્લા ઓવર બ્રીજને ટ્રાફિક માટે બંધ રાખવો પડે તેમ છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા ટ્રાફિક પાલીસ વિભાગ પાસે પણ એન.ઓ.સી. માંગવામાં આવેલ છે. જે અંગે ટ્રાફિક પોલીસ વિભાગ ધ્વારા પણ પૂરેપૂરો સહકાર આપવા જણાવેલ છે તેમજ બ્રીજ બંધ કરવા માટે નીચે જણાવ્યા મુજબ ડાયવર્ઝન આપવા જણાવેલ છે.

1. નવસારી તરફથી સુરત શહેરમાં આવતા વાહન ચાલકો તુલશી હોટલથી જમણી બાજુએ ટર્ન લઇને સુડા માંથી એપ્રલ પાર્ક થઇને સચીન વાંઝ બ્રીજ થઇને નેશનલ હાઇવે નં.૫૩ નો ઉપયોગ કરીને સાતવલ્લા ઓવરબ્રીજ તથા બુડીયા બ્રીજ નીચેથી જમણી બાજુએ ટર્ન લઇને સુરત શહેરમાં થઇ શકશે.
2. પલસાણા તરફથી સુરત શહરેમાં આવતા વાહનો નેશનલ હાઇવે ૫૩ ઉપર આવેલ સાતવલ્લા ઓવર બ્રીજ ચઢીને ગભેણી બ્રીજ તથા બુડીયા બ્રીજ નીચેથી જમણી બાજુએ ટર્ન લઇને જઇ શકશે.

3. નવસારી તરફથી સચીન જી.આઇ.ડી.સી. મા જતા વાહનો સચીન ચાર રસ્તા થી ડાબી બાજુએ ટર્ન લઇને સચીન રેલ્વે સ્ટેશન બ્રીજ થઇને પાલીગામ ડાયમંડ ગેટ થી જમણી બાજુએ ટર્ન લઇને સચીન જી.આઇ.ડી.સી માં જઇ શકશે.
4. પલાસાણા તરફથી સચીન જી.આઇ.ડી.સી. મા જતા વાહનો પલસાણા ટી પોઇન્ટ થી ડાબી બાજુએ ટર્ન લઇને સચીન નવસારી મેઇન રોડ થઇને સચીન ચાર રસ્તા થી જમણી બાજુ ટર્ન લઇને સચીન રેલ્વે સ્ટેશન બ્રીજ થઇને પાલીગામ ડાયમંડ ગેટ થી જમણી બાજુએ ટર્ન લઇને સચીન જી.આઇ.ડી.સી.માં જઇ શકશે. તથા વાંઝ બ્રીજ નીચેની ડાબી બાજુએ ટર્ન લઇને સચીન ચાર રસ્તા થી સીધા સચીન રેલ્વે સ્ટેશન બ્રીજ થઇને પાલીગામ ડાયમંડ ગેટ થી જમણી બાજુએ ટર્ન લઇને સચીન જી.આઇ.ડી.સી.મા જઇ શકશે.
5. બુડીયા ગભેણી થી સચીન/નવસારી/મરોલી તરફ જતા વાહન ચાલકો સચીન જી.આઇ.ડી.સી. ગેટ નં. ૧ જવાના બદલે નેશનલ હાઇ વે પર આવેલ ઓવરબ્રીજ થઇને સીધા વાંઝ ઓવર બ્રીજ નીચેથી જમણી બાજુએ ટર્ન લઇને અપ્રેલ પાર્ક થઇને સચીન તરફ જઇ શકશે.
6. ઉન તરફ જતા વાહન ચાલકો સચીન જી.આઇ.ડી.સી. ગેટ નં. ૧ થી સચીન જી.આઇ.ડી.સી.માંથી લક્ષ્મી વિલા થી ડાબી બાજુએ ટર્ન લઇને ડાયમંડ પાર્ક થઇને સચીન તરફ જઇ શકશે.
7. ઉન તરફથી આવતા અને પલસાણા/નવસારી તરફ જતા વાહન ચાલકો પ્લેટીનમ પ્લાઝાથી ડાબી બાજુએ ટર્ન લઇને ભણોદ્રા ઓવરબ્રીજ થઇને પલસાણા તરફ જઇ શકશે.

ઉપરોકત કામગીરી દરમ્યાન બ્રીજ બંધ રહેવામાં આવનાર હોય, લોકોને થોડી તકલીફ પડે તેમ છે પરંતુ રેલ્વે વિભાગ ધ્વારા સમયસર મંજુરી મળી રહે તો નવો બ્રીજ આગામી દિવાળી સુધીમાં તૈયાર થઇ જાય તેમ હોય, સુરત-નવસારી જતા વાહન ચાલકોને ટ્રાફિકમાં રાહત મળે તેમ છે.

**જનસંપર્ક વિભાગ**

**સમાચાર યાદી નં. ૬૨, તા. ૧૭-૫ -૨૦૨૫**

# -: પ્રેસનોટ :-



સુરત મહાનગરપાલિકાના સહયોગથી શ્રી દ્વારકાધીશ મહિલા ગ્રુપ-સુરત ની બહેનો દ્વારા સૌ પ્રથમ વખત નિ:શુલ્ક મેગા સર્વરોગ નિદાન કેમ્પ, રકતદાન શીબીર તેમજ પ્રજાલક્ષી વિવિધ યોજનાઓથી અવગત કરવા તેમજ યોજનાઓનો ૧૦૦% લાભ પહોચાડવાના આશયથી તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ મગોબ હેલ્થ સેન્ટર, ડી.આર. વર્લ્ડની બાજુમાં, આઈમાતા રોડ, સુરત મુકામે દિપ પ્રાગટય કરી વિના-મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો. આ પ્રસંગમાં માનનીય ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માનનીય અધ્યક્ષ રુગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ શ્રીમતી મનીષાબેન આહિર, પૂર્વ ડે. મેયરશ્રી તેમજ સ્થાનિક મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ અને સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ હાજર રહયા હતા. સદર વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના તબીબી તજજ્ઞો જેવા કે,જનરલ મેડીસીન, જનરલ સર્જરી, આંખનાં રોગો, કાન-નાક-ગળાના રોગો, ચામડીના રોગો, સ્ત્રીરોગ, બાળ રોગ, દાંતના રોગો, માનસિક રોગ અને ફીઝીયોથેરાપીસ્ટ દ્વારા તબીબી નિદાન-સારવારની કામગીરી, આયુષ્માન અને PMJAY કાર્ડના નિર્માણ અંગેની કામગીરી, હાઈપરટેન્શન અને ડાયાબિટીસ માટે સ્ક્રીનીંગની કામગીરી, ગર્ભાશયના મુખનું કેન્સર, સ્તન કેન્સર તથા ઓરલ કેન્સરના સ્ક્રીનીંગની કામગીરી, ટીબીના દર્દીઓની ઓળખ અને સારવાર અંગેની કામગીરી કરવામાં આવેલ છે.

સદર કાર્યક્રમમાં કુલ ૫૮૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો, જે પૈકી મેડીસીનના ૧૬૬, સર્જરીના ૩૩, બાળરોગના ૬૦, સ્ત્રી રોગના ૪૯, દાંતના ૨૪, માનસિક રોગના ૦૫, કાન-નાક-ગળાના ૧૪ અને આંખના ૭૦ તેમજ ચામડીના ૯૦ દર્દીઓ તપાસવામાં આવેલ, વધુમાં આયુષ્માન અને PMJAY યોજનાના ૭૦ કાર્ડ બનાવવામાં આવ્યા હતા તેમજ ૨૪ યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમમાં વિવિધ આરોગ્યલક્ષી પ્રદર્શન પણ યોજવામાં આવેલ જેનો શહેરીજનોએ લાભ લીધેલ.

**જનસંપર્ક વિભાગ**

**સમાચાર યાદી નં. ૬૩, તા. ૧૭-૫ -૨૦૨૫**

# --::<u>પ્રેસનોટ</u>::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદર્શન હેઠળતા.૨૦/૦૫/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪, કલમ–૬(અ અને બ) અને કલમ–૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા.૨૦/૦૫/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાંકુલ ઇસમો ૧૯અને કુલરુપિયા૩૮૦૦, **સેન્ટ્રલ** ઝોનમાંકુલ ઇસમો ૨૪અને કુલરુપિયા૪૮૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૧૯ અને કુલ રુપિયા ૩૮૦૦ **વરાછા–એ** ઝોનમાં કુલ ઇસમો ૨૦ અને કુલ રુપિયા ૪૦૦૦, **વરાછા–બી**ઝોનમાં કુલ ઇસમો ૧૬ અને કુલ રુપિયા ૩૨૦૦, **ઉધના–એ** ઝોનમાં કુલ ઇસમો ૨૩ અને કુલ રુપિયા ૪૬૦૦, **ઉધના–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૪અને કુલ રુપિયા ૨૮૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૬ અને કુલ રુપિયા ૩૨૦૦, **લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૧૬ અને કુલ રુપિયા ૩૨૦૦ સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીને કુલ ઇસમો ૧૬૭ પાસે કુલ ૩,૪૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૬૪
તા.૨૦/૦૫/૨૦૨૫

# <u>પ્રેસનોટ</u>

માન.વડાપ્રધાનશ્રી દ્વારા તા. ૦૨ ઓકટોબર ૨૦૨૧નાં રોજ નવી દિલ્હી ખાતે થી સ્વચ્છ ભારત મિશન અર્બન-૨.૦ લોન્ચ કરવામાં આવેલ છે. માન. વડાપ્રધાનશ્રીએ તા. ૨૯-૦૫-૨૦૨૨નાં રોજ મન કી બાતના કાર્યક્રમમાં ૮૯ માં એપિસોડમાં સ્વચ્છતા ઉપર ભાર મુકતા ૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસે નાગરિકોને વૃક્ષારોપણ કરવા અપીલ કરી છે. વધુમાં, ભારતમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મૂકી સમગ્ર વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

૫ જુન ૨૦૨૫ વિશ્વ પર્યાવરણ દિવસનાં ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે **"Ending Plastic Pollution Globally"**વિષય ઉપર પ્લાસ્ટિક નાબુદી ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય ભારતસરકાર દ્વારા તા.૨૨ મેં૨૦૨૫ થી તા. ૫ જુન ૨૦૨૫ દરમિયાન " Ending Plastic PollutionGlobally" વિષય ઉપર પખવાડીક ઝુંબેશનું આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોન વિસ્તારના વેજીટેબલ માર્કેટ, પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ હબ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, સરકારી કચેરીઓ, સ્કુલ-કોલેજ, ફૂડ કોટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસીડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકા પદાધિકારીશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ,NGO, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ વિગેરેના સહયોગમારફતસિંગલ યુઝ પ્લાસ્ટીક ઉપર પ્રતિબંધ કરવાની કામગીરી, નાગરીકોના સહયોગથી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ, શહેરના દરિયાના કિનારા/નદી/તળાવની આસપાસ NGO/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઈવ, સિંગલ યુઝ પ્લાસ્ટીક/મલ્ટીલેયર પ્લાસ્ટીકનો ઉપયોગથી રોડ બનાવવા, શૈક્ષણિક સંસ્થાઓમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ, કપડાની થેલી, ગ્લાસની બૉટલ ઇકો-ફ્રેન્ડલી કટલરી/બામ્બૂ ટુથબ્રશ,સ્ટીલ કે રિસાઈકલ કરી શકાય તેવા પ્લાસ્ટીકના લંચ બૉક્સ વિગેરેવસ્તુઓ ના ઉપયોગ માટે નાગરિકોમાં જાગૃતતા લાવવી, ઘન કચરાના વર્ગીકરણ બાબતે ઝુંબેશ, જાહેર વિસ્તારોમાં કચરો નાખવા બદલ દંડ, સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IECપ્રવૃતિહાથ ધરી માહિતગાર કરવામાં આવશે.

સદર ઝુંબેશ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા કચરા ડોર ટુ ડોર વાહનની મદદ થી જનજાગૃતિ રેલી, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા અંતર્ગત દરેક ઝોનમાં બેનર પર હસ્તાક્ષર ઝુબેશ, ધાર્મિક સંસ્થાઓ તથા સખી મંડળના સહયોગ મારફત કપડાની થેલીનું વિતરણ, જાહેર સ્થળો પર ફ્લેશ મોબ, ડીજીટલ સંકલ્પ, ડીજીટલ ક્વીઝ, હોસ્પિટલ/UHC/CHCના કેસ પેપરના તળીયે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા બાબતની IEC જેવી ઇનોવેટીવ એક્ટીવીટી મારફત નાગરીકોને પ્લાસ્ટિક પ્રદુષણની હાનીકારક અસરો વિશે જનજાગૃતિ આપી, સિંગલ યુઝ પ્લાસ્ટિકના વિકલ્પો બાબતે માહિતગાર કરવામાં આવશે.

જન સંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફતથી સાદર

સમાચાર યાદીનં. ૬૫, ૨૧/૦૫/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા

હાઈડ્રોલિક વિભાગ

## <u>પ્રેસનોટ</u>

**<u>કતારગામ વોટર વર્કસથી પુરી પાડવામાં આવતો પાણી પુરવઠો તા.૨૭/૦૫/૨૦૨૫, મંગળવારનાં રોજ સંપૂર્ણપણે બંધ/ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત</u>**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટિબધ્ધ છે. કતારગામ વોટર વર્કસ ખાતે કે.વી.એ. ડીમાન્ડ વધારવાના કામે ટોરેન્ટ પાવર લી. ધ્વારા કતારગામ વોટર વર્કસખાતેના જુના સબસ્ટેશન ખાતે તેઓનું મીટરીંગ યુનિટ બદલવાની અગત્યની કામગીરી તા.૨૭/૦૫/૨૦૨૫ મંગળવારના રોજ સવારે ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક સુધી હાથ ધરવામાં આવનાર છે. જેના કારણે સુરત મહાનગરપાલિકાનાં નીચે દર્શાવેલ પરિશિષ્ટ-૧ મુજબના વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે તેમજ પરિશિષ્ટ-૨ મુજબના વિસ્તારોમાં પાણી પુરવઠો ઓછા પ્રેશરથી મળશે.

**<u>પરિશિષ્ટ-૧ (પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેવા બાબત)</u>**

| ઝોનનું નામ | વિસ્તાર |
|---|---|
| કતારગામ ઝોન | <u>કતારગામ જળવિતરણ મથક :–બપોરનો સપ્લાય:–</u> વરાછા વિસ્તાર અને અશ્વિની કુમાર, અશ્વિની કુમાર ફુલપાડા, પટેલ નગર, રામબાગ, ધરમનગર રોડ, વલ્લભાચાર્ય રોડ, સૂર્યપુર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઉમિયા મંદિર આસપાસના વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. |

**<u>પરિશિષ્ટ-૨ (પાણી પુરવઠો ઓછા પ્રેશરથી મળવા બાબત)</u>**

| ઝોનનું નામ | વિસ્તાર |
|---|---|
| કતારગામ ઝોન | <u>કતારગામ જળવિતરણ મથક:-સાંજનો સપ્લાય:–</u> સેન્ટ્રલ ઝોન વિસ્તાર, કતારગામ ઝોન વિસ્તાર, કતારગામ બાળાશ્રમ આસ પાસનો વિસ્તાર, કતારગામ ગામતળ, વેડ દરવાજા, કતારગામ દરવાજા, પંડોળ, રેલ રાહત કોલોની, ગોટાલાવાડી, રહેમત નગર, કતારગામ જી.આઈ.ડી.સી., ફુલપાડા અને સુમુલ ડેરી આસપાસના વિસ્તારમાં અપાતો માં અપાતો પાણી પુરવઠો ઓછા પ્રેશરથી મળશે.<br><u>અશ્વિની કુમાર જળવિતરણ મથક:-બપોરનો સપ્લાય :-</u> વરાછા વિસ્તાર અને વરાછા ઝોન ઓફિસ આસપાસના વિસ્તારોમાં પાણી પુરવઠો ઓછા પ્રેશરથી મળશે. |
| સાઉથઝોન (ઉધના-એ) | <u>ઉધના (ચીકુવાડી) જળ વિતરણ મથક:- સાંજનો સપ્લાય:-</u> જુના બમરોલીના અપેક્ષા નગર, હરીઓમ નગર, પુનિત નગર, દેવી દર્શન સોસાયટી, જય જવાન જય કિશાન સોસાયટી અને ગોવાલક વિસ્તારના અંબિકા નગર, આશાપુરી સોસાયટી, દેવેન્દ્ર નગર, ગણપત નગર, લક્ષ્મી નગર, કરશન નગર, હીરા નગર અને કર્મયોગી સોસાયટી વિગેરે વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો ઓછા પ્રેશરથી મળશે. |
| સાઉથ-ઈસ્ટ ઝોન (લિંબાયત) | <u>ડિંડોલી/કિન્નરી જળ વિતરણ મથક :- સાંજનો સપ્લાય:-</u> ભાઠેના-૧, ઉમિયાનગર, મગડુમનગર, સલીમનગર, પ્રકાશ એન્જીનીયરીંગની ગલી, EWS કવાટર્સ, જવાહરનગર, નહેરૂનગર, લો-કાસ્ટ કોલોની, હળપતી કોલોની, નવી કોલોની, ખ્વાજા નગર, બાગબાન ગલીનો વિસ્તાર, ચીમનીનો ટેકરો, બેઠી કોલોની, નહેરૂનગર, D—ટાઈપ ટેનામેન્ટ, ગાંધીનગર, સલીમનગર, ઈસ્લામપુરા, રઝા નગર, મીલેનીયમ માર્કેટ વિસ્તાર અને જુના ડેપોનો વિસ્તાર વિગેરે વિસ્તારોમાં અપાતો પાણી પુરવઠો ઓછા પ્રેશરથી મળશે. |

ઉપરોકત વિગતોની જાહેર જનતાએ નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી છે. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

**જન સંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર**

**સમાચારયાદી નં. ૬૬ , તા.૨૨/૫/૨૦૨૫**

## <u>પ્રેસનોટ</u>

## <u>આરોગ્ય વિભાગ</u>

૫ જુન ૨૦૨૫ **"વિશ્વ પર્યાવરણ દિવસ"**નાં ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે **"Ending Plastic Pollution Globally"**વિષય ઉપર પ્લાસ્ટિક નાબુદી ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય ભારતસરકાર દ્વારા તા.૨૨ મે૨૦૨૫ થી તા. ૫ જુન ૨૦૨૫ દરમિયાન "Ending Plastic PollutionGlobally" વિષય ઉપર પખવાડીક ઝુંબેશના આયોજન રૂપે, સુરત મહાનગરપાલિકાના **માન. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ**ની સુચના મુજબજુદા જુદા ઝોન વિસ્તારના વેજીટેબલ માર્કેટ, પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ હબ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, સરકારી કચેરીઓ, સ્કુલ-કોલેજ, ફૂડ કોટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસીડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ,NGO, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તથા શહેરીજનોના સહયોગથી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ, શહેરના દરિયાના કિનારા/નદી/તળાવની આસપાસ NGO/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઈવ, સિંગલ યુઝ પ્લાસ્ટીક/મલ્ટીલેયર પ્લાસ્ટીકનો ઉપયોગથી રોડ બનાવવા,સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ, કપડાની થેલી, ગ્લાસની બૉટલ ઇકો-ફ્રેન્ડલી કટલરી/બામ્બૂ ટુથબ્રશ,સ્ટીલ કે રિસાઈકલ કરી શકાય તેવા પ્લાસ્ટીકના લંચ બૉક્સ વિગેરેવસ્તુઓના ઉપયોગ માટે નાગરિકોમાં જાગૃતતા લાવવી, ધન કચરાના વર્ગીકરણ બાબતે ઝુંબેશ,સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IEC પ્રવૃતિહાથ ધરી માહિતગાર કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા. ૨૨-૦૫-૨૦૨૫ના રોજસુરત મહાનગરપાલિકા દ્વારા ૫૫ ડોર ટુ ડોર વાહન, ૫JCB, ૧૦ ટ્રક વિગેરે કચરાનું પરિવહન કરતા૭૦ વાહનો, સ્વચ્છતામિત્રો તથા NGOસાથે સાઉથ ઇસ્ટ ઝોનનાડિંડોલી-૨ વોર્ડના ન્યુ રીંગરોડ મધુરમ સર્કલ વિસ્તારમાં **માન.ડે.મેયરશ્રી નરેન્દ્રભાઇ પાટીલ** તેમજ **જાહેર બાંધકામ સમિતિના ચેરમેનશ્રી ભાઇદાસભાઇ પાટીલ** તેમજ **કોર્પોરેટરશ્રી સુધાકરભાઇ ચૌધરી** અને **શ્રીમતિ નીરાલાબેન રાજપુત**વિગેરે મહાનુભાવો તથા અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિતિમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા બાબતે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ.અભિયાનમાં ઉપસ્થિત NGOદ્વારા સોસાયટીના પ્રમુખોને ધન કચરાના વર્ગીકરણ બાબતે માહિતગાર કરવામાં આવેલ તેમજ અન્ય ઝોનમાં NGOમારફતે સોસાયટી/એપાર્ટમેન્ટના પ્રમુખોને ધન કચરાના વર્ગીકરણ બાબતે માહિતગાર કરવામાં આવેલ.

વધુમાં આજ રોજ સુરત શહેરના**સેન્ટ્રલ ઝોનના**સુરત રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશન વિસ્તાર, **ઇસ્ટ-એ ઝોનના**સુરત-કડોદરા રોડ વિસ્તાર, **ઇસ્ટ-બી ઝોનના**વાલક પાટીયા થી કામરેજ ચાર રસ્તા વિસ્તાર, **વેસ્ટ ઝોનના**સરોલી બ્રીજ નાકુ-જહાંગીરપુરા વિસ્તાર, **નોર્થ ઝોનના**શ્રીરામ સર્કલ થી સાયણ ચેક પોસ્ટ થઈ વેદાંત સર્કલ તેમજ BRTS બસ ડેપો કોસાડ, **સાઉથ-એ ઝોનના**ઉધના બસ સ્ટેશન વિસ્તાર, **સાઉથ-બી ઝોનના**સચીન રેલ્વ સ્ટેશન, કનસાડ, **સાઉથ વેસ્ટ ઝોનના**અલથાણ બી આર ટી એસ બસ ડેપો વિસ્તાર, **સાઉથ ઇસ્ટ ઝોનના**કુંભારિયા સ્વાગતગેટ વિસ્તારઆમ **કુલ ૯** ઝોનના વિસ્તારોમાં શહેરીજનોને પ્લાસ્ટીક ખુલ્લામાં ન નાખવા તેમજ લેન્ડફીલ સાઇટ પર જતું અટકાવવા બાબતે કુલ **૬૧૮૦વ્યક્તિઓને**શપથલેવડાવીતેમના સહયોગથી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવેલ.સદર ઝુંબેશ દરમ્યાન **૧૨.૭ મે.ટન**ધન કચરાનો નિકાલ કરી, **૪૩.૪કિ.ગ્રા.** પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી **૩૯ નોટીસ**આપી કુલ રૂ. **૫૪૧૦૦ વહીવટી ખર્ચ** વસુલવામાં આવેલ છે.

જન સંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફતથી સાદર

સમાચાર યાદીનં. ૬૭ તા. ૨૨-૦૫-૨૦૨૫

# પ્રેસનોટ

## આરોગ્ય વિભાગ

૫જુન૨૦૨૫"**વિશ્વ પર્યાવરણ દિવસ**"નાં ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે **"Ending Plastic Pollution Globally"**વિષય ઉપર પ્લાસ્ટિક નાબુદી ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય ભારતસરકાર દ્વારા તા.૨૨મે૨૦૨૫થીતા. ૫જુન૨૦૨૫દરમિયાન"Ending Plastic PollutionGlobally" વિષય ઉપર પખવાડીક ઝુંબેશના આયોજન રૂપે, સુરત મહાનગરપાલિકાના **માન. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ**ની સુચના મુજબજુદા જુદા ઝોન વિસ્તારના વેજીટેબલ માર્કેટ, પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ હબ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, સરકારી કચેરીઓ, સ્કુલ-કોલેજ, ફૂડ કોટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસીડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ,NGO, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તથા શહેરીજનોના સહયોગથી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ, શહેરના દરિયાના કિનારા/નદી/તળાવની આસપાસ NGO/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઈવ, સિંગલ યુઝ પ્લાસ્ટીક/મલ્ટીલેયર પ્લાસ્ટીકનો ઉપયોગથી રોડ બનાવવા,સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ, કપડાની થેલી, ગ્લાસની બૉટલ ઇકો-ફ્રેન્ડલી કટલરી/બામ્બૂ ટુથબ્રશ,સ્ટીલ કે રિસાઈકલ કરી શકાય તેવા પ્લાસ્ટીકના લંચ બૉક્સ વિગેરેવસ્તુઓના ઉપયોગ માટે નાગરિકોમાં જાગૃતતા લાવવી, ઘન કચરાના વર્ગીકરણ બાબતે ઝુંબેશ, સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IEC પ્રવૃતિહાથ ધરી માહિતગાર કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા. ૨૩-૦૫-૨૦૨૫નારોજ સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ ન કરવા તથા પ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જન-જાગૃતિના હેતુસર**"Plastic Free Surat Pledge"**અંતર્ગત વધુમાં વધુશહેરીજનોજોડાય તે માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટhttps://www.suratmunicipal.gov.in/પર**"Pladge fo a Plastic Free Surat"**ના પોપ-અપ પેજતેમજhttps://www.suratmunicipal.gov.in/Others/PlasticFreeSurat દ્વારાડીજીટલ મીડિયા/સોસીયલ મીડિયામારફત પ્રચાર-પ્રસાર કરવામાં આવેલ. જેઅંતર્ગત આજરોજ સુરત મહાનગરપાલિકા વિસ્તારના ૧૨૦૦૦ થી વધુ શહેરીજનો દ્વારાઓનલાઈન શપથ ગ્રહણ કરવામાં આવેલ છે.

વધુમાં આજ રોજ સુરત શહેરના**સેન્ટ્રલ ઝોનના**ભાગલ ચાર રસ્તા થી લાલગેટ સુધીનો વિસ્તાર, **ઇસ્ટ-એ ઝોનના**શ્રેયશ ડાયમંડ રોડ વિસ્તાર, **ઇસ્ટ-બી ઝોનના**સુદામા ચોક થી યમુના ચોક વિસ્તાર, મોટા વરાછા વિસ્તાર, **વેસ્ટ ઝોનના**રૂષભ ચાર રસ્તા થી મોરાભાગળ ચાર રસ્તા વિસ્તાર, **નોર્થ ઝોનના**કતારગામ દરવાજા થી બાલાશ્રમ વિઝસ્તાર, **સાઉથ-એ ઝોનના**કૈલાશ ચોકડી થી ડી માર્ટવિસ્તાર, **સાઉથ-બી ઝોનના**ઉન પાટિયા મેઈન રોડ, **સાઉથ વેસ્ટ ઝોનના**વી આર મોલ, મગદલ્લા વિસ્તાર, **સાઉથ ઇસ્ટ ઝોનના**સંજય નગર સર્કલ થી મહાવીર સર્કલ, લિંબાયતવિસ્તારઆમ **કુલ ૯** ઝોનના વિસ્તારોમાં સિંગલ યુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધના અમલીકરણ માટે સ્કોવડ મારફતઇન્સ્પેકશન કરી દંડ કરવાની કામગીરી કરવામાં આવેલ તથા પ્લાસ્ટિક પ્રદુષણ માટે જન-જાગૃતિ કરીકુલ ૬૭૩૨**વ્યક્તિઓને**શપથલીધેલ. આમ આજ રોજ ઓનલાઈન સાથે૧૮૦૦૦ થી વધુ નાગરિકો દ્વારા શપથ ગ્રહણ કરવામાં આવેલ છે.સ્કોવડ દ્વારા આજ રોજ **૬૬કિ.ગ્રા.** પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી **૪૬ નોટીસ**આપી કુલ રૂ. **૫૩૨૦૦ વહીવટી ખર્ચ** વસુલવામાં આવેલ છે.

જન સંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદીનં.. ૬૮

તા. ૨૩-૦૫-૨૦૨૫


સુરત મહાનગર પાલિકા
LiFE
Lifestyle for Environment
Plastic Free Surat Pledge
This Certificate is proudly presented to
XXXXXX XXXXX
NO Plastic
Pledge
I pledge to avoid single-use plastic, to raise awareness about plastic waste, and to take action towards making my city and my country, free from plastic pollution.
#SwachhSurat #PlasticfreeSurat


Pledge for a Plastic Free Surat
CLICK HERE TO PLEDGE
App Chatbot Services
Scan QR Code & Chat Now
NEWS AND UPDATES


GPS Map Camera
Surat, Gujarat, India
Bhagal Char Rasta, Zampa Bazaar, Navapura, Begampura, Surat, Gujarat 395008, India
Lat 21.198079° Long 72.829685°
23/05/2025 09:41 AM GMT +05:30
Google

# પ્રે સ નો ટ

આરોગ્ય અધિકારીશ્રીની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.22/05/2025ના રોજ મળેલ માહિતીનાં અનુસંધાનમાં હે. પ્લોટ ન. 26, હાર્કેશ ઇન્ડસ્ટ્રીઝ એસ્ટેટ-2, હજીરા રોડ, ઉમરા, સુરત ખાતે આવેલ શિવભુમી એન્ટરપાઇઝના માલિક પાર્થ દેવચંદભાઈ ભંડેરીની સંસ્થામાં ફુડ ઇન્સપેક્શન વિભાગનાં ફુડ સેફટી ઓફિસરો અને ઉત્રાણ પોલીસ સ્ટેશનનાં સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ કરતા સંસ્થામાંથી ખાધ્યતેલનો શંકાસ્પદ જથ્થો હોવાનું માલુમ પડતા સંસ્થામાં હાજર સેલ્સમેન વિજયભાઇ મનુભાઈ ઉકાણી પાસેથી **"સોયાબીન તેલ"** અને **"VILINA Refined Sunflowerseed Oil"** નો નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરી ખાતે મોકલાવેલ છે, જેના પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

વધુમાં સદર સ્થળેથી મળેલ **Fortune Fryola Cottonseed Oil** ના 15 લિટરના 333 પતરાંના ડબ્બા, **VILINA Refined Sun flowerseed Oil** ના 105 લિટરના 592 પતરાંના ડબ્બા, **Fryola Refined Sun flowerseed Oil** ના 15 લિટરના 131 પતરાંના ડબ્બા, **Vivan Refined Sun flower Oil** ના 15 લિટરના 02 પતરાંના ડબ્બા, **Kirti Gold Refined Sun flowerseed Oil** ના 15 લિટરના 08 પતરાંના ડબ્બા, **Kirti Gold Refined Soyabean Oil** ના 5 લિટરના 24 ડબ્બા, **Kirti Gold Refined Cottonseed Oil** ના 15 લિટરના 02 પતરાંના ડબ્બા, **Fryola Refined Cottonseed Oil** ના 15 લિટરના 290 પતરાંના ડબ્બા, **King's Soyabean Oil** ના 15 લિટરના 07 પતરાંના ડબ્બા, વનસ્પતિ ઘી નો 4 કિલોગ્રામ જથ્થો, **Suman Refined Palm Carnel Oil** ના 15 લિટરના 22 પતરાંના ડબ્બા, વગર સ્ટીકરના 15 લિટરના 11 પતરાંના ડબ્બા, **Double Gulab Singtel** ના 1 લિટરના 160 બોક્ષ, **Double Gulab Refined Singtel** ના 15 લિટરના 40 ડબ્બા, સૌરાસ્ટ્ર સિંગતેલન ના 15 લિટરના 20 પતરાંના ડબ્બા, સનપ્લસ સનફ્લાવરના ના 15 લિટરના 20 પતરાંના ડબ્બા તથા એક લોખંડની ટાંકીમાં આશરે 4,905 લીટર સોયાબીન તેલ મળી કુલ આશરે 27,381 લીટર શંકાસ્પદ તેલનો જથ્થો મળી આવેલ, જેની અંદાજિત કિંમત આશરે રૂપિયા 30,42,000/- (અંકે રૂપિયા ત્રીસ લાખ બેતાળીસ હજાર પુરા)નો જથ્થો સીઝ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં ..69

તા.23/05/2025

# સુરત મહાનગરપાલિકા

## આરોગ્ય વિભાગ

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૨ દર્દીનો કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે જેમાં **( ૧ )** ૨૭ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-ન્યુ સીવીલ હોસ્પિટલ,જેઓ ગત ૧૭/૦૫/૨૫ ના રોજ વિશાખાપટનમથી સુરત આવેલ હતા. **( ૨ )** ૨૫ વર્ષીય સ્ત્રી,રહેઠાણ-વેસુ.

હાલમાં બન્ને દર્દીઓ ન્યુ સીવીલ હોસ્પિટલમાં આઇસોલેશન હેઠળ છે. બંનેની તબિયત હાલમાં સ્થિર છે.બન્ને દર્દીઓએ કોવીડ-૧૯ રસીના ૦૨ ડોઝ લીધેલ છે. તેઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC,ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં કોવીડ-૧૯નો છેલ્લો કેસ તા.03-0૮-૨0૨3 ના રોજ નોંધાયેલ હતો.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગર પાલિકા<br>
તરફથી સાદર<br>
સમાચાર યાદી નં.70<br>
તા.23/05/2025

# <u>પ્રેસનોટ</u>

નેશનલ ક્લીન એર પ્રોગ્રામ (NCAP) અંતર્ગત શહેરની હવાની ગુણવત્તાના સુધારાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સુરત દ્વારા વર્લ્ડ રિસોર્સીસ ઇન્સ્ટિટ્યુટ (WRI), ઇન્ડિયા અને CREDAI સાથે સંકલનમાં રહી તા: ૨૩/૦૫/૨૦૨૫ ના રોજ પર્ફોર્મિંગ આર્ટ સેન્ટર, સુરત ખાતે '**<u>Capacity Building Programme on Construction Dust Management in Surat</u>**' વિષય પર વર્કશોપ રાખવામાં આવેલ. આ વર્કશોપમાં મુખ્ય મહેમાનો તરીકે સુરત મહાનગરપાલિકાના મા. ઇ.ચા. સીટી ઇજનેરશ્રી જતીનભાઈ દેસાઈ, મા.ડેપ્યુટી કમિશનરશ્રી અર્બન ડેવલોપમેન્ટ મનીષ ડોક્ટર, રીજનલ ઓફિસરશ્રી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ ડો. જીજ્ઞાસા ઓઝા, CREDAI ચેરમેનશ્રી સંજય મંગુકિયા, CREDAI પૂર્વ ચેરમેનશ્રી સંજય મંગુકિયા, સિનિયર કન્સલ્ટન્ટશ્રી WRI-ઇન્ડિયા સંદીપ નારંગ, પ્રોગ્રામ મેનેજર શ્રી WRI-ઇન્ડિયા કિશોર વાન ખેડે હાજર રહ્યા હતા. આ ઉપરાંત, સદર વર્કશોપમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ ડિપાર્ટમેન્ટમાં બાંધકામને લગતી કામગીરી સાથે સંકળાયેલા ઇજનેરીઓ, બિલ્ડરશ્રીઓ, સ્ટેક-હોલ્ડર્સશ્રીઓ તથા WRI, ઇન્ડિયા- એર કોલેટીની ટીમ સહિત આશરે 200 જેટલા માણસ હાજર રહ્યા હતા. સદર વર્કશોપ માં હાજર રહેલા તમામ મુખ્ય મહેમાનશ્રીઓ દ્વારા સુરત શહેરની હવાના પ્રદૂષણના મુખ્ય પ્રદુષકો PM10 અને PM2.5 અંગે માહિતગાર કર્યાં હતા. તથા હવાના પ્રદૂષણમાં ભાગ ભજવનાર બાંધકામ પ્રવૃત્તિમાંથી ઉત્પન્ન થતા પ્રદૂષક સ્ત્રોત કન્સ્ટ્રક્શન ડસ્ટ અંગેના તેમના અનુભવ સાથે તેના ઉત્સર્જનમાં ઘટાડા માટે બહાર પાડવામાં આવેલ કન્સ્ટ્રક્શન ડસ્ટ મેન્યુઅલ પ્રેક્ટિસમાં ઉલ્લેખિત પ્રતિકાર પગલાં અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન આપવામાં આવેલ. આ ઉપરાંત, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સુરતના પ્રતિનિધિ દ્વારા રેડી મિક્સ કોન્ક્રીટ (RMC)પ્લાન્ટ માટે ગુજરાત નિયંત્રણ બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલ ગાઈડલાઈન્સ અંગે સહભાગીઓ ને માહિતગાર કર્યાં હતા. અંતે WRI, ઇન્ડિયાના પ્રતિનિધિ દ્વારા સુરત મહાનગરપાલિકા વતી આભાર વિધિ સાથે સદર પ્રોગ્રામનું સમાપન કરવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર પાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.71 તા.23/05/2025

પ્રેસનોટ

આજરોજ માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ ,આઇ.એ.એસની અધ્યક્ષતામાં તમામ ઝોનના વિભાગીય વડા સાથે સુરત મહાનગરપાલિકા ધ્વારા આગામી સમયમાં ચોમાસાની ઋતુને ધ્યાને લઇ અગમચેતીના ભાગરૂપે તમામ ઝોન વિસ્તારમાં ચાલી રહેલ પ્રિ-મોન્સુનની કામગીરીની સમીક્ષા બેઠક **Integrated Command & Control Centre (ICCC)** ખાતે યોજાયેલ.

જેમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા ચાલી રહેલ ખાડી સફાઇ સ્ટ્રોમ ડ્રેનેજ લાઇનના કામો જર્જરિત મિલકતો દુર કરવા, મચ્છરજન્ય રોગોના નિયંત્રણની કામગીરી, જોખમી હોર્ડિંગ્સ/બેનર ઉતારી લેવા બાબત, જોખમી વૃક્ષોને સલામત રીતે કટીંગની કામગીરી, ટોરેન્ટ/જીઇબીની ટીમો સાથે સંકલન, રસ્તા રીપેરીંગ સહિતની તમામ ઝોનની પ્રિ-મોન્સુનની કામગીરીની માન.કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ , આઇ.એ.એસ એ માહિતી મેળવી સમીક્ષા કરી ઉપસ્થિત અધિકારીશ્રીઓને જરૂરી સુચનો કર્યા હતા. આ બેઠકમાં માન. ડેપ્યુટી કમિશનર શ્રી દિનેશ ગુરવ આઇ.એ.એસ , માન. ડેપ્યુટી કમિશનર શ્રી નિધિ સિવાચ તથા અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. 72 તા.૨૪/૦૫/૨૦૨૫**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

હવામાન વિભાગની આગામી દિવસમાં ભારે પવન ફૂકાવાની આગાહીને ધ્યાને લઈ, સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર શ્રી શાલીની અગ્રવાલ IAS દ્વારા ICCC ની મુલાકાત લેવામાં આવી તથા કંટ્રોલ રૂમની મુલાકાત લેવામાં આવી. તમામ ઝોનના ઝોનલ ચીફ, કાર્યપાલક ઇજનેર, આરોગ્ય વિભાગના અધિકારી, ફાયર વિભાગના અધિકારીઓ ગાર્ડન વિભાગના અધિકારીઓ સાથે મીટીંગ કરી ભારે પવન ને કારણે કોઈ પરિસ્થિતિ ઉપસ્થિત થાય તો તેને માટે ટીમને એલર્ટ રહેવા, જરૂરી તકેદારી રાખી ખાસ તૈયારીઓ રાખવા સૂચના આપવામાં આવી હતી. તમામ ઝોન મા પણ કંટ્રોલ રૂમ રાઉંડ ધ ક્લોક શરૂ કરવામાં આવેલ છે.

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા

આજરોજ સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રી શાલીની અગ્રવાલ IAS દ્વારા માન. પ્રધાનમંત્રીશ્રીની ગરિમામય ઉપસ્થિતિમાં તા.૨૭.૦૫.૨૦૨૫ મંગળવારના રોજ મહાત્મામંદિર, ગાંધીનગર ખાતે શહેરી વિકાસ વર્ષ -૨૦૨૫ ની ઉજવણીના ભાગરૂપે યોજાનાર કાર્યક્રમ સંદર્ભે સુરત મહાનગરપાલિકા તરફથી કરવા જોગ કામગીરી અન્વયે સમીક્ષા કરી વિભાગીય વડા તથા આરોગ્ય વિભાગની ટીમને જરૂરી સૂચનાઓ આપી હતી.

# પ્રેસનોટ
## આરોગ્ય વિભાગ

૫ જુન ૨૦૨૫ **"વિશ્વ પર્યાવરણ દિવસ"**નાં ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે **"Ending Plastic Pollution Globally"**વિષય ઉપર પ્લાસ્ટિક નાબુદી ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય ભારતસરકાર દ્વારા તા.૨૨ મે૨૦૨૫ થી તા. ૫ જુન ૨૦૨૫ દરમિયાન "Ending Plastic PollutionGlobally" વિષય ઉપર પખવાડીક ઝુંબેશના આયોજન રૂપે, સુરત મહાનગરપાલિકાના **માન. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ**ની સુચના મુજબજુદા જુદા ઝોન વિસ્તારના વેજીટેબલ માર્કેટ, પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ હબ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, સરકારી કચેરીઓ, સ્કુલ-કોલેજ, ફૂડ કોર્ટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસીડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ,NGO, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તથા શહેરીજનોના સહયોગથી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ, શહેરના દરિયાના કિનારા/નદી/તળાવની આસપાસ NGO/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઇવ, સિંગલ યુઝ પ્લાસ્ટીક/મલ્ટીલેયર પ્લાસ્ટીકનો ઉપયોગથી રોક બનાવવા,સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ, કપડાની થેલી, ગ્લાસની બોટલ ઇકો-ફ્રેન્ડલી કટલરી/બામ્બૂ ટુથબ્રશ,સ્ટીલ કે રિસાઇકલ કરી શકાય તેવા પ્લાસ્ટીકના લંચ બોક્સ વિગેરેવસ્તુઓના ઉપયોગ માટે નાગરિકોમાં જાગૃતતા લાવવી, ઘન કચરાના વર્ગીકરણ બાબતે ઝુંબેશ,સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IEC પ્રવૃતિહાથ ધરી માહિતગાર કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા. ૨૬-૦૫-૨૦૨૫ના રોજ સુરત શહેરના**સરથાણાઝોનના**સરથાણા નેચર પાર્કવિસ્તાર**સેન્ટ્રલ ઝોનના**ગોપીતાળાવ અને સુરતનો કિલ્લોવિસ્તાર, **ઇસ્ટ-એ ઝોનના**IFM માર્કેટ રોડ, **વેસ્ટ ઝોનના**બોટાનિકલ ગાર્ડનવિસ્તાર, **નોર્થ ઝોનના**ડચ સીમેટ્રી, **સાઉથ-એ ઝોનના**એન.એફ.આઇ ગાર્ડનવિસ્તાર, **સાઉથ-બી ઝોનના**ઉમંગ ગાર્ડન, કનસાડ,**સાઉથ વેસ્ટ ઝોનના**ડુમસ બીચ,**સાઉથ ઇસ્ટ ઝોનના**ફ્લાવર ગાર્ડનવિસ્તારઆમ **કુલ ૯** ઝોનના પ્રવાસન સ્થળોએ સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IEC પ્રવૃતિ હાથ ધરી માહીતગાર કરી, નો-સીગલ યુઝ પ્લાસ્ટિક બાબતે જન-જાગૃતિ આપી કુલ ૯૫૮૦ **વ્યક્તિઓને** શપથ લેવડાવી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવેલ.સદર ઝુંબેશ દરમ્યાન **૧૫.૯ મે.ટન**ઘન કચરાનો નિકાલ કરી, **૪૭કિ.ગ્રા.** પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી **૪૨ નોટીસ**આપી કુલ રૂ. **૫૮૦૦૦ વહીવટી ખર્ચ** વસુલવામાં આવેલ છે.વધુમાં સદર અભિયાનમાં સરથાણા નેચર પાર્ક ખાતે પ્લાસ્ટિકની થેલી લઇને આવેલ મુલાકાતીઓ પાસેથી થેલી લઇ તેઓને કપડાની બેગનું વિતરણ કરવામાં આવેલ.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફતથી સાદર
સમાચાર યાદીનં. ૭૫ તા. ૨૬-૦૫-૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

**<u>પ્રેસનોટ તા.૨૬/૦૫/૨૦૨૫</u>**

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૨ દર્દીનો કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે જેમાં (૧) 40વર્ષીય મહિલા, રહેઠાણ-પાંડેસરા, જેઓ ખાનગી હોસ્પીટલમાં નોકરી કરે છે. અને હાલ ન્યુ સિવિલ હોસ્પિટલ ઓક્સીજન સપોર્ટ સાથે સારવાર હેઠળ છેઅને તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૨ વ્યક્તિઓને હાલમાં કોઈ તકલીફ નથી (૨)૭૩વર્ષીય પુરુષ,રહેઠાણ-વેસુ, જેઓ રીટાયર્ડ છે અને કેન્સરની સારવાર હેઠળ છે અને મુંબઈથી કેન્સરની સારવાર મેળવી તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ સુરત પરત આવેલ છે અને તેમનો રીપોર્ટ પોઝીટીવ આવેલ છે. હાલ તેઓ મૈત્રય હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર છેઅને તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૧ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી.

બંને દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.અગાઉ તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ નોંધાયેલ (૧) ૨૭વર્ષીય મહિલા અને (૨) ૨૫વર્ષીય મહિલા દર્દીઓને ન્યુ સિવિલ હોસ્પિટલ ખાતેથી રજા આપી દેવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે કોવીડ-૧૯ની સારવાર માટે ન્યુ સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલ ખાતે આઇસોલેશન વોર્ડની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

**<u>કોવીડ-૧૯ રોગના લક્ષણો</u>:-**

- તાવ
- શરદી-ઉધરસ
- ગળાનો દુખાવો
- થાક લાગવો
- માથાનો દુખાવો
- શ્વાસલેવામાં તકલીફ
- શરીર/સ્નાયુઓમા દુખાવો
- ઝાડા
- ઊબકા / ઉલ્ટી

ઉપરોક્ત લક્ષણો જણાય તો શહેરીજનોએ નજીકના શહેરી આરોગ્ય કેન્દ્ર/ફેમીલી ફીઝીશયન/ ન્યુ સિવિલ હોસ્પિટલ/સ્મીમેર હોસ્પિટલ/ખાનગી હોસ્પિટલનો સંપર્ક કરી સારવાર મેળવવા અને આવી વ્યક્તિઓએ ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળવા સુરત મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવે છે.

**<u>આટલું કરવું</u>**

- છીંક અને ઉધરસ વખતે નાક અને મો રુમાલથી ઢાંકવુ
- સાબુ અને પાણીથી વારંવાર હાથ ધોવા
- હાથ મિલાવવાને બદલે નમસ્તે દ્વારા અભિવાદન કરવું
- સગર્ભા બહેનો, વૃદ્ધો અને બાળકોએ વિશેષ કાળજી લેવી.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદીનં. ૭૬ તા. ૨૬-૦૫-૨૦૨૫

સુરત મહાનગરપાલિકા
પ્રેસનોટ

શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાના હેતુથી તત્કાલિન માન. મુખ્યમંત્રી અને હાલમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૫ને શહેરી વર્ષ જાહેર કર્યું હતું.

આજ વર્ષ ૨૦૨૫માં ગુજરાતની શહેરી વિકાસયાત્રાને ૨૦ વર્ષ પૂર્ણ થયા છે અને આ ૨૦ વર્ષો દરમિયાન ગુજરાતના શહેરો અદભૂત શહેરીકરણના સાક્ષી બન્યા છે. માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત શહેરીકરણની દિશામાં હરણફાળ ભરી છે. વર્લ્ડ કલાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે રાજય સરકાર ધ્વારા ગુજરાત બજેટ ૨૦૨૫-૨૬નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે.

તા.૨૭/૦૫/૨૦૨૫ના રોજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ૨૦ વર્ષ શહેરી વિકાસ વર્ષની ઉજવણીમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિકાસ વિભાગ ધ્વારા આયોજિત કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના કુલ રૂ. ૨૩૨ કરોડના પ્રકલ્પોનું લોકાર્પણ સંપન્ન કરવામાં આવશે.

૧) જેમાં સુરતના કાકરા ખાડી કિનારે હાલની પડતર જમીનના કાયાકલ્પ ધ્વારા શહેરના ફેફસા તરીકે વાઇલ્ડ વેલી બાયોડાર્યવસિટી પાર્ક રૂ. ૧૪૫ કરોડના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે. જેમાં વોકીંગ ટ્રેક , સાયકલીંગ ટ્રેક,બાળકોના રમતના સ્થળો , ૮૫ વિવિધ પ્રજાતિના ૫ લાખથી વધુ વૃક્ષો/ઝાડીઓનું વાવેતર કરીને એક જૈવવિવિધતા ઉધ્યાન વિકસાવવામાં આવ્યું છે.જૈવવિવિધતા ઉધાનના વિકાસથી સુરત શહેરના હરિયાળા આવરણમાં વધારો થશે.

૨)સાઉથ વેસ્ટ ઝોનના ડ્રેનેજ હેઠળ ઇન્ટરમીડિયેટ , ઓ.એન.જી.સી. સુએઝ પમ્પિંગ સ્ટેશનથી ગેવિયર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ૧૧૦૦ MM OD અને ૧૦ MM Th. MS ટ્રીટમેન્ટ રાઇઝિંગ મેઇન પાઇપલાઇન પૂરી પાડવી અને સપ્લાઇ કરવાની રૂ. ૨૪ કરોડની કામગીરી.સદર પ્રકલ્પથી આશરે ૬૦ , ૦૦૦ લોકોને અસરકારક ગટર વ્યવસ્થા મળશે. ગેવિયર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને વધારાનું ઘરેલુ કાચુ ગટર મળશે જેનો ઉપયોગ ઓધોગિક હેતુ માટે થઇ શકે અને ઉધોગોને વેચીને આવક મેળવી.

૩) લિબાંયત ઝોન વિસ્તારમાં ટી.પી. ૭ (આંજણા) , એફ.પી ૧૩૩ ખાતે પ્રાઇમરી સ્કુલ અને સુમન હાઇસ્કુલની રૂ. ૨૫ કરોડની બાંધકામની કામગીરી. આ પ્રકલ્પથી ૩૦૦૦ વિધાથીઓને મફત અને ગુણવતાયુકત શિક્ષણની સુવિધા મળશે.

૪) HMIS હોસ્પિટલ મેનેજમેન્ટ ઇન્ફર્મેશન સીસ્ટમ રૂ. ૩૮ કરોડના ખર્ચેનું કામ - સદર પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ, મસ્કતી હોસ્પિટલ, વિવિધ શહેરી આરોગ્ય કેન્દ્રની કામગીરીને ડીજીટાઈઝ કરવાનું, આરોગ્ય ડેટાની ઉપલબ્ધતામાં સુધારો કરવાનું અને મજબુત ડિજિટલ આરોગ્ય માળખા સાથે ભવિષ્યના આયોજનને સુચારુ બનાવવાની કામગીરી કરવાનું છે.

જનસંપર્ક વિભાગ , સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૭૭, તા.૨૬/૦૫/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા
પ્રેસનોટ

*"માન. વડાપ્રધાનશ્રીના ગાંધીનગર ખાતેના કાર્યક્રમમાં સુરત શહેરને મળેલ "દેશના સૌથી સ્વચ્છ શહેરનું બિરુદ "અને ગાર્બેજ ફ્રી સિટી અંતર્ગત મળેલ ૭ સ્ટાર રેટીંગ સિદ્ધિ ઝળહળી"*

આજરોજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ૨૦ વર્ષ શહેરી વિકાસ વર્ષની ઉજવણીમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિકાસ વિભાગ ધ્વારા આયોજિત કાર્યક્રમમાં રૂ. ૫૫૩૬ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત સંપન્ન કરવામાં આવેલ. જેમાં સુરત મહાનગરપાલિકાના કુલ રૂ. ૨૩૨ કરોડના પ્રકલ્પોનું પણ વર્ચ્યુઅલી લોકાર્પણ કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં માન. કેન્દ્રિય કેબિનેટ મંત્રી હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ,પાવર શ્રી મનોહરલાલ ખટ્ટરે તેમના પ્રવચનમાં આજના કાર્યક્રમમાં લોકાર્પણ/ખાતમુહૂર્તના લોકકલ્યાણના વિવિધ પ્રકલ્પોની વિસ્તૃત માહિતી આપી. જેમાં સુરતના કાકરા ખાડી કિનારે ઔધ્યોગિક જમીનને પરિવર્તિત કરી બનાવેલ બાયોડાયવર્સિટી પાર્કનો પણ સમાવશે થાય છે. વધુમાં તેમણે ખુશી તેમજ ગૌરવની લાગણી વ્યકત કરતા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૩માં સુરત શહેરને દેશમાં સૌથી સ્વચ્છ શહેરનું બિરૂદ મળેલ છે. તેમજ ગાર્બેજ ફ્રી સિટી અંતર્ગત મળેલ ૭ સ્ટાર રેટીંગની સિદ્ધિને ગુજરાતની શહેરી વિકાસની પ્રતિબધ્ધતાનું પ્રમાણ જણાવ્યું હતુ અને સ્માર્ટ સિટી મિશન અંતર્ગત સુરત,અમદાવાદ,વડોદરા,રાજકોટ,ગાંધીનગર અને દાહોદમાં ૩૫૪ યોજના પૂર્ણ કરવામાં આવેલ જેની સવિસ્તાર માહિતી આપી હતી.
આ કાર્યક્રમમાં સુરત શહેરના માન. મંત્રીશ્રીઓ, માન.સંસદસભ્યશ્રીઓ, માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી, માન. ધારાસભ્યશ્રીઓ, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્ર પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ,માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ.આઇ.એ.એસ., માન . દંડક શ્રી ધર્મેશ વાણિયાવાળા , માન. પૂર્વ સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઇ પટેલ, માન. વિવિધ સમિતિ અધ્યક્ષશ્રીઓ,માન. મ્યુ. સદસ્યશ્રીઓ, એન.જી.ઓ, વિવિધ પ્રોજેકટો સાથે સંકળાયેલ તજજ્ઞો ,સુરત મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૭૮, તા.૨૭/૦૫/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાના હેતુથી તત્કાલિન માન. મુખ્યમંત્રી અને હાલમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૫ને શહેરી વર્ષ જાહેર કર્યું હતું.આજ વર્ષ ૨૦૨૫માં ગુજરાતની શહેરી વિકાસયાત્રાને ૨૦ વર્ષ પૂર્ણ થયા છે અને આ ૨૦ વર્ષો દરમિયાન ગુજરાતના શહેરો અદભૂત શહેરીકરણના સાક્ષી બન્યા છે. માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત શહેરીકરણની દિશામાં હરણફાળ ભરી છે. વર્લ્ડ કલાસ સિટી ડેવલપમેન્ટને વેગ આપવા માટે રાજય સરકાર ધ્વારા આ વર્ષ ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી છે.

આજરોજ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદહસ્તે મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે ૨૦ વર્ષ શહેરી વિકાસ વર્ષની ઉજવણીમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિકાસ વિભાગ ધ્વારા આયોજિત કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના કુલ રૂ. ૨૩૨ કરોડના પ્રકલ્પોનું લોકાર્પણ સંપન્ન કરવામાં આવેલ.૧) જેમાં સુરતના કાકરા ખાડી કિનારે હાલની પડતર જમીનના કાયાકલ્પ ધ્વારા શહેરના ફેફસા તરીકે વાઇલ્ડ વેલી બાયોડાર્યવસિટી પાર્ક રૂ. ૧૪૫ કરોડના ખર્ચે સાકારિત કરવામાં આવેલ છે. જેમાં વોકીંગ ટ્રેક , સાયકલીંગ ટ્રેક,બાળકોના રમતના સ્થળો , ૮૫ વિવિધ પ્રજાતિના ૫ લાખથી વધુ વૃક્ષો/ઝાડીઓનું વાવેતર કરીને એક જૈવવિવિધતા ઉધ્યાન વિકસાવવામાં આવ્યું છે.જૈવવિવિધતા ઉધાનના વિકાસથી સુરત શહેરના હરિયાળા આવરણમાં વધારો થશે.

૨)સાઉથ વેસ્ટ ઝોનના ડ્રેનેજ હેઠળ ઇન્ટરમીડિયેટ , ઓ.એન.જી.સી. સુએઝ પમ્પિંગ સ્ટેશનથી ગેવિયર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ૧૧૦૦ MM OD અને ૧૦ MM Th. MS ટ્રીટમેન્ટ રાઇઝિંગ મેઇન પાઇપલાઇન પૂરી પાડવી અને સપ્લાઇ કરવાની રૂ. ૨૪ કરોડની કામગીરી.સદર પ્રકલ્પથી આશરે ૬૦ , ૦૦૦ લોકોને અસરકારક ગટર વ્યવસ્થા મળશે. ગેવિયર સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને વધારાનું ઘરેલુ કાચુ ગટર મળશે જેનો ઉપયોગ ઓધોગિક હેતુ માટે થઇ શકે અને ઉધોગોને વેચીને આવક મેળવી.૩) લિબાંયત ઝોન વિસ્તારમાં ટી.પી. ૭ (આંજણા) , એફ.પી ૧૩૩ ખાતે પ્રાઇમરી સ્કુલ અને સુમન હાઇસ્કુલની રૂ. ૨૫ કરોડની બાંધકામની કામગીરી. આ પ્રકલ્પથી ૩૦૦૦ વિધાથીઓને મફત અને ગુણવતાયુકત શિક્ષણની સુવિધા મળશે.

૪) સુરત શહેર માટે આરોગ્ય ક્ષેત્રે નવી દિશા આપતી પહેલ: “હોસ્પિટલ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોર્મેશન સિસ્ટમ (HMIS)” પ્રોજેક્ટ(રૂ. ૩૮ કરોડ) સુરત મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને વધુ સારું આરોગ્ય સેવાઓ આપવાનું લક્ષ્ય ધરાવતા, શહેરના વિવિધશહેરી આરોગ્ય કેન્દ્રો અને સ્મીમેર તથા મસ્કતી હોસ્પિટલ ખાતેઇન્ફર્મેશન ટેકનોલોજીના ઉપયોગ થકી આરોગ્ય સેવાઓને વધુ ઝડપી, પારદર્શક અને કાર્યક્ષમ બનાવવાનો છે, તેમજ તમામ તબીબી માહિતીનો ડિજિટલ ફોર્મેટમાં ડેટાબેઝ તૈયાર કરી સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા“હોસ્પિટલ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોર્મેશન સિસ્ટમ (HMIS)” પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ લોકાર્પણ ભારતના માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૨૭ મે ૨૦૨૫ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતેથી કરવામાં આવ્યું.

આ સિસ્ટમનો અમલ સ્માર્ટ સિટીઝ મિશન અંતર્ગત સ્મીમેર હોસ્પિટલ, મસ્કતી હોસ્પિટલ અને વિવિધ અર્બન હેલ્થ સેન્ટરોમાં કરવામાં આવ્યો છે.હોસ્પિટલ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોર્મેશન સિસ્ટમ (HMIS) હેઠળ અમલમાં મુકવામાં આવેલ વિવિધ આઈ.ટી. સોલ્યુશનમાં નીચે દર્શાવેલ પ્રમુખ સોલ્યુશન કમ્પોનેન્ટનો સમાવેશ થાય છે.

· HMIS (હોસ્પિટલ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોર્મેશન સીસ્ટમ):ડિજિટલ OPD/IPD નોંધણી, ઈલેક્ટ્રોનિક હેલ્થ રેકોર્ડ, ફાર્મસી મેનેજમેન્ટ, OT મેનેજમેન્ટ, ICU વ્યવસ્થાપન, ડાયગ્નોસ્ટિક તપાસોની વિગતવાર નોંધવિગેરે.
· PACS (પિક્ચર આર્કાઇવલ એન્ડ કોમ્યુનિકેશન સીસ્ટમ):વિવિધ પ્રકારની રેડિયોલોજીકલ ઈમેજીસ જેવીકે સોનોગ્રાફી, એક્સરે, વિગેરેનું ડિજિટલ સ્ટોરેજ, 3D વ્યુઈંગ, ભવિષ્યની જરૂરિયાત માટે આર્કાયવલ, વિગેરે.
· QMS (ક્યુ મેનેજમેન્ટ સીસ્ટમ):સ્મીમેર હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા માટે ટોકન આધારિત ક્યુ મેનેજમેન્ટ સીસ્ટમ.
· SMC ઈ-હેલ્થ મોબાઈલ એપ:દર્દીઓ માટે પોતાનો રેકોર્ડ, બ્લડ રીપોર્ટ,દવાનું પ્રિસ્ક્રિપ્શન, જેવી માહિતી મોબાઈલ એપ દ્વારા ઉપલબ્ધ થઇ શકે તે માટે મોબાઈલ એપ.

હોસ્પિટલ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોર્મેશન સિસ્ટમ (HMIS)ના મુખ્ય લાભો:

· સેન્ટ્રલ ડિજિટલ પ્લેટફોર્મ:સુરત મહાનગરપાલિકાની વિવિધ આરોગ્ય સંસ્થાઓને એકસાથે જોડતી અને તેમને એક જ સેન્ટ્રલાઇઝ્ડ ડેટાબેઝ સાથે સંકળતી સિસ્ટમ, જેથી દર્દીની સારવાર seamless બનશે અને ડેટાનું ડુપ્લિકેશન અટકાવશે.· ઝડપી સારવાર અને ડિસ્ચાર્જ પ્રક્રિયા:દર્દીના તબીબી ઇતિહાસ, રિપોર્ટ્સ અને સારવારની વિવિધ માહિતી તત્કાળ ઉપલબ્ધ રહેતી હોવાથી ડોક્ટર ઝડપી અને યોગ્ય નિર્ણય લઈ શકશે. આઈ.ટી. સીસ્ટમની મદદથી રીપોર્ટસ, ડીસ્ચાર્જ, વિગેરે કામગીરી ઝડપી થશે અને દર્દીઓને વધુ સારી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે.
· દર્દી માટે અનુકૂળતા:મોબાઇલ એપ અને પેશન્ટ પોર્ટલ મારફતે દર્દી પોતાનું હેલ્થ રેકોર્ડ, રિપોર્ટ્સ, દવાનું પ્રિસ્ક્રિપ્શન જેવી ઉપયોગીમાહિતી પોતાના સાનુકુળ સ્થળે જરૂરિયાત મુજબ જોઈ શકશે. આ સિવાય બિલિંગ અને સારવારના ખર્ચ અંગેની માહિતી પણ ઉપલબ્ધ થશે.
· ડેટા આધારિત મોનિટરિંગ અને પ્લાનિંગ:હેલ્થ સેન્ટર અને હોસ્પીટલની સેવાઓ સબંધિત ડેશબોર્ડઅને MIS રીપોર્ટસ થકી વિવિધ હેલ્થ સર્વિસ પેરામીટર્સની મોનીટરીંગ. સારવાર, દવાઓ, ઉપચારની જરૂરિયાત અને દર્દીઓના ટ્રેન્ડ્સ, વિગેરેના ડેટા ઉપલબ્ધ થશે અને તેના એનાલીસીસ થકી આરોગ્ય વિભાગ દ્વારા સુરત મહાનગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી આરોગ્ય સેવાઓ વધુ સુગમ બનાવવા માટે જરૂરી આયોજન થઇ શકશે અને અને જરૂરી તબીબી સંસાધનોની પૂર્વ તૈયારી કરી શકાશે.
· ઇ-હેલ્થ કાર્ડ અને યુનિક હેલ્થ ID (UHID): દરેક દર્દીને મળતા યુનિક હેલ્થ ID દ્વારા સુરત મહાનગરપાલિકાની વિવિધ હેલ્થ ઇન્ફોર્મેશન ટ્રેક કરી શકાશે.

સુરત મહાનગરપાલિકા દ્વારા અમલમાં મુકવામાં આવી રહેલ “હોસ્પિટલ મેનેજમેન્ટ એન્ડ ઇન્ફોર્મેશન સિસ્ટમ (HMIS)” થી વિવિધ હેલ્થ સેન્ટર અને હોસ્પિટલ ખાતેથી પૂરી પાડવામાં આવી રહેલ હેલ્થકેર સુવીધાઓ વધુ સારી, સરળ અને ઝડપી બનશે અને સ્વચ્છ સુરતની સાથે-સાથે સ્વસ્થ સુરત બનાવવાની સુરત મહાનાગરપાલિકાની મુહિમમાં એક મહત્વપૂર્ણ યોગદાન આપશે.

જનસંપર્ક વિભાગ , સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૭૯,

# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## <u>પ્રેસનોટતા.૨૭/૦૫/૨૦૨૫</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૧ દર્દીનો કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે જેમાં (૧) ૪૧વર્ષીય પુરૂષ, રહેઠાણ-સગરામપુરા, જેઓ ખાનગી હોસ્પીટલમાં ડોક્ટર છે.તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ સિકકીમથી સુરત પરત આવેલ છે અને તેમનો રીપોર્ટ પોઝીટીવ આવેલ છે.તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૮ વ્યક્તિઓને હાલમાં કોઇ તકલીફ નથી

સદર દર્દીનું સેમ્પલ સરકારશ્રીની ગાઇડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૮૦,
તા.૨૭/૦૫/૨૦૨૫

# <u>પ્રેસનોટ</u>
# <u>આરોગ્ય વિભાગ</u>

૫ જુન ૨૦૨૫ "વિશ્વ પર્યાવરણ દિવસ"નાં ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે **"Ending Plastic Pollution Globally"** વિષય ઉપર પ્લાસ્ટિક નાબુદી ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય ભારતસરકાર દ્વારા તા.૨૨ મેં૨૦૨૫ થી તા. ૫ જુન ૨૦૨૫ દરમિયાન "Ending Plastic PollutionGlobally" વિષય ઉપર પખવાડીક ઝુંબેશના આયોજન રૂપે, સુરત મહાનગરપાલિકાના **માન. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલની** સુચના મુજબજુદા જુદા ઝોન વિસ્તારના વેજીટેબલ માર્કેટ, પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ હબ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, સરકારી કચેરીઓ, સ્કુલ-કોલેજ, ફૂડ કોટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસીડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ સંસ્થાઓ, ઔધોગિક સંસ્થાઓ,NGO, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તથા શહેરીજનોના સહયોગથી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ, શહેરના દરિયાના કિનારા/નદી/તળાવની આસપાસ NGO/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઈવ, સિંગલ યુઝ પ્લાસ્ટીક/મલ્ટીલેયર પ્લાસ્ટીકનો ઉપયોગથી રોડ બનાવવા,સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ, કપડાની થેલી, ગ્લાસની બોટલ ઇકો-ફ્રેન્ડલી કટલરી/બામ્બૂ ટુથબ્રશ,સ્ટીલ કે રિસાઇકલ કરી શકાય તેવા પ્લાસ્ટીકના લંચ બોક્સ વિગેરેવસ્તુઓના ઉપયોગ માટે નાગરિકોમાં જાગૃતતા લાવવી, ઘન કચરાના વર્ગીકરણ બાબતે ઝુંબેશ,સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IEC પ્રવૃતિહાથ ધરી માહિતગાર કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા. ૨૭-૦૫-૨૦૨૫ના રોજ સુરત શહેરના **સરથાણાઝોનના** સરથાણા વેજીટેબલ માર્કેટવિસ્તાર**સેન્ટ્રલ ઝોનના** ભાગલ શાકભાજી માર્કેટવિસ્તાર, **ઇસ્ટ-એ ઝોનના** ભક્તિ નગર માર્કેટ રોડ, **વેસ્ટ ઝોનના** સરોજિનિ નાયડુ શાક માર્કેટ, પાલનપુર પાટીયાવિસ્તાર, **નોર્થ ઝોનના**સિંગણપોર માર્કેટ, **સાઉથ-એ ઝોનના** છત્રપતિ શિવાજી વેજ. માર્કેટવિસ્તાર, **સાઉથ-બી ઝોનના** સચીન બ્રીજ નીચે, સચીન પારડી, **સાઉથ વેસ્ટ ઝોનના** સીટીલાઇટ શાકમાર્કેટ, **સાઉથ ઇસ્ટ ઝોનના**ન્યુ એપીએમસી ફ્રુટ માર્કેટ ગેટ પાસે, મગોબવિસ્તારઆમ **કુલ ૯ ઝોનના**APMC/ Vegitable**માર્કેટવિસ્તાર**માંસિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IEC પ્રવૃતિ હાથ ધરી માહીતગાર કરી, **નો-સીંગલ યુઝ પ્લાસ્ટિક બાબતેજન-જાગૃતિ આપી કુલ ૧૧૮૮૩વ્યક્તિઓને શપથ લેવડાવી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવેલ.સદર ઝુંબેશ દરમ્યાન ૧૨.૩૭ મે.ટનઘન કચરાનો નિકાલ કરી,૪૨કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી ૪૦ નોટીસઆપી કુલ રુ. ૫૦૪૦૦ વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.**

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા

તરફથી સાદર સમાચાર યાદી નં. ૮૧,

તા.૨૭/૦૫/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૨ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે જેમાં (૧) ૩૦વર્ષીય પુરૂષ, રહેઠાણ– નાનપુરા, જેઓ ખાનગી વ્યવસાય કરે છે.તેઓ હાલ વીનસ હોસ્પીટલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૧ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૨) ૬૪વર્ષીય સ્ત્રી, રહેઠાણ-ઘોડદોડરોડ, જેઓ ગૃહિણી છેતેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૧ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ,

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર સમાચાર યાદી નં. ૮૨,

તા.૨૮/૦૫/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા
## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન
## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ડ્રા.ટી.પી સ્કીમ નંબર-૬૧ (પરવટ-ગોડાદરા), ફા. પ્લોટ નં. ૩૫ ખાતે આવેલ અવધ ઋતુરાજ માર્કેટ નામે ઓળખાતી મિલ્કતમાં તા.૧૬/૦૫/૨૦૨૫ના રોજ આગજનીનો ઘટના બનેલ, ત્યારબાદ અત્રેથી કરવામાં આવેલ સર્વે સાઈટ વિઝીટ દરમ્યાન સાતમા માળ પર આવેલ બિનઅધિકૃત પતરાના શેડ બાંધવામાં આવેલ તેમજ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ દુકાન નં. G- ૨૩૮ થી G- ૨૪૭ અને G- ૧૬૮ થી G- ૧૭૯ ના વચ્ચે ફ્રોયરની ગરજ સારતો હોય જેને કવર કરવા રૂફ બાંધવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ, જે અન્વયે ઝોન કચેરી દ્વારા તા.૧૬/૦૫/૨૦૨૫ તથા તા.૧૭/૦૫/૨૦૨૫ ના રોજ કાયદાકીય નોટીસ પાઠવેલ. પરંતુ કાયદાકીય નોટીસ આપ્યા બાદ પણ સદર જોખમરૂપ સાતમા માળ પર આવેલ બિનઅધિકૃત પતરાના શેડ તેમજ ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ દુકાન નં. G- ૨૩૮ થી G- ૨૪૭ અને G- ૧૬૮ થી G- ૧૭૯ ના વચ્ચેનો રૂફ દુર કરેલ ન હોય, આજ તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ સદર સાતમા માળ પરની ટેરેસ ઉપર પતરાનો બિનઅધિકૃત શેડ અંદાજીત ૬૧૦૦.૦૦ ચો.ફુટ તથા ગ્રાઉન્ડ ફ્લોર ઉપરનું આવેલ રૂફ અંદાજીત ૩૮૦૦.૦૦ ચો.ફુટ સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન દ્વારા ડીમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન.ડેપ્યુટી કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ૦૪ આસી/જુની. ઇજનેર, ૦૨ ટેક.આસી. તેમજ ૨૦(વીસ) જેટલા બેલદારો, ૦૫ સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૮૩

તા.૨૮/૦૫/૨૦૨૫





સુરત મહાનગરપાલિકા
પ્રેસનોટ

આજરોજ માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી અને માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, આઇ.એ.એસની અધ્યક્ષતામાં તમામ ઝોનના વડાશ્રીઓ સાથે સુરત મહાનગરપાલિકા ધ્વારા હાલમાં રાઉન્ડવાઇસ ચાલી રહેલ પ્રિ-મોન્સુનની કામગીરીની સમીક્ષા બેઠક સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, મુગલીસરાની નવી એનેક્ષી બિલ્ડીંગ ખાતે યોજાયેલ.

સદર બેઠકમાં તમામ ઝોન વિસ્તારમાં આવેલ ખાડી ,મેનહોલ,ડ્રેનેજ, ઇનલેટ ચેમ્બરની સાફ-સફાઇ કરવા તથા મેઇન્ટેનન્સની કામગીરી,જાળીયા રીપેર તથા કલર કરવા,ટ્રેન્ચની કામગીરી, રસ્તા રીપેર તથા પેચવર્કની કામગીરી,ફુટપાથ અને રોડ ડિવાઇડર રીપેરીંગની કામગીરીની માહિતી લાગત ઝોનના વડાશ્રીઓ ધ્વારા રજુ કરવામાં આવેલ. સદર માહિતીથી માન. મેયર શ્રી દક્ષેશભાઇ માવાણી, માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ અને અન્ય પદાધિકારીશ્રીઓ અવગત થઇ આ આ વર્ષે ચોમાસુ એક માસ પહેલા આવેલ હોય, જે ધ્યાને લઇ બાકી રહેલ કામગીરી ઝડપથી પૂર્ણ કરવા લાગત અધિકારીશ્રીઓને જરૂરી સુચના આપવામાં આવેલ તથા જે તે ઝોનમાં વોટર લોગીગ,મેટ્રોની કામગીરીને કારણે પડતા અવરોધ અને ખાડીપુરને લાગત પ્રશ્નોના નિવારણ અર્થે ચર્ચા કરી જરૂરી આનુસાંગિક કામગીરી કરવા તથા જે સ્થળો પર પાણી ભરાતા હોય તેવા સ્થળો નકકી કરી વોટર હાર્વેસ્ટીંગ કરવા સૂચના આપેલ.

સદર મિટીંગમાં માન.ડે.મેયર ડાં.નરેન્દ્રભાઇ પાટીલ,માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ,માન. ડ્રેનેજ સમિતિ અધ્યક્ષ શ્રી કેયુર ચપટવાલા, માન. વિભાગીય વડાશ્રીઓ ,માન. ઝોનલ ચીફશ્રીઓ/ લાગત ખાતાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૮૪ ,**
**તા.૨૮/૦૫/૨૦૨૫**

**<u>પ્રેસનોટ</u>**
**<u>આરોગ્ય વિભાગ</u>**

પજુનર૦ર૫"**વિશ્વ પર્યાવરણ દિવસ**"નાં ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે **"Ending Plastic Pollution Globally"**વિષય ઉપર પ્લાસ્ટિક નાબુદી ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય ભારતસરકાર દ્વારા તા.રરમેર૦ર૫થીતા. પજુનર૦ર૫દરમિયાન"**Ending Plastic PollutionGlobally**" વિષય ઉપર પખવાડીક ઝુંબેશના આયોજન રૂપે, સુરત મહાનગરપાલિકાના **માન. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ**ની સુચના મુજબજુદા જુદા ઝોન વિસ્તારના વેજીટેબલ માર્કેટ, પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ હબ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, સરકારી કચેરીઓ, સ્કુલ-કોલેજ, ફુડ કોટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસીડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ,NGO, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તથા શહેરીજનોના સહયોગથી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ, શહેરના દરિયાના કિનારા/નદી/તળાવની આસપાસ NGO/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઈવ, સિંગલ યુઝ પ્લાસ્ટીક/મલ્ટીલેયર પ્લાસ્ટીકનો ઉપયોગથી રોડ બનાવવા,સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ, કપડાની થેલી, ગ્લાસની બોટલ ઇકો-ફ્રેન્ડલી કટલરી/બામ્બૂ ટુથબ્રશ,સ્ટીલ કે રિસાઈકલ કરી શકાય તેવા પ્લાસ્ટીકના લંચ બોક્સ વિગેરેવસ્તુઓના ઉપયોગ માટે નાગરિકોમાં જાગૃતતા લાવવી, ઘન કચરાના વર્ગીકરણ બાબતે ઝુંબેશ, સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IEC પ્રવૃતિઓ થકી માહિતગાર કરવા જણાવેલ છે.

તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજપ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જન-જાગૃતિના હેતુસર"**કોન બનેગા સ્વચ્છતા સારથી**"મારફતવધુમાં વધુશહેરીજનોજોડાય સ્પર્ધામાં ભાગ લે તે માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ[https://www.suratmunicipal.gov.in/](https://www.suratmunicipal.gov.in/)પર"**સ્વચ્છતા સારથીક્વીઝ**"સેલ્ફ રજીસ્ટ્રેશન દ્વારાપ્લાસ્ટિકપ્રદુષણ બાબતે વિવિધ પ્રશ્નોનોના ઓનલાઈન જવાબ આપી કુલ ૫૩૧૦ શહેરીજનો "**કોન બનેગા સ્વચ્છતા સારથી**"સ્પર્ધામાંજોડાયા હતા.જેઅંતર્ગત વધુ માર્ક્સ લાવનાર શહેરીજનોના ફોટોગ્રાફ્સસુરત મહાનગરપાલિકાની ડીજીટલ ડિસ્પ્લે પરપ્રદર્શિત કરી પ્રચાર-પ્રસાર કરવામાં આવશે.

વધુમાં આજ રોજ સુરત શહેરના**સેન્ટ્રલ ઝોનના**ભૂત શેરી ને ડાળીયા શેરીવિસ્તાર, **ઇસ્ટ-એ ઝોનના**સપના સોસાયટી રોડવિસ્તાર, **ઇસ્ટ-બી ઝોનના**પેડર રોડ, મોટા વરાછાવિસ્તાર, **વેસ્ટ ઝોનના**સ્નેહ સ્મુતિ સોસાયટી, અડાજણ પાટીયા વિસ્તાર, **નોર્થ ઝોનના**ગાયત્રી પરિવાર-રપારસવિસ્તાર, **સાઉથ-એ ઝોનના**ચીકુવાડીવિસ્તાર, **સાઉથ-બી ઝોનના**ગ્લોરીના વેલી રેસીડેનસી , કનકપુર, **સાઉથ વેસ્ટ ઝોનના**સ્પિંગવેલી, પનાસ વિસ્તાર, **સાઉથ ઇસ્ટ ઝોનના**શિવ શંકર સોસાયટી, ઉમરવાડાઆમ **કુલ ૯** ઝોનના વિસ્તારોમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ નહીવત થાય તે માટે શહેરમાં થેલા/વાસણ બેંક શરૂ કરવા તેમજ પ્લાસ્ટિક પ્રદુષણ જન-જાગૃતિ કરી કુલ૧૮૫૪૬**વ્યક્તિઓએ**પ્લાસ્ટિક ફ્રી સુરત માટેશપથલીધેલ.સ્કોવડ દ્વારા આજ રોજ૩૫**કિ.ગ્રા.** પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી **૩૭ નોટીસ**આપી કુલ રૂ.૫૨૪૦૦**વહીવટી ખર્ચ** વસુલવામાં આવેલ છે.

**જન સંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદીનં. ૮૫ તા. ૨૮-૦૫-૨૦૨૫**

# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૪ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે જેમાં (૧) ૭૫ વર્ષીય પુરૂષ, રહેઠાણ – સગરામપુરા, જેઓ રીટાયર્ડ છે. તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૧ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૨) ૬૦ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-ગોડાદરા, જેઓ ગૃહિણી છે અને તા.૧૮/૦૫/૨૦૨૫ ના રોજ અમરેલીથી સુરત પરત આવેલ છે અને તેમનો રીપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૬ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી (૩) ૪૪ વર્ષીય પુરૂષ, રહેઠાણ-રામનગર, જેઓ ખાનગી વ્યવસાય કરે છે તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૪ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી (૪) ૬૧ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-ઉધના મગદલ્લા રોડ, જેઓ ગૃહિણી છે અને તા.૨૪/૦૫/૨૦૨૫ ના રોજ ઈન્દોરથી સુરત પરત આવેલ છે અને તેમનો રીપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૪ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફતથી

સાદર  સમાચાર યાદીનં. ૮૬

તા. ૨૯-૦૫-૨૦૨૫

## પ્રેસનોટ
## આરોગ્ય વિભાગ

૫જુન૨૦૨૫"**વિશ્વ પર્યાવરણ દિવસ**"નાં ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે "**Ending Plastic Pollution Globally**"વિષય ઉપર પ્લાસ્ટિક નાબુદી ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય ભારતસરકાર દ્વારા તા.૨૨મે૨૦૨૫થીતા. ૫જુન૨૦૨૫દરમિયાન"**Ending Plastic PollutionGlobally**" વિષય ઉપર પખવાડીક ઝુંબેશના આયોજન રૂપે, સુરત મહાનગરપાલિકાના **માન. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલની** સુચના મુજબજુદા જુદા ઝોન વિસ્તારના વેજીટેબલ માર્કેટ, પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ હબ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, સરકારી કચેરીઓ, સ્કુલ-કોલેજ, ફૂડ કોર્ટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસીડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ,NGO, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તથા શહેરીજનોના સહયોગથી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ, શહેરના દરિયાના કિનારા/નદી/તળાવની આસપાસ NGO/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઈવ, સિંગલ યુઝ પ્લાસ્ટીક/મલ્ટીલેયર પ્લાસ્ટીકનો ઉપયોગથી રોડ બનાવવા,સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ, કપડાની થેલી, ગ્લાસની બોટલ ઇકો-ફ્રેન્ડલી કટલરી/બામ્બૂ ટૂથબ્રશ,સ્ટીલ કે રિસાઈકલ કરી શકાય તેવા પ્લાસ્ટીકના લંચ બોક્સ વિગેરેવસ્તુઓના ઉપયોગ માટે નાગરિકોમાં જાગૃતતા લાવવી, ઘન કચરાના વર્ગીકરણ બાબતે ઝુંબેશ, સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IEC પ્રવૃતિહાથ ધરી માહિતગાર કરવા જણાવેલ છે.

તા. ૨૯-૦૫-૨૦૨૫ના રોજપ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જન-જાગૃતિના હેતુસરપ્લાસ્ટીકની થેલીના વિકલ્પતરીકે સખી મંડળ તથા સેલ્ફ હેલ્પ ગ્રુપને કાપડમાંથી કપડાની થેલી બનાવવા માટે વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. સદર વર્કશોપમાં **સખી મંડળ** તથા સેલ્ફ હેલ્પના **સભ્યોશ્રી**ઓએ ભાગ લીધેલ જેઓનેકાપડની થેલી બનાવવાની સમજણ આપી અંદાજે **૬૫૦ કપડાની થેલી** બનાવવામાં આવેલ.

સુરત શહેર વિસ્તારમાં આજ દિન સુધી **૨૧૦.૭ પ્લાસ્ટિક વેસ્ટ**નો ઉપયોગ કરી **૩૮,૧૩૯ કિ.મી**ના રોડ બનાવવામાં આવેલ છે તથા આગામી સમયમાં **૬૫ મે.ટન પ્લાસ્ટિક વેસ્ટ**નો ઉપયોગ કરી **૬.૫ કિ.મી** રોડ બનાવવાનું આયોજન છે. રોડ બનાવવામાં પ્લાસ્ટિકનો ઉપયોગ કરવાથી પાણીથી રોડને થતા નુકશાન અટકાવી રોડની સ્થિરતા અને મજબુતાઈમાં વધારો થાય છે તથા પ્લાસ્ટીકના કચરાનો નિકાલ થવાના કારણે પર્યાવરણને ફાયદો થાય છે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદીનં. ૮૭ ,તા. ૨૯-૦૫-૨૦૨૫

**સુરત મહાનગરપાલિકા**

સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

**<u>પ્રેસનોટ</u>**

આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઇસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ પ્રિ.ટી.પી સ્કીમ નંબર-૪૧(ડીંડોલી), ફાયનલ પ્લોટ નં. ૧૩૭ માં આવેલ વસવાટના હેતું ધરાવતી જલારામ નગર, સબ પ્લોટ નં.૬૭ વાળી મિલ્કતની રુબરૂ સ્થળ તપાસ દરમ્યાન જર્જરીત જણાઇ આવેલ. જેમાં સળીયા કટાઇ ગયેલ હોવાથી તથા તેમાં ઘણી જગ્યાએ ગાબડા – તીરાડો પડેલ હોય તેમજ સમગ્ર મકાન માં અલગ – અલગ જગ્યાએ બીમ કોલમ, સ્લેબ તથા દિવાલોમાં તીરાડો પડેલ હોવાના કારણે મકાન જર્જરીત થયેલ હોય, જેથી મકાનમાં વસવાટકર્તાઓને તથા પાસેના મકાનોને તેમજ તેમાં વસવાટ કરનારને અને રસ્તેથી અવરજવર કરનાર ત્રાહીત લોકોને નુકશાન પહોંચે તેવો સંભવ હોય, જે કારણોસર મિલ્કતદાર/કબ્જેદારને સને ૧૯૪૯ ના ધી બી.પી.એમ.સી. એક્ટ ૧૯૪૯ ની કલમ–૨૬૮ ની નોટીસ પાઠવવામા આવેલ, હાલ સદર મિલ્કત મકાનમાં વસવાટકર્તાઓને તથા પાસેના મકાનોને તેમજ તેમાં રહેનારા અને રસ્તેથી આવનાર/જનાર લોકોને નુકશાન પહોંચે તેવો સંભવ હોય, આજ રોજ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ મિલકતનો અંદાજીત ૧૫૦.૦૦ ચો. ફુટ જર્જરીત ભાગને દુર કરી તથા મિલ્કતનુ રિપેરિંગ ન થાય ત્યા સુધી શેષ મિલ્કતમાં વસવાટ દુર કરીને સીલ કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોનના માન. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ કાર્યપાલક ઇજનેરશ્રીના નેતૃત્વ હેઠળ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગના ૦૨ આસી/જુની. ઇજનેર, ૦૧ સુપરવાઈઝર, ૦૨ ટેક.આસી. તેમજ ૨૦(વીસ) જેટલા બેલદારો, ૦૫ સીક્યુરીટી સ્ટાફ સાથે સંયુક્ત રીતે કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર
સમાચાર યાદી નં.૮૯
તા.૩૦/૦૫/૨૦૨૫


मिराई क्लिनीक
डॉ.विशाल पवार
(M.B.B.S.)
(Reg.No.G67700)
Mo.8160173383
डॉ.कमलेश सुर्यवंशी
(B.H.M.S.)
फॅमिली फिजीशियन & जनरल सर्जन
Mo.8154083434
समय :- सुबह 9.00 से 1.00 तक - शाम 5.00 से 9.30 तक
MEN'S


मिराई क्लिनीक
राजस्थान स्पेशल जलेबी
GPS Map Camera
Surat, Gujarat, India
64, Jalaram Nagar, Gruhlaxmi Nagar, Navagam, Surat, Gujarat 394210, India
Lat 21.160066° Long 72.864513°
30/05/2025 11:17 AM GMT +05:30
Google

# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## <u>પ્રેસનોટ તા.30/05/૨૦૨૫</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૪ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે જેમાં (૧) ૮૬ વર્ષીય પુરૂષ, રહેઠાણ – અડાજણ, જેઓ રીટાયર્ડ છે. તેઓ હાલ વરદાન હોસ્પિટલમા દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૫ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૨) ૫૨ વર્ષીય ગૃહિણી, રહેઠાણ-જહાંગીરપુરા,તેઓ તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ સિમલાથી પરત આવેલ છે અને તેઓ હાલ શાયોના હોસ્પિટલમા દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૩ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૩) ૬૭ વર્ષીય ગૃહિણી, રહેઠાણ-પાલ, તેઓ હાલ યુનાઈટેડ ગ્રીન હોસ્પિટલમા દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૮ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૪) ૪૪ વર્ષીય પુરૂષ, રહેઠાણ-પાંડેસરા, જેઓ નોકરી કરે છે અને તા.૨૩/૦૫/૨૦૨૫ ના રોજ વિસનગરથી સુરત પરત આવેલ છે અને તેમનો રીપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેઓ હાલ યુનિટી હોસ્પિટલમા દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે.  તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૪ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી.

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.૯૦

તા.30/05/૨૦૨૫

# પ્રેસનોટ

# આરોગ્ય વિભાગ

૫ જુન ૨૦૨૫ **“વિશ્વ પર્યાવરણ દિવસ”**નાં ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે **"Ending Plastic Pollution Globally”** વિષય ઉપર પ્લાસ્ટિક નાબુદી ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય ભારત સરકાર દ્વારા તા.૨૨ મેં ૨૦૨૫ થી તા. ૫ જુન ૨૦૨૫ દરમિયાન “Ending Plastic Pollution Globally” વિષય ઉપર પખવાડીક ઝુંબેશના આયોજન રૂપે, સુરત મહાનગરપાલિકાના **માન. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ**ની સુચના મુજબ જુદા જુદા ઝોન વિસ્તારના વેજીટેબલ માર્કેટ, પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ હબ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, સરકારી કચેરીઓ, સ્કુલ-કોલેજ, ફૂડ કોટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસીડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ, NGO, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તથા શહેરીજનોના સહયોગથી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ, શહેરના દરિયાના કિનારા/નદી/તળાવની આસપાસ NGO/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઈવ, સિંગલ યુઝ પ્લાસ્ટીક/મલ્ટીલેયર પ્લાસ્ટીકનો ઉપયોગથી રોડ બનાવવા, સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ, કપડાની થેલી, ગ્લાસની બૉટલ ઇકો-ફ્રેન્ડલી કટલરી/બામ્બૂ ટુથ બ્રશ,સ્ટીલ કે રિસાઈકલ કરી શકાય તેવા પ્લાસ્ટીકના લંચ બૉક્સ વિગેરે વસ્તુઓના ઉપયોગ માટે નાગરિકોમાં જાગૃતતા લાવવી, ઘન કચરાના વર્ગીકરણ બાબતે ઝુંબેશ, સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IEC પ્રવૃતિ હાથ ધરી માહિતગાર કરવા જણાવેલ છે.

સુરત મહાનાગપાલિકા ખાતે તા. ૩૦-૦૫-૨૦૨૫ થી વેરાબીલ, પાણી બીલ, પ્રોફેશનલ ટેક્સ બીલ, પાર્ટી પ્લોટ બુકિંગ માટે આવતા શહેરીજનોને પેમેન્ટ સ્લીપ પર “સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરી, શહેર તથા દેશને પ્લાસ્ટિક પ્રદુષણથી મુક્ત કરીએ.” ના મેસેજ મારફત શહેરીજનોને પ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જન-જાગૃતિનો સંદેશો આપેલ છે. વધુમાં આજ રોજ સુરત શહેરના કુલ ૯ ઝોનના વિસ્તારોમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ ન કરવા તથા પ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જન-જાગૃતિ કરી કુલ ૨૧૨૫૩ વ્યક્તિઓએ પ્લાસ્ટિક ફ્રી સુરત માટે શપથ લીધેલ. સ્કોવડ દ્વારા આજ રોજ ૨૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી ૪૦ નોટીસ આપી કુલ રૂ. ૫૫૧૦૦ વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફતથી સાદર

સમાચાર યાદી નં.૯૧ તા. ૩૦-૦૫-૨૦૨૫

**સુરત મહાનગરપાલિકા**
**હાઈડ્રોલિક વિભાગ**

**પ્રેસનોટ**

**ન્યુ નોર્થ ઝોન પાણી પુરવઠા યોજના હેઠળ નવા પૂર્વ (સરથાણા) ઝોન-બી વિસ્તારમાં પાણી પુરવઠો બંધ રહેવા/ઓછા પ્રેશરથી મળવા અંગેની અગત્યની જાહેરાત**

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હંમેશ કટીબધ્ધ રહેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનો હાઈડ્રોલિક વિભાગ, સુરત શહેરમાં સમાવિષ્ટ વિસ્તારમાં નિયત સમય મર્યાદામાં, પુરતા જથ્થામાં તેમજ ગુણવત્તા સાથે પાણી પુરવઠો પુરો પાડવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. હાલમાં, તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ મોટા વરાછા જળ વિતરણમથક હેઠળના નેટવર્ક મરામત અને નવિનિકરનણની કામગીરી હાથ ધરવામાં આવનાર હોય, તા.૦૩/૦૬/૨૦૨૫ ના રોજ નીચે દર્શાવેલ વિસ્તારોને પૂરો પાડવામાં આવતો પાણી પુરવઠો મળે તેમ નથી તેમજ તા.૦૪/૦૬/૨૦૨૫ ના રોજ પાણી પુરવઠો અંશતઃ મળે/ ઓછા પ્રશરથી મળે તેમ હોય, સદરહુ વિસ્તારની અંદાજીત ૩.૫૦ લાખ વસ્તીને અસર થનાર છે. સદર કામગીરી પૂર્ણ થયેથી આ વિસ્તારમાં તા.૦૫/૦૬/૨૦૨૫ થી રેગ્યુલર સપ્લાય મળી શકે તેમ છે.

| અનું નં. | ઓવરહેડ ટાંકીનું નામ /ટાંકીનું સ્થળ | વિસ્તારોના નામો |
|---|---|---|
| ૧ | M-1<br>( સેન્ટોસા હાઈટસપાસે ઉત્રાણ ) | ઉત્રાણ ગામતળનો વિસ્તાર તેમજ ઉત્રાણ વી.આઈ.પી.સર્કલની આસપાસનો ટી.પી. વિસ્તાર. |
| ૨ | M-2<br>(સી.એન.જી. પમ્પ પાસે મોટા વરાછા) | સુદામા ચોકથી ગોલ્ડન સ્કેવેર થઈ મહારાજા ફાર્મ સુધીનો વિસ્તાર, મહારાજા ફાર્મથી રામચોકનો આસપાસનો વિસ્તાર અને રામચોકથી સુદામા ચોક સુધીનો વિસ્તાર |
| ૩ | M-3<br>( મોટા વરાછા કબ્રસ્તાન પાસે ) | મોટા વરાછા ગામતળ, મોટા વરાછા કબ્રસ્તાન થી અબ્રામા ચેક પોસ્ટ સુધી તથા મોટા વરાછા કબ્રસ્તાન થી સવજી કોરાટ બ્રીજ સુધીનો સમગ્ર વિસ્તાર તેમજ રાધે ચોકથી રામચોક સુધીનો સમગ્ર વિસ્તાર અને પેડર રોડનો સમગ્ર વિસ્તાર. |
| ૪ | M-4<br>( મહાદેવ ચોક સવજી કોરાટ બ્રીજ પાસે મોટા વરાછા ) | મોટા વરાછા ગામતળ, સેટેલાઈટ મેઈન રોડ, મહાદેવ ચોકથી લજામણી ચોક સુધીનો સમગ્ર વિસ્તાર તથા સુદામા ચોકથી યમુના ચોક સુધીનો સમગ્ર વિસ્તાર. |

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

## (આરોગ્ય વિભાગ)

## પ્રેસનોટતા.૩૧/૦૫/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૫ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે જેમાં (૧) ૭૧ વર્ષીય પુરૂષ, રહેઠાણ-બમરોલી,જેઓ નિવૃતછે અને તેમનો રીપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેઓ હાલ એપલ હોસ્પિટલમા દાખલ છે અને ઓક્સીજન સપોર્ટ સાથે સારવાર હેઠળ છે. (૨) ૩૮વર્ષીય સ્ત્રી, રહેઠાણ–મોટા વરાછા, જેઓ ગૃહિણી છે.તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૨ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૩) ૪૨ વર્ષીય પુરૂષ, રહેઠાણ-નવાપુરા,તેઓ તા.૨૯/૦૫/૨૦૨૫ ના રોજ અમદાવાદથી પરત આવેલ છે અને તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૩ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૪) ૪૮વર્ષીય ગૃહિણી,રહેઠાણ-અડાજણ,તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૪ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૫) ૫૪વર્ષીય પુરૂષ, રહેઠાણ-આનંદ મહલ,જેઓ વ્યવસાય કરે છે અને તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૫ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી.

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૯૩

તા.૩૧/૦૫/૨૦૨૫

# પ્રેસનોટ

# આરોગ્ય વિભાગ

૫ જુન ૨૦૨૫ **"વિશ્વ પર્યાવરણ દિવસ"**નાં ભાગરૂપે વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે **"Ending Plastic Pollution Globally"**વિષય ઉપર પ્લાસ્ટિક નાબુદી ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. વન, પર્યાવરણ અને આબોહવા પરિવર્તન મંત્રાલય ભારતસરકાર દ્વારા તા.૨૨ મેં૨૦૨૫ થી તા. ૫ જુન ૨૦૨૫ દરમિયાન "Ending Plastic PollutionGlobally" વિષય ઉપર પખવાડીક ઝુંબેશના આયોજન રૂપે, સુરત મહાનગરપાલિકાના **માન. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ**ની સુચના મુજબજુદા જુદા ઝોન વિસ્તારના વેજીટેબલ માર્કેટ, પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ હબ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, સરકારી કચેરીઓ, સ્કુલ-કોલેજ, ફૂડ કોટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસીડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ,NGO, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તથા શહેરીજનોના સહયોગથી પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે પ્લોગિંગ ડ્રાઇવ, શહેરના દરિયાના કિનારા/નદી/તળાવની આસપાસ NGO/વોલન્ટીયર્સને જોડી સ્વચ્છતા ડ્રાઈવ, સિંગલ યુઝ પ્લાસ્ટીક/મલ્ટીલેયર પ્લાસ્ટીકનો ઉપયોગથી રોડ બનાવવા,સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ, કપડાની થેલી, ગ્લાસની બૉટલ ઇકો-ફ્રેન્ડલી કટલરી/બામ્બૂ ટુથબ્રશ,સ્ટીલ કે રિસાઈકલ કરી શકાય તેવા પ્લાસ્ટીકના લંચ બૉક્સ વિગેરેવસ્તુઓના ઉપયોગ માટે નાગરિકોમાં જાગૃતતા લાવવી, ઘન કચરાના વર્ગીકરણ બાબતે ઝુંબેશ, સિંગલ યુઝ પ્લાસ્ટીકનો વિકલ્પ શોધી નાગરીકોને વિવિધ IEC પ્રવૃતિહાથ ધરી માહિતગાર કરવામાં આવેલ છે.

વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ ની ઉજવણીના અભિયાનને ત્રણ ભાગમાં વહેચવામાં આવેલ છે. જેના પ્રથમ ભાગમાં તા.૨૨-૦૫-૨૦૨૫ થી તા.૦૪-૦૬-૨૦૨૫ દરમ્યાન પ્લાસ્ટિક પ્રદુષણની હાનિકારક અસરો વિશે જનજાગૃતિ અને બાયોડિગ્રેડેબલ વિકલ્પોને પ્રોત્સાહીત કરવા અવેરનેશ કાર્યક્રમ, દ્વિતીય ભાગમાં તા.૦૫-૦૬-૨૦૨૫ ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી તથા તૃતીય ભાગમાં તા.૦૬-૦૬-૨૦૨૫ થી તા.૩૧-૧૦-૨૦૨૫ દરમ્યાન નેશનલ પ્લાસ્ટિક પોલ્યુશન રીડકક્ષન કેમ્પેઈન એમ ત્રણ ભાગમાં ઉજવણીનું આયોજન કરવામાં આવેલ છે.વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ના ઉજવણીના અભિયાનના પ્રથમ ભાગ અંતર્ગત તા. ૨૨-૦૫-૨૦૨૫ થી ૩૧-૦૫-૨૦૨૫ દરમ્યાન સુરત મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક પ્રદુષણ જન-જાગૃતિ અન્વ્યે વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે.

પ્લાસ્ટિક પ્રદુષણ જન-જાગૃતિના વિવિધ કાર્યક્રમો અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૨-૦૫-૨૦૨૫ના રોજ૫૫ ડોર ટુ ડોર વાહન, ૫ JCB, ૧૦ ટ્રક વિગેરે કચરાનું પરિવહન કરતા ૭૦ વાહનો, સ્વચ્છતામિત્રો તથા NGO સાથે સાઉથ ઇસ્ટ ઝોનના ડિંડોલી વોર્ડના ન્યુ રીંગરોડ મધુરમ સર્કલ વિસ્તારમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરવા બાબતે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ. અભિયાનમાં ઉપસ્થિત NGO દ્વારા સોસાયટીના પ્રમુખોને ઘન કચરાના વર્ગીકરણ બાબતે માહિતગાર કરવામાં આવેલ.

તા. ૨૩-૦૫-૨૦૨૫ના રોજ સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ ન કરવા તથા પ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જન-જાગૃતિના હેતુસર **"Plastic Free Surat Pledge"**અંતર્ગત વધુમાં વધુશહેરીજનો જોડાય તે માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/પર **"Pladge fo a Plastic Free Surat"**ના પોપ-અપ પેજ તેમજ https://www.suratmunicipal.gov.in/Others/PlasticFreeSurat દ્વારા ડીજીટલ મીડિયા/સોસીયલ મીડિયા મારફત પ્રચાર-પ્રસાર કરવામાં આવેલ. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા વિસ્તારના ૨૪૦૦૦ થી વધુ શહેરીજનો દ્વારા ઓનલાઈન શપથ ગ્રહણ કરવામાં આવેલ છે.

વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ના ઉજવણીના અભિયાનના અંતર્ગત કસ્ટમાઇઝ કરેલ મશીન મારફતસુરત શહેરનાડુમસ બીચખાતે ૧૦ કિ.ગ્રા માઈક્રોપ્લાસ્ટિક જમા કરી નિકાલ કરવામાં આવેલ તેમજ સરથાણા નેચરલ પાર્કતથા વેજીટેબલ માર્કેટખાતે પ્લાસ્ટિકની થેલી લઈને આવેલ મુલાકાતીઓ પાસેથી થેલી લઇ તેઓને કપડાની બેગનું વિતરણ કરી સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ ન કરવા તથા પ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જન-જાગૃતિ આપવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૮-૦૫-૨૦૨૫ના રોજ પ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જન-જાગૃતિના હેતુસર **"કોન બનેગા સ્વચ્છતા સારથી"**મારફત વધુમાં વધુશહેરીજનો જોડાય સ્પર્ધામાં ભાગ લે તે માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/પર **"સ્વચ્છતા સારથીક્વીઝ"**સેલ્ફ રજીસ્ટ્રેશન દ્વારા પ્લાસ્ટિક પ્રદુષણ બાબતે વિવિધ પ્રશ્નોનોના ઓનલાઈન જવાબ આપી કુલ ૫૩૧૦ શહેરીજનો **"કોન બનેગા સ્વચ્છતા સારથી"**સ્પર્ધામાંજોડાયા હતા. જેઅંતર્ગત વધુ માર્ક્સ લાવનાર શહેરીજનોના ફોટોગ્રાફ્સ સુરત મહાનગરપાલિકાની ડીજીટલ ડિસ્પ્લે પરપ્રદર્શિત કરી પ્રચાર-પ્રસાર કરવામાં આવેલ. વધુમાં પ્લાસ્ટીકની થેલીના વિકલ્પતરીકેસખી મંડળ તથા સેલ્ફ હેલ્પ ગ્રુપને જુના કપડા/કાપડમાંથી કપડાની થેલી બનાવવા માટે વર્કશોપનું આયોજન કરી,હાજર સખી મંડળ તથા સેલ્ફ હેલ્પના સભ્યોશ્રીઓનેજુના કપડા/કાપડ માંથી થેલી બનાવવાની સમજણ આપેલ.સુરત મહાનગરપાલિકા ખાતે તા. ૩૦-૦૫-૨૦૨૫ થી વેરાબીલ, પાણી બીલ, પ્રોફેશનલ ટેક્સ બીલ, પાર્ટી પ્લોટ બુકિંગ માટે આવતા શહેરીજનોને પેમેન્ટ સ્લીપ પર "સિંગલ યુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરી, શહેર તથા દેશને પ્લાસ્ટિક પ્રદુષણથી મુક્ત કરીએ." ના મેસેજ મારફત શહેરીજનોને પ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જન-જાગૃતિનો સંદેશો આપેલ છે.

આમ સુરત મહાનાગપાલિકા દ્વારા વેજીટેબલ માર્કેટ, પ્રવાસન સ્થળો, ટ્રાન્સપોર્ટ હબ, ગાર્ડન, નદી-તળાવ-બીચ, , સ્કુલ-કોલેજ, ફૂડ કોટ વિસ્તાર, કોમર્સિયલ-માર્કેટ, રેસીડેન્સીયલ-સ્લમ વિગેરે વિસ્તારોમાં શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી સંસ્થાઓ, કોર્પોરેટ સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ,NGO, ધાર્મિક સંસ્થાઓના અગ્રણીઓ તથા શહેરીજનોના સહયોગથીજુદા-જુદા માધ્યમો મારફત સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ ન કરવા તથા પ્લાસ્ટિક પ્રદુષણ બાબતે જન-જાગૃતિ આપવામાં આવેલ છે. તા. ૨૨-૦૫-૨૦૨૫ થી ૩૧-૦૫-૨૦૨૫ દરમ્યાનઝોનની સ્કોવડ દ્વારા૩૮૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી ૩૭૬ નોટીસ આપી કુલ રૂ. ૫૧૨૭૦૦/- વહીવટી ખર્ચ વસુલવામાંઆવેલ.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફતથી સાદર

સમાચાર યાદી નં. ૯૪

તા. ૩૧-૦૫-૨૦૨૫

નાગરિકોની સુરક્ષા અને જાગૃત્તિ અંગે સુરતની ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટ ખાતે 'ઓપરેશન શિલ્ડ' મોકડ્રીલ યોજાઈ

--------

ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટ પર હવાઈ હુમલો થતા આગ ભભૂકી ઉઠી: તાત્કાલિક રેસ્ક્યુ અને રાહત કામગીરી કરાઈ

----------

૭૯ ઈજાગ્રસ્તોને રેસ્ક્યુ કરી સ્મીમેર હોસ્પિટલ તેમજ સામાન્ય ઈજા પામેલા ઘાયલોને સેફ હાઉસમાં પ્રાથમિક સારવાર માટે ખસેડાયા

------

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે નાગરિક સંરક્ષણ કવાયત 'ઓપરેશન શિલ્ડ'નું આયોજન કરવાનો નિર્દેશ આપ્યો હતો. જેના અનુસંધાને સુરત શહેરના ઉમરવાડા સ્થિત ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટ ખાતે સિવિલ ડિફેન્સ અંતર્ગત ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ યોજાઈ હતી. સંભવિત યુદ્ધની સ્થિતિમાં નાગરિકોને સુરક્ષિત અને જાગૃત્ત રાખવા માટે 'ઓપરેશન શિલ્ડ' નામથી આ સામૂહિક કવાયત હાથ ધરાઈ હતી.

એર સ્ટ્રાઈકના કારણે ગ્લોબલ માર્કેટમાં આગ લાગી હતી. ઈમરજન્સી ઓપરેશન ખાતેથી ફાયર, ૧૦૮ એમ્બ્યુલન્સ તથા પોલીસ સહિતના વિભાગોને તત્કાલ ઘટનાસ્થળે પહોચવાનો નિર્દેશ અપાયો હતો. આગ થોડા જ સમયમાં વિકરાળ બની હતી. સાયરન વગાડી હવાઈ હુમલો થવાનો સંકેત આપી માર્કેટના વેપારીઓ, ગ્રાહકો, આસપાસના રહેણાંક સોસાયટીઓના લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા એલર્ટ કરવામાં આવ્યા હતા.

તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ફાયર ફાયટરોએ પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. ૧૦૮ અને સ્મીમેર હોસ્પિટલની એમ્બ્યુલન્સો ઘટનાસ્થળે પહોંચીને હવાઈ હુમલામાં ઘાયલ થયેલા ઈજાગ્રસ્તોને નજીક આવેલી સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ફાયર તેમજ SDRFની ટીમ દ્વારા તત્કાલ રેસ્ક્યુની કામગીરી હાથ ધરાઈ હતી. સિવિલ ડિફેન્સ વોલન્ટીયરોની ટીમે માનવ સાંકળ બનાવવા તેમજ ઈજાગ્રસ્તોને સ્ટ્રેચર પર લાવી તત્કાલ સારવાર માટે જોડાયા હતા.

કોઈ પણ આપત્તિ દરમિયાન ઝડપી પ્રતિસાદ માટે તંત્ર તથા નાગરિકો બંને તૈયાર રહે તેમજ યુદ્ધ જેવી કટોકટીની સ્થિતિમાં નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય એ માટેની આ મોક એક્સરસાઈઝ દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સ, પોલીસ- પીસીઆર, સિવિલ ડિફેન્સ વોલન્ટીયરો, ફાયર સ્ટાફ અને સુરક્ષા દળો એલર્ટ મોડ પર આવી ગયા હતા અને સબંધિત તમામ વિભાગના અધિકારીઓ જરૂરી રેસ્ક્યુ સાધનો સાથે રાહત બચાવની કામગીરીમાં જોડાયા હતા. મોક ડ્રીલમાં સિવિલ ડિફેન્સ, આરોગ્ય સ્ટાફ દ્વારા ૭૯ ઈજાગ્રસ્તોને નજીક આવેલી સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જ્યારે સામાન્ય ઈજા પામેલા ૨૦ ઘાયલોને નજીકના સેફ હાઉસમાં ખસેડી તબીબો દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.

સમગ્ર મોકડ્રીલમાં માય ભારતના ૨૦ વોલન્ટીયરો, એન.સી.સી.ના કેડેટ્સએ પણ સહયોગ આપ્યો હતો. ફાયર વિભાગ દ્વારા સ્કાઉટ એન્ડ ગાઈડસ, એન.સી.સી.ના કેડેટ્સ તેમજ સિવિલ ડિફેન્સના સ્વયંસેવકોને રેસ્ક્યુ સંબંધિત તાલીમ અપાઈ હતી.

મોકડ્રીલના અંતે મેયર દક્ષેશ માવાણી, મ્યુ.કમિશ્નર શ્રીમતી શાલિની અગ્રવાલ,જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, ઈ.પોલીસ કમિશનર વાબાંગ ઝમીર, મ્ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું હતું.


FIRE




FIRE



# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## પ્રેસનોટ તા.૦૨/૦૬/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૩ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૮૪વર્ષીય સ્ત્રી, રહેઠાણ-પાલનપોર,જેઓ ગૃહિણી છે અનેહાલ નિર્મલ હોસ્પિટલમા દાખલ છે અને ઓક્સીજન સપોર્ટ સાથે સારવાર હેઠળ છે. તેઓને ડાયાબીટીસ અને પ્રેશરની બીમારી છે તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૫ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી.(૨) ૪૨ વર્ષીય સ્ત્રી, રહેઠાણ–ડભોલી, જેઓ ગૃહિણી છે. તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ તેઓ થાઈલેન્ડથી પરત આવેલ છે તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓને પ્રેશરની બીમારીછે અને તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૫ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી. (૩) ૨૦ વર્ષીય પુરૂષ, રહેઠાણ-વેસુ,તેઓ આર્કીટેકટ સ્ટુડન્ટ છેઅને તા.૩૧/૦૫/૨૦૨૫ના રોજ અમદાવાદથી પરત આવેલ છે.તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૨ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી.

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.હોમ આઇસોલેશનમાં રહેલ કોવિડપોઝીટીવ દર્દીઓને પાંચ દિવસ માટે હોમ આઇસોલેશનની સલાહ આપવામાં આવી છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર

સમાચાર યાદી નં. ૯૬

તા. ૦૨/૦૬/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૩ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૧૯વર્ષીય સ્ત્રી, રહેઠાણ-સચીન,જેઓનર્સીંગ સ્ટુડન્ટછે.હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૧ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી.(૨)૩૮ વર્ષીય પુરુષ, રહેઠાણ–ઉમરા ગામ, જેઓ મજુરી કામ કરેછે. તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓના નજીકના સંપર્કમાં હોય તેવા પરિવારના ૦૫ વ્યક્તિને હાલમાં કોઈ તકલીફ નથી.(3) ૬૪ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-અડાજણ,જેઓ ગૃહિણી છે. તા.૨૯/૦૫/૨૦૨૫ના રોજ તેઓ દેહરાદૂનથી પરત આવેલ છે તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓને પ્રેશરની બીમારીછે.

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે. હોમ આઇસોલેશનમાં રહેલ કોવિડપોઝીટીવ દર્દીઓને પાંચ દિવસ માટે હોમ આઇસોલેશનની સલાહ આપવામાં આવી છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી

સાદર

સમાચાર યાદી નં. ૯૭

તા. 03/0૬/૨૦૨૫

# --:: <u>પ્રેસનોટ</u>::--

આરોગ્ય અધિકારીશ્રી, ટોબેકો કંટ્રોલ સેલ, સુરત મહાનગરપાલિકાનાં સીધા માર્ગદશન હેઠળતા.૦૪/૦૬/૨૦૨૫નાં રોજ તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ હેઠળ કલમ–૪, કલમ–૬(અ અને બ) અને કલમ–૭નાં ભંગ કરનાર ઈસમો સામે અસરકારક અને સખ્ત અમલીકરણ તથા તમાકુ વિરોધી લોક જાગ્રુતિથાય તે માટે તમામ ઝોનમાં શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

જે અંતગત તા.૦૪/૦૬/૨૦૨૫નાં રોજ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ મી.ના વિસ્તારમાં પ્રતિબંધિત તમાકુ કે તમાકુની બનાવટોના વેચાણ કરવા પર **રાંદેર** ઝોનમાં કુલ ઇસમો ૧૮ અને કુલ રુપિયા ૩૬૦૦, **સેન્ટ્રલ** ઝોનમાંકુલ ઇસમો ૨૦ અને કુલ રુપિયા ૪૦૦૦, **કતારગામ** ઝોનમાં કુલ ઇસમો ૨૦ અને કુલરુપિયા ૪૦૦૦ **વરાછા–એ** ઝોનમાંકુલ ઇસમો ૧૮અને કુલ રુપિયા ૩૬૦૦,**વરાછા–બી**ઝોનમાંકુલ ઇસમો ૨૧ અને કુલ રુપિયા ૪૨૦૦, **ઉધના–એ** ઝોનમાં કુલ ઇસમો ૨૮ અને કુલ રુપિયા ૫૬૦૦, **ઉધના–બી** ઝોનમાં કુલ ઇસમો ૧૨અને કુલરુપિયાર ૪૦૦, **અઠવા** ઝોનમાં કુલ ઇસમો ૧૪અને કુલરુપિયા ૨૮૦૦,**લિંબાયત** ઝોનમાં કુલ ઇસમો ૧૪ અને કુલરુપિયાર૮૦૦સાથે સુરત મહાનગરપાલિકાનાં **તમામ ઝોન મળીનેકુલ ઇસમો ૧૬૫પાસે કુલ ૩૩,૦૦૦ રુપિયાનો** દંડ/ વહિવટી ખર્ચ વસૂલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી ન. ૯૮

તા.૦૪/૦૬/૨૦૨૫

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–એ(ઉધના)ના આરોગ્ય વિભાગ દ્વારા "સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા "સંદર્ભે આદરેલી ઝુંબેશની અખબારી યાદીઃ–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન વિસ્તારમાં આગામી ૫ મી જૂન પર્યાવરણ દિવસના ભાગ રૂપે તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ મિશન પોશીબલ : સુરત VS સિંગલ યુઝ પ્લાસ્ટિક થીમ આધારિત શહેરના માર્કેટ વિસ્તાર તેમજ નાગરિકોની અવર જવર વધુ હોય તેવા વિસ્તારોમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ થાય તે માટે સુરત મહાનગર પાલિકાના સાઉથ ઝોન–એ(ઉધના)ના આરોગ્ય સેનીટેશન વિભાગના નાયબ આરોગ્ય અધિકારી અને આસી. આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષક, મદદનીશ આરોગ્ય નિરીક્ષક અને એનજીઓને સાથે રાખી "સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા" (IEC) એકટીવીટીનું આયોજન અને પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્તી અભિયાન અત્રેના ઝોનના ઝાંસીની રાણી ગાર્ડન મીરાનગર, પિયુષ પોઈન્ટ ચાર રસ્તા શાક માર્કેટ, પાંડેસરા હાઉસીંગ મિલન પોઈન્ટ બમરોલી ગામ, સાગર રોડ વડોદ, સંગમ ચાર રસ્તા ભેસ્તાન, ડી માર્ટ અલથાણ ખાડી નવું બમરોલી ખાતે કરવામાં આવેલ છે. સદર અભિયાન દરમ્યાન ૨૧૦ કિ.ગ્રા. પ્લાસ્ટિક જપ્ત કરેલ છે. અને વહીવટી ખર્ચ પેટે રૂા. ૮,૦૦૦/– પુરા વસુલ કરવામાં આવેલ છે. સદર અભિયાન દરમ્યાન ભાગ લેનાર ઉપરોકત કર્મચારીઓએ બ્લેક શુટ, સન ગ્લાસ અને બ્લુટુથ ધારણ કરેલ છે.

ઉપરોકત મેસેજ તમામ દૈનિક વર્તમાન પત્રોમાં આપી જનજાગૃતિ લાવવા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉત્પાદન કરતા, સ્ટોક અને વેચાણ કરતી સંસ્થાને પ્રતિબંધિત પ્લાસ્ટિક સદંતર બંધ થાય તે માટે પ્રચાર પ્રસાર કરવામાં આવેલ છે. સદર મેસેજથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ અંગે લોકોમાં જાગૃતિ આવે અને સંસ્થાઓ વેચાણ કરતી બંધ થાય તે માટે બહોળી પ્રસિધ્ધી આપવા વિનંતી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.૯૯
તા.૦૪/૦૬/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

**<u>પ્રેસનોટતા.૦૪/૦૬/૨૦૨૫</u>**

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૭ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૪૪ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-વેસુ, જેઓ ગૃહિણી છે. હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.તેઓને થાઈરોઈડની તકલીફ છે.(૨) ૬૮ વર્ષીય પુરુષ, રહેઠાણ–અઠવા, જેઓ નિવૃત છે. તેઓ હાલ કિરણ હોસ્પિટલમા દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને પ્રેસર, સુગર અને સ્ટ્રોકની તકલીફ છે.(3) ૬૬ વર્ષીય પુરુષ, રહેઠાણ-અઠવાલાઇન્સ,જેઓ ખાનગી વ્યવસાય કરે છે. તા.૦૨/૦૬/૨૦૨૫ ના રોજ તેઓ મુંબઈ થી પરત આવેલ છે તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૪) ૬૮ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-અડાજણ, જેઓ ગૃહિણી છે. હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૫) ૪૮ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-પાલ, જેઓ તબીબ છે. હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૬) ૩૧ વર્ષીય પુરુષ, રહેઠાણ –લિંબાયત, જેઓ વાપી ખાતે નોકરી કરે છે. હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૭) ૬૭વર્ષીય સ્ત્રી, રહેઠાણ-વરાછા, જેઓ ગૃહિણી છે. તેઓ હાલ આયુષ હોસ્પિટલમા દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેઓને થાઈરોઈડની તકલીફ છે.

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં. ૧૦૦ તા.૦૪/૦૬/૨૦૨૫**

# પ્રેસનોટ

## આરોગ્ય વિભાગ

આજ રોજ તા. ૦૫ જુન ૨૦૨૫ના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી નિમિતે વૃક્ષારોપણનો કાર્યક્રમ તેમજ વિનામૂલ્યે રોપા વિતરણ સાથે સિગ્નેચર અભિયાન રાખવામાં આવેલ. વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે "Ending Plastic Pollution Globally" ના ઉદેશને સાકાર કરવા સિંગલયુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ ના કરી પ્લાસ્ટિક પ્રદુષણની જન-જાગૃતિ હેતુસર સુરત શહેરના અઠવા ઝોનના પ્લે ગ્રાઉન્ડ, આશીર્વાદ હોમ્સની બાજુમાં, અલથાણ ખાડી બ્રિજ પાસે, અલથાણ ખાતે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં હાજર સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રી દક્ષેશ માવાણી, માન. ધારાસભ્યશ્રી સંદીપ દેસાઈ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજન પટેલ, માન. દંડક શ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા, માન. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ, માન. ગાર્ડન સમિતિ અધ્યક્ષશ્રી ગીતાબેન સોલંકી, માન. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષશ્રી સોનલબેન દેસાઈ, માન. ડ્રેનેજ સમિતિ અધ્યક્ષશ્રી કેયુરભાઈ ચપટવાલા, માન. નગરનિયોજન સમિતિ અધ્યક્ષશ્રી નાગરભાઈ પટેલ, માન. પાણી સમિતિ અધ્યક્ષશ્રી હિમાંશુભાઈ રાઉલજી તથા કોરપોરેટશ્રીઓ, પ્રજાપિતા બ્રહ્મકુમારી સંસ્થા, શાંતિદેવી ચેરીટેબલ ટ્રસ્ટ, રેસીડેન્સીયલ સોસાયટીના પ્રમુખો તથા મોટી સખ્યામાં ઉપસ્થિત શહેરીજનોએ હસ્તાક્ષર કરી સુરત શહેર તથા દેશને પ્લાસ્ટિક પ્રદુષણથી મુક્ત કરવા યથાર્થ પ્રયત્નો માટે સંકલ્પ લીધેલ.

અઠવા ઝોન ઉપરાંત સુરત શહેરના સેન્ટ્રલ ઝોનના સૈયદપુરા ઘુંમટ વાળી મસ્જીદ ખાતે આવેલ ગાર્ડન, ઇસ્ટ-એ ઝોનના વીર ભગતસિંહ ગાર્ડન તથા યોગીચોક પુણા, ઇસ્ટ-બી ઝોનના યોગી ગાર્ડન સીમાડા તથા યમુના ચોક મોટા વરાછા, વેસ્ટ ઝોનના ટ્રમ્પ પ્લાઝાની સામે ગૌરવપથ, નોર્થ ઝોનના ડભોલી વણઝારા વાસ ઓવારો તથા ડભોલી લેક ગાર્ડન, સાઉથ-એ ઝોનના ઝાંસી કી રાની ગાર્ડન, સાઉથ-બી ઝોનના સંકલિત વોર્ડ ઓફિસ પારડી તળાવ પાસે સચિન અને સાઉથ ઇસ્ટ ઝોનના લેક ગાર્ડન ડીંડોલી ખાતે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, NGO, શહેરીજનોએ સુરત શહેર તથા દેશને પ્લાસ્ટિક પ્રદુષણથી મુક્ત કરવા યથાર્થ પ્રયત્નો માટે સંકલ્પ લઇ સિગ્નેચર અભિયાન ભાગ લીધેલ.

સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત વૃક્ષારોપણ સ્થળો પર સિગ્નેચર અભિયાનની સાથે સાથે સફાઈ ઝુંબેશનું આયોજન પણ કરવામાં આવેલ. જે અન્વયે નોર્થ ઝોનના ડભોલી વણઝારા વાસ ઓવારા ખાતે આયોજિત સફાઈ ઝુંબેશમાં ૫૦૦ થી વધુ શહેરીજનો સફાઈ ઝુંબેશમાં ભાગ લીધેલ હતો. કુલ ૯ ઝોનમાં આયોજિત સ્વચ્છતા ઝુંબેશમાં ૧૮૦૦ થી વધુ શહેરીજનોએ ભાગ લીધેલ હતો. આજ રોજ સ્કોવડ દ્વારા ૩૭.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી ૪૭ નોટીસ આપી કુલ રૂ. ૬૫,૫૦૦/- વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

જન સંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફતથી સાદર
સમાચાર યાદીનં.૧૦૧ તા. ૦૫-૦૬-૨૦૨૫

# પ્રેસનોટ
# આરોગ્ય વિભાગ

આજ રોજ તા. ૦૫ જુન ૨૦૨૫ના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી નિમિતે વૃક્ષારોપણનો કાર્યક્રમ તેમજ વિનામૂલ્યે રોપા વિતરણ સાથે સિગ્નેચર અભિયાન રાખવામાં આવેલ. વિશ્વ કક્ષાએ પ્લાસ્ટીક પ્રદુષણનો અંત લાવવા માટે "Ending Plastic Pollution Globally" ના ઉદેશને સાકાર કરવા સિંગલયુઝ પ્લાસ્ટીકનો ઉપયોગ ના કરી પ્લાસ્ટિક પ્રદુષણની જન-જાગૃતિ હેતુસર સુરત શહેરના અઠવા ઝોનના પ્લે ગ્રાઉન્ડ, આશીર્વાદ હોમ્સની બાજુમાં, અલથાણ ખાડી બ્રિજ પાસે, અલથાણ ખાતે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં હાજર સુરત મહાનગરપાલિકાના માન.મેયરશ્રી દક્ષેશ માવાણી, માન. ધારાસભ્યશ્રી સંદીપ દેસાઈ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજન પટેલ, માન. દંડક શ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા, માન. કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ, માન. ગાર્ડન સમિતિ અધ્યક્ષશ્રી ગીતાબેન સોલંકી, માન. સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષશ્રી સોનલબેન દેસાઈ, માન. ડ્રેનેજ સમિતિ અધ્યક્ષશ્રી કેયુરભાઈ ચપટવાલા, માન. નગરનિયોજન સમિતિ અધ્યક્ષશ્રી નાગરભાઈ પટેલ, માન. પાણી સમિતિ અધ્યક્ષશ્રી હિમાંશુભાઈ રાઉલજી તથા કોરપોરેટશ્રીઓ, પ્રજાપિતા બ્રહ્મકુમારી સંસ્થા, શાંતિદેવી ચેરીટેબલ ટ્રસ્ટ, રેસીડેન્સીયલ સોસાયટીના પ્રમુખો તથા મોટી સખ્યામાં ઉપસ્થિત શહેરીજનોએ હસ્તાક્ષર કરી સુરત શહેર તથા દેશને પ્લાસ્ટિક પ્રદુષણથી મુક્ત કરવા યથાર્થ પ્રયત્નો માટે સંકલ્પ લીધેલ.

અઠવા ઝોન ઉપરાંત સુરત શહેરના સેન્ટ્રલ ઝોનના સૈયદપુરા ધુંમટ વાળી મસ્જીદ ખાતે આવેલ ગાર્ડન, ઇસ્ટ-એ ઝોનના વીર ભગતસિંહ ગાર્ડન તથા યોગીચોક પુણા, ઇસ્ટ-બી ઝોનના યોગી ગાર્ડન સીમાડા તથા યમુના ચોક મોટા વરાછા , વેસ્ટ ઝોનના ટ્રમ્પ પ્લાઝાની સામે ગૌરવપથ, નોર્થ ઝોનના ડભોલી વણઝારા વાસ ઓવારો તથા ડભોલી લેક ગાર્ડન, સાઉથ-એ ઝોનના ઝાંસી કી રાની ગાર્ડન, સાઉથ-બી ઝોનના સંકલિત વોર્ડ ઓફિસ પારડી તળાવ પાસે સચિન અને સાઉથ ઇસ્ટ ઝોનના લેક ગાર્ડન ડીંડોલી ખાતે યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, NGO, શહેરીજનોએ સુરત શહેર તથા દેશને પ્લાસ્ટિક પ્રદુષણથી મુક્ત કરવા યથાર્થ પ્રયત્નો માટે સંકલ્પ લઇ સિગ્નેચર અભિયાન ભાગ લીધેલ.

સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત વૃક્ષારોપણ સ્થળો પર સિગ્નેચર અભિયાનની સાથે સાથે સફાઈ ઝુંબેશનું આયોજન પણ કરવામાં આવેલ. જે અન્વયે નોર્થ ઝોનના ડભોલી વણઝારા

વાસ ઓવારા ખાતે આયોજિત સફાઈ ઝુંબેશમાં ૫૦૦ થી વધુ શહેરીજનો સફાઈ ઝુંબેશમાં ભાગ લીધેલ હતો. કુલ ૯ ઝોનમાં આયોજિત સ્વચ્છતા ઝુંબેશમાં ૧૮૦૦ થી વધુ શહેરીજનોએ ભાગ લીધેલ હતો. આજ રોજ સ્કોવડ દ્વારા ૩૭.૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી ૪૭ નોટીસ આપી કુલ રૂ. ૬૫,૫૦૦/- વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.

જન સંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફતથી સાદર

સમાચાર યાદીનં.૧૦૧ તા. ૦૫-૦૬-૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## (વિભાગ)

## પ્રેસનોટ તા.૦૫/૦૬/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા વિસ્તાર આજે ૦૭ દિવસના કોવિડ-૧૯નો રીપોર્ટ પોટીવ આવેલ છે. જેમાં (૧) ૨૪ વર્ષીય પરિવાર, રહેઠાણ-લાલ સ્થળો, જેઓ નોકરી કરે છે. હાલમાં હોમ આઇસોલેશન છે અને તેમની તબિયત મજબૂત છે. તેઓ થાઈરોઈડની રચના છે. (૨) ૭૭ વર્ષીય પરિવાર, રહેઠાણ – વેસુ, જેઓ નિવૃત છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત મજબૂત છે. તેમને દબાવો. (3) ૭૧ વર્ષીય આશા, રહેઠાણ-ઘોડદો રોડ, જેઓ ચૂંસિણી છે. તેઓ હાલ હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત મજબૂત છે. તેઓને થાયર અને થાયરોડપ્રેસની રચના છે. (૪) ૫૨ વર્ષીય પરિવાર, રહેઠાણ-પાલનપુર જકાતનકા, જેઓ નોકરી કરે છે. હાલમાં સુરત જનરલ હોટિટ દાખલ છે અને તેમની તબિયત મજબૂત છે. તેમને ડાયાબીટીસની અસર છે. (૫) ૪૦ વર્ષીય આશા, રહેઠાણ-વરાછા, જેઓ પોલીસિણી છે. હાલમાં હોમ આઇસોલેશન છે અને તેમની તબિયત મજબૂત છે. તેઓ તા. ૨૫ / ૦૫ / ૨૦૨૫ના રોજ ઉત્તર પ્રદેશથી આવે છે. (૬) ૫૬ વર્ષીય માણસ, રહેઠાણ – પાર્લે પોઈન્ટ, જેઓ સામાજીક કાર્ય કરે છે. તેઓ તા. ૦૧/૦૬/૨૦૨૫ રવિવાર કોલ્હાપુરથી આવેલ છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત મજબૂત છે. તેમને ડાયાબીટીસની અસર છે. (૭) ૩૮ વર્ષીય આશા, રહેઠાણ-અઠવાલાઇન્સ, જેઓ જજ છે. તેઓ તા. ૨૫ / ૦૫ / ૨૦૨૫ના રોજ દ્વારકાથી આવે છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત મજબૂત છે..

સદર ચિકિત્સકનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગરમાં મોકલવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા સાદર
સમાચાર યાદી નં. ૧૦૨
તા. ૦૫/૦૬/૨૦૨૫

**સુરત મહાનગરપાલિકા**

**(આરોગ્ય વિભાગ)**

**પ્રેસનોટ તા.૦૬/૦૬/૨૦૨૫**

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૮ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૭૧વર્ષીય પુરુષ, રહેઠાણ-વરાછા, જેઓનિવૃતછે.હાલમાં આયુષ હોસ્પીટલમાં દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને પ્રેસરની તકલીફ છે.(૨)૬૬વર્ષીય પુરુષ, રહેઠાણ-બેગમપુરા, જેઓ નિવૃત છે. હાલમાં બુરહાની હોસ્પીટલમાં દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને ડાયાબિટીસની તકલીફ છે.(3) ૫૨વર્ષીય સ્ત્રી, રહેઠાણ-ઉધના,જેઓ ગૃહિણી છે. હાલમાં મસ્કતિ હોસ્પીટલમાં દાખલ છે અને ઓક્સીજન સપોર્ટ સાથે સારવાર હેઠળ છે. તેમને અસ્થમા અને હૃદયની બીમારીની તકલીફ છે. (૪) ૪૨વર્ષીય પુરુષ, રહેઠાણ-નાના વરાછા, જેઓ ખાનગી વ્યવસાય કરે છે. હાલમાં સૃષ્ટી હોસ્પીટલમાં દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને ડાયાબીટીસની તકલીફ છે.(૫) ૬૨વર્ષીય સ્ત્રી, રહેઠાણ-સરથાણા, જેઓ ગૃહિણી છે. હાલમાં એપલ હોસ્પીટલમાં દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. (૬) ૬૬ વર્ષીય સ્ત્રી, રહેઠાણ –પાર્લે પોઈન્ટ, જેઓ ગૃહિણી છે. તેઓ તા.૦૨/૦૬/૨૦૨૫ના રોજ ચારધામ યાત્રાથી પરત આવેલ છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.(૭) ૬૬ વર્ષીય પુરુષ, રહેઠાણ-અઠવાલાઇન્સ, જેઓ નિવૃત છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને ડાયાબિટીસની તકલીફ છે. (૮) ૪૧ વર્ષીય સ્ત્રી, રહેઠાણ –સિટીલાઈટ, જેઓ ગૃહિણી છે.તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૦૪ તા.૦૬/૦૬/૨૦૨૫

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા **"અર્બન ડેવલપમેન્ટ યર – 2025"** અને મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન"ની ઉજવણીના ભાગ રૂપે એનસીડી કાર્યક્રમ હેઠળ 30 વર્ષથી વધુ વયની મહિલાઓ માટે માનનીય કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ વિનામૂલ્યે મોઢાનું કેન્સર, સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સરના સ્ક્રીનિંગ મેગા કેમ્પનું આયોજન તારીખ ૦૬/૦૬/૨૦૨૫ના રોજ દર્શાવેલ સ્થળોએ કરવામાં આવેલ. સદર કેમ્પનો મુખ્ય ઉદેશ્ય શહેર વિસ્તારના મહિલાઓમાં વિવિધ બિન સંક્રામક જીવલેણ બિમારીઓ જેવી કે મોઢાનું કેન્સર, સ્તન કેન્સર અને સર્વાઈકલ કેન્સર તેમજ ડાયાબીટીસ,બ્લડ પ્રેશર અંગે જાગૃતિ વધારવી અને સમયસર રોગ નિદાન કરવાનો છે.

- રાંદેર ઝોન - પાલ અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર
- વરાછા-એ ઝોન - મગોબ અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર
- વરાછા-બી ઝોન - મોટા વરાછા અર્બન હેલ્થ સેન્ટર
- લિંબાયત ઝોન - ભાઠેના અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર
- ઉધના-બી ઝોન - ઉનગામ અર્બન હેલ્થ સેન્ટર
- કતારગામ ઝોન-કતારગામ અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર
- સેન્ટ્રલ ઝોન- ક્ષેત્રપાળ અર્બન હેલ્થ સેન્ટર
- ઉધના-એ ઝોન-બમરોલી અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર
- અઠવા ઝોન - વેસુ અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર

સુરત મહાનગરપાલિકા વિસ્તારના દર્શાવેલ સ્થળોએ વિવિધ મહાનુભાવો ધ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પનો શુભારંભ કરાવવામા આવ્યો હતો. જેમાં માનનીય ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ,માનનીય ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, માનનીય ડેપ્યુટી મેયરશ્રી નરેન્દ્ર પાટીલ, માનનીય નેતાશ્રી શાસકપક્ષ

શશીબેન ત્રિપાઠી,સ્થાનિક કાર્પોરેટરશ્રીઓ અને આરોગ્ય વિભાગના વિવિધ અધિકારી / કર્મચારીઓ હાજર રહ્યા હતા.

સદર કેમ્પમાંકુલ ૪,૦૫૩મહિલા લાભાર્થીઓએ લાભ લીધેલ. સદર કેમ્પમાંતમામ મહિલાઓનુ સર્વાઈકલ કેન્સર,સ્તન કેન્સર અનેમોઢાનું કેન્સર તથા ડાયાબીટીસ,બ્લડ પ્રેશર માટે સ્ક્રીનિંગ કરવામાં આવેલ જે અન્વયેગર્ભાશયના મુખના કેન્સર માટે૧,૩૬૬ મહિલાઓનો VIA ટેસ્ટકરવામાં આવેલ તથા કુલ ૧૧૫ PAP ટેસ્ટ પણ કરવામાં આવેલ અને ૫૩ શંકાસ્પદ સ્તન કેન્સરના દર્દીઓ મળી આવેલ જેમને વધુ તપાસ અને સારવાર માટે નવી સિવીલ /સ્મીમેર હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવેલ અને ૧૧૩ ડાયાબિટીસ અને ૧૨૪ હાયપરટેન્શનના નવા દર્દીઓ શોધવામાં આવેલ તેમજ અન્ય તમામ લાભાર્થીઓની જરૂરી સારવાર સુનિશ્ચિત કરવામાં આવેલ અને તેમને સમયસર સારવાર, નિદાન અને જીવન શૈલીમાં ફેરફાર અંગે કાઉન્સેલિંગ પણ કરવામાં આવેલ.

જન સંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદીનં.૧૦૫ તા. ૦૬-૦૬-૨૦૨૫














# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## પ્રેસનોટ

## તા.૦૭/૦૬/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૬ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૨૯વર્ષીય પુરુષ, રહેઠાણ-પીપલોદ, જેઓખાનગી વ્યવસાય કરેછે.તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.(૨)૬૬વર્ષીય પુરુષ, રહેઠાણ-પાલ, જેઓ નિવૃત છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.(૩) ૬૧વર્ષીય સ્ત્રી, રહેઠાણ-પાર્લે પોઈન્ટ,જેઓ ફેશન ડિઝાઇનર છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૪) ૩૩વર્ષીય પુરુષ, રહેઠાણ-રૂસતમપુરા, જેઓ સોફ્ટવેર એંજીનીયર છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.(૫) ૪૭વર્ષીય પુરુષ, રહેઠાણ-અડાજણ, જેઓ બેંક ઓફ બરોડામાં નોકરી કરેછે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.(૬) ૩૦વર્ષીય સ્ત્રી, રહેઠાણ-જહાંગીરપુરા, જેઓ ઘરેથી વ્યવસાય કરે છે. તેઓ મહારાષ્ટ્રથી તા.૦૧/૦૬/૨૦૨૫ના રોજ પરત ફરેલ છે.હાલમાં તેઓ મીરાયા હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર છે.

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નં. ૧૦૬<br>
તા.૦૭/૦૬/૨૦૨૫

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળાનાં ૦૨ તથા સુમન શાળાના ૦૧ મળી કુલ ૩ ભવનોના નિર્માણથી મરાઠી તથા હિન્દી માધ્યમમાં કુલ ૪૧૬૦ વિધાર્થીઓ શિક્ષણની સુવિધાનો લાભ મેળવશે.

આજરોજ માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય, શ્રી સી.આર.પાટીલની પ્રેરક ઉપસ્થિતિમાં તથા માન. મેયર શ્રી દક્ષેશ કિશોરભાઇ માવાણીના પ્રમુખપદે સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં સમગ્ર શિક્ષા વિભાગ અંતર્ગત અંદાજિત રૂ.૨૦.૮૪ કરોડના ખર્ચે સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શાળાનાં ૦૨ તથા સુમન શાળાના ૦૧ મળી કુલ ૩ ભવનોની લોકાર્પણવિધિ (૧) ટી.પી.૬૨, એફ.પી.આર. નં -૧૯- ડિંડોલી, સુરત તથા (૨) સંજયનગર, આસપાસનગર -૧ પાસે, લિંબાયત,સુરત ખાતેથી સંપન્ન કરવામાં આવી. આ કાર્યક્રમ પ્રસંગે માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય, શ્રી સી.આર.પાટીલનુ માન. મેયર શ્રી દક્ષેશ કિશોરભાઇ માવાણી, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્ર પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. દંડક શ્રી ધર્મેશભાઇ વાણીયાવાલાએ બુકે અને મોમેન્ટોથી ઉષ્માસભર સ્વાગત કર્યું હતું . ત્યારબાદ સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલે માન.મંત્રી (રા.ક.) , વન અને પર્યાવરણ, કલાઇમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા શ્રી મુકેશભાઇ પટેલનુ શાલથી સ્વાગત કર્યું હતું.

જેમાં લિંબાયત ઝોનમાં (૧) સુમન શાળા બિલ્ડીંગ, ટી.પી. એસ નં.૬૨, (ડીંડોલી- ભેસ્તાન-ભેદવાડ), એફ.પી.આર નં -૧૯, લિંબાયત ઝોન,સુરત (૨) પ્રાથમિક શાળા બિલ્ડીંગ (G + ૨) ટી.પી.એસ. નં ૬૨, (ડીંડોલી-ભેસ્તાન- ભેદવાડ) એફ.પી. આર.નં ૧૯, લિંબાયત ઝોન, સુરત (૩) પ્રાથમિક શાળા બિલ્ડીંગ (G+3), સંજયનગર, આસપાસનગર-૧ પાસે, લિંબાયત, સુરત નાં ભવનો માં કુલ ૬ પ્રાથમિક શાળા તથા ૨ સુમન શાળા નાં કુલ ૩ ભવનનો સમાવેશ થાય છે. સદર પ્રાથમિક શાળાઓમાં મરાઠી તથા હિન્દી માધ્યમમાં શિક્ષણની સુવિધા તથા ૬૪ ઓરડા સાકારિત થવાથી અંદાજિત કુલ ૪૧૬૦ વિધાર્થીઓને શિક્ષણની સુવિધા પ્રાપ્ત થશે. વધુમા શાળામા કરવામાં આવેલ રેઇન વૉટર રિચાર્જ બોરવેલનું પણ ઉપસ્થિત મહાનુભાવોએ નિરીક્ષણ કર્યું હતુ.

સદર કાર્યક્રમમાં માન.મંત્રી (રા.ક.) , વન અને પર્યાવરણ, કલાઇમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા શ્રી મુકેશભાઇ પટેલ, માન. સંસદસભ્ય શ્રી મુકેશભાઇ દલાલ, માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા, માન. ધારાસભ્ય શ્રી સંદીપભાઈ દેસાઈ, માન. ધારાસભ્ય શ્રી મનુભાઈ પટેલ, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્ર પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. દંડક શ્રી ધર્મેશભાઇ વાણીયાવાલા, માન. પૂર્વ મેયર શ્રી નિરંજનભાઇ ઝાંઝમેરા માન. પૂર્વ સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી પરેશ ભાઈ પટેલ,માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન.નગર પ્રાથમિક સમિતિના અધ્યક્ષ તથા સદસ્યશ્રીઓ, માન.મ્યુ.સદસ્યશ્રીઓ, શાળાનાં વિદ્યાર્થીઓ, મિડિયાના મિત્રો, સુરત મહાનગરપાલિકાના અધિકારી,કર્મચારીઓ તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહ્યાહતા.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં.૧૦૭, તા.૦૭/૦૬/૨૦૨૫


આચાર્ય કચેરી
સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં. ૬૨
(ડિંડોલી-ભેસ્તાન-ભેદવાડ), આર-૧૯ ખાતે સુમન શાળાની
લોકાર્પણ વિધિ
શ્રી સી.આર.પાટીલ






विधा प्रकाश है,
शाला उसका दीपक है।

# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## <u>પ્રેસનોટ તા.૦૯/૦૬/૨૦૨૫</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૧ દર્દીનોકોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં ૩૨ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-સિટી લાઈટ, જેઓ ગૃહિણીછે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને થાઈરોઈડની તકલીફ છે.

સદર દર્દીનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નં.૧૦૮<br>
તા.૦૯/૦૬/૨૦૨૫

<u>પ્રેસનોટ</u>

માહે મે ૨૦૨૫ સ્મીમેર હોસ્પીટલ સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટ્લમાં માહે મે ૨૦૨૫ દરમ્યાન ૫૭૩૦ ઇન્ડોર તથા ૫૩૧૩૮ આઉટ્ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી.૫૪૯૫ નાના તથા ૬૬૧ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા.૧૪૭૪૯ એક્ષ - રે પાડ્વામાં આવ્યા હતા.ટી.બી.નાં નવા ૧૩૧૩ અને જુના ૭૭૭ દર્દીઓ સહીત કુલ ૨૦૯૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૩૨૯ તથા આંખ વિભાગમાં ૨૬૦૯ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા.લેબોરેટરી વિભાગમાં કુલ ૧૬૪૦૫ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ.ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહ્યા છે.

જન સમ્પર્ક વિભાગ.
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં.૧૦૯ તા. ૦૯/૦૬/૨૫

# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## પ્રેસનોટ તા.૧૦/૦૬/૨૦૨૫

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૪ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૭૨ વર્ષીય પુરુષ, રહેઠાણ-ઘોડ દોડ રોડ, જેઓ નિવૃત છે.તેઓ હાલમાં તાપી હોસ્પીટલમાં દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને પ્રેસર અને પાર્કિન્સન્સ રોગની તકલીફ છે.(૨) ૬૪ વર્ષીય પુરુષ, રહેઠાણ-વેસુ, જેઓ નિવૃત છે. તેઓ બેંગ્લોરથી તા. ૦૩.૦૬.૨૦૨૫ના રોજ પરત ફરેલ છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને ડાયાબિટીસ અને પ્રેસરની તકલીફ છે.(૩) ૫૭વર્ષીય પુરુષ, રહેઠાણ-જહાંગીરાબાદ, જેઓ પ્રોપર્ટી ડીલર છે.તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.(૪) ૨૯ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-વેસુ, જેઓ તબીબ છે.તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ<br>
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર<br>
સમાચાર યાદી નં. ૧૧૦<br>
તા.૧૦/૦૬/૨૦૨૫

# પ્રેસનોટ

## નવો પૂર્વ (સરથાણા) ઝોન-બી (પાર્ટ વિસ્તાર), પૂર્વ (વરાછા) ઝોન-એ(પાર્ટ વિસ્તાર), સેન્ટ્રલ ઝોન(ઉત્તર વિભાગ) તથા નોર્થ(કતારગામ) ઝોન(પાર્ટ વિસ્તાર) વિસ્તારમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા પાણી પુરવઠો /ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત મળવા અંગેની અગત્યની જાહેરાત

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં નવો પૂર્વ (સરથાણા) ઝોન-બી, વિસ્તારમાં વરાછા વોટર વર્કસમાં નવી બનાવેલ અંડરગ્રાઉન્ડ ટાંકીના ઇન્ટર કનેકશન તથા ટાંકી સફાઈની કામગીરી તા.૧૩/૦૬/૨૦૨૫, શુક્રવારના રોજ સવારે ૦૮:૦૦ કલાકથી તા.૧૪/૦૬/૨૦૨૫, શનિવારના રોજ સવારે ૦૫:૦૦ કલાક સુધી હાથ ધરવાની હોવાથી તા.૧૩/૦૬/૨૦૨૫, શુક્રવારના રોજ નીચે જણાવેલ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા તા.૧૪/૦૬/૨૦૨૫, શનિવારના રોજ પાણી પુરવઠો ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/નહીંવત માત્રમાં મળવાની શકયતાઓ રહેલ છે.

- નવો પૂર્વ(સરથાણા) ઝોન-બી(પાર્ટ વિસ્તાર) માં તા.૧૩/૦૬/૨૦૨૫, શુક્રવારના રોજ બપોરનો સપ્લાય (સમય ૧૨:૨૫ થી ૩:૪૫) ટી.પી. સ્કીમ નં. ૩૮ (નાનાવરાછા), ટી.પી. સ્કીમ નં. ૨૦ (નાનાવરાછા-કાપોદ્રા), નાનાવરાછા ગામતળ તથા તેની આસપાસની તમામ સોસાયટી/લાગુ વિસ્તારો.
- પૂર્વ (વરાછા) ઝોન-એ(પાર્ટ વિસ્તાર) માં તા.૧૩/૦૬/૨૦૨૫, શુક્રવારના રોજ બપોરનો સપ્લાય (સમય ૧૨:૨૫ થી ૩:૪૫) રેલ્વે સ્ટેશન, સુમુલ ડેરી, અશ્વિનીકુમાર, કુલપાડા, લંબે હનુમાન રોડ, કાપોદ્રા, કરંજ, ઉમરવાડા તથા ટી.પી.સ્કીમ નં. ૩૪ (મગોબ-ડુંભાલ) ની સીતારામ સોસાયટી અને આઈમાતા રોડ અને તેની આસપાસની તમામ સોસાયટી/લાગુ વિસ્તારો.
- સેન્ટ્રલ ઝોનમાં ઉત્તર વિભાગમાં તથા નોર્થ(કતારગામ) ઝોન (પાર્ટ વિસ્તાર)માં તા.૧૩/૦૬/૨૦૨૫, શુક્રવારના રોજ સાંજનો સપ્લાય (સમય ૦૬:૨૫ થી ૧૧:૦૦) રેલ્વે સ્ટેશન, સુમુલ ડેરી, દિલ્હીગેટ થી ચોક બજાર, રાજમાર્ગથી ઉત્તર તરફના વિસ્તારમાં મહીધરપુરા, રામપુરા, હરીપુરા, સૈયદપુરા, ધાસ્તીપુરા, શાહપોર-નાણાંવટ તથા તેની આજુબાજુનો સમગ્ર વિસ્તાર.

ઉપરોકત બાબતની જાહેર જનતાએ નોંધ લઈ, સહકાર આપવા તથા જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી સંગ્રહ કરી તેનો બચતપૂર્વક ઉપયોગ કરવા વિનંતી. વધુમાં સદર કામગીરીથી થનાર અગવડતા બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે. કામગીરી વહેલી પૂર્ણ થયેથી પાણી પુરવઠો રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

**જનસંપર્ક વિભાગ સુરતમહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં. ૧૧૧ , તા. ૧૦/૦૬/૨૦૨૫**

# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૩ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૩૭ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-કોસાડ, જેઓ ગૃહિણી છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૨) ૮૯ વર્ષીય પુરુષ, રહેઠાણ-પાર્લેપોઈન્ટ, જેઓ નિવૃત છે.તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને ડાયાબિટીસની તકલીફ છે. (૩) ૩૨ વર્ષીય સ્ત્રી, રહેઠાણ-અડાજણ, જેઓ ગૃહિણી છે.  તેઓ મહાબળેશ્વરથી તા. ૦૯.૦૬.૨૦૨૫ના રોજ પરત ફરેલ છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને ડાયાબિટીસની તકલીફ છે.

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં.૧૧૨

તા.૧૧/૦૬/૨૦૨૫

# <u>પ્રેસનોટ</u>

**<u>સાઉથ ઝોન–બી(કનકપુર) વિસ્તારમાં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), બ્લોક નં.૧૩૩,૧૩૮ અને ૧૩૯(એ/બી/સી) માંથી પસાર થતા ૨૪.૦૦ મી.ટી.પી.રસ્તો તેમજ બ્લોક નં.૧૩૬,૧૩૭ અને ૧૩૯(એ/બી/સી) માંથી પસાર થતા થતા ૧૮.૦૦ મી.ટી.પી.રસ્તો જાહેર જનતાના આવન–જાવન માટે ખુલ્લો કર્યાની વિગતઃ–</u>**

- સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન–બી (કનકપુર) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન) નામ.સરકારશ્રી દ્વારા વર્ષ–૨૦૧૩ માં મંજુર કરવામાં આવેલ. સદર ડ્રા.ટી.પી સ્કીમ અમલમાં આવ્યેને ૧૨ વર્ષ પુર્ણ થયેલ હોવા છતા સદરહુ બ્લોકના મિલકતદારોને સુરત મહાનગરપાલિકા દ્વારા વારંવાર નોટીસ પાઠવવા છતા ટી.પી સ્કીમમાં સુચિત ટી.પી રસ્તાના કબ્જા સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ ન હતા.
- જેના કારણે સદર વિસ્તારમાં આવેલ રેસીડેન્સીયલ વિસ્તાર તથા આજુબાજુના લાગુ સોસાયટીના રહીશો ને આવન–જાવનમાં સુગમતા રહે તેવા વિશાળ જનહિતને ધ્યાને લેતા બ્લોક નં.૧૩૩,૧૩૮ અને ૧૩૯(એ/બી/સી) માંથી પસાર થતા ૨૪.૦૦ મી.ટી.પી.રસ્તો તેમજ બ્લોક નં.૧૩૬,૧૩૭ અને ૧૩૯(એ/બી/સી) માંથી પસાર થતા ૧૮.૦૦ મી.ટી.પી. રોડ ખુલ્લો કરવો ઘણુજ જરૂરી હોવાથી ટાઉન પ્લાનીંગ સ્કીમ હેઠળ સદર રસ્તો પુરેપુરી પહોળાઈમાં ખુલ્લો કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- સદરહુ રસ્તાનો કબ્જો સુરત મહાનગરપાલિકા ને ન મળવાના કારણે હાઈડ્રોલિક વિભાગની ડીંડોલી જળવિતરણ મથકથી સાઉથઝોન–બી(કનકપુર) વિસ્તારમાં સમાવિષ્ટ ગામો જેવા કે કનસાડ, તલંગપોર, પાલી, ઉંબેર, કનકપુર ગુજરાત હાઉસીંગ બોર્ડ, સચીન વિગેરે વિસ્તારને જોડતી ૧૨૦૦ એમ.એમ ડાયામીટરની ટ્રાન્સમીશન પાણી પુરવઠાની લાઈન નાખવાની અતિ મહત્વની રૂ.૫૮.૦૦ કરોડની પાણી પુરવઠાની યોજનાની કામગીરી તથા મુખ્ય ડ્રેનેજ વિભાગની મુખ્ય સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ને જોડતી રૂ.૨.૦૦ કરોડની મેઈનલાઈન, રાઈઝરલાઈન નાંખવાની ડ્રેનેજ લાઈનની અતિ મહત્વની યોજના તેમજ સદર વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો થવાથી જેના નિકાલ સારૂ સ્ટ્રોમ ડ્રેઈન લાઈન નાંખવાની અતિ મહત્વની રૂ.૩.૩૬ કરોડની યોજના અટકી પડેલ હતી.
- ડિંડોલી, ભેસ્તાન તથા શહેરના અન્ય વિસ્તારમાંથી ઉન તથા સચીન ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં નોકરી–ધંધા માટે આવન–જાવન કરતા શહેરીજનો માટે પણ સદર રસ્તો લીંક રોડ હોવાથી જાહેર જનતાની સુખાકારી માટે સદર રસ્તો કાર્યરત થવો અતિ જરૂરી હતો.
- સદર કામગીરી અત્રેના સાઉથ ઝોન–બી(કનકપુર) ના સ્ટાફ, સુરત મહાનગરપાલીકાના સિક્યોરીટી સ્ટાફ તેમજ પોલીસ બંદોબસ્ત હેઠળ જરૂરી મશીનરી જેવી કે જેસીબી–૦૫, હાયવા ગાડી–૧૦,રોલર મશીન–૦૧, ગ્રેડર મશીન–૦૧ સાથે રાખી સદર રસ્તો ખુલ્લો કરવાની કામગીરી કરવામાં આવેલ છે.
- સદર ડ્રા.ટી.પી.સ્કીમ અંતર્ગત સદર ૨૪.૦૦ મી. તેમજ ૧૮.૦૦ મી. ના રસ્તાના અમલથી અંદાજીત ૧,૧૫,૦૦૦ ચો.ફુટ ખુલ્લી જમીનનો કબ્જો સુરત મહાનગરપાલિકાને રસ્તાના જાહેરહેતુ માટે પ્રાપ્ત થયેલ છે. સદર વિસ્તારમાં આવેલ રેસીડેન્સીયલ વિસ્તાર તથા આજુબાજુના લાગુ ઇન્ડસ્ટ્રીયલ સોસાયટીના રહીશોના વાહનોની અવરજવર તથા જાહેર જનતાને અવરજવર માટે સુગમતા રહેશે તથા સદર રસ્તા પર વિવિધ પ્રાથમિક સુવિધાઓ સુગમતાથી મળી રહેશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 113
તા.૧૧/૦૬/૨૦૨૫


GPS Map Camera
सूरत, गुजरात, भारत
4v89+xj, जे राधे इंडस्ट्रियल एस्टेट, उधना, सूरत, गुजरात 394210, भारत
Lat 21.116794° Long 72.868195°
11/06/2025 12:18 PM GMT +05:30
Google



# સુરત મહાનગરપાલિકા

## (આરોગ્ય વિભાગ)

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૨ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૨૮વર્ષીય પુરુષ, રહેઠાણ-પરવટ પાટીયા, જેઓખાનગી વ્યવસાય કરેછે.તેઓ દિલ્હીથી તા. ૦૬.૦૬.૨૦૨૫ના રોજ પરત ફરેલ છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૨)૨૪વર્ષીય સ્ત્રી, રહેઠાણ-સગરામપુરા,જેઓ ફેશન ડીઝાઈનરછે. તેઓ મુંબઈથી તા. ૦૮.૦૬.૨૦૨૫ના રોજ પરત ફરેલ છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

સમાચાર યાદી નં. ૧૧૪

તા.૧૨/૦૬/૨૦૨૫

# <u>પ્રેસનોટ</u>

નગર રચના યોજના નં.૯૪(મોટાવરાછા) ના આયોજન અંતર્ગત સમાવિષ્ટ જમીનોના જમીન માલિકો/હિતસંબંધ ધરાવનારાઓ/જાહેર જનતાને નગરરચના યોજનાની સઘળી દરખાસ્તની વિસ્તૃત સમજ આપવા તથા આયોજન અન્વયે સુવિદિત કરાવી તેઓના અભિપ્રાય/સુચનો મેળવવા માટે પબ્લીક મીટીંગનું આયોજન કરવા મા. કમિશ્નરશ્રી દ્વારા મંજુરી આપવામાં આવેલ. જે અંતર્ગત આજ તા.૧૩/૦૬/૨૦૨૫ના રોજ પબ્લીક મીટીંગનું આયોજન સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા ધ્વારા મોજે:મોટાવરાછા વિસ્તારમાં નગર રચના યોજના નં. ૯૪(મોટાવરાછા) બનાવાવાનો ઈરાદો નગર નિયોજન સમિતિના ઠરાવ નં. ૨૪/૨૦૨૪, તા.૨૦/૦૯/૨૦૨૪ થી જાહેર કરવામાં આવેલ. સદર સ્કીમ વિસ્તારમાં ટોપોગ્રાફિક સર્વે, રેવન્યુ રેકર્ડ, સિટી સર્વે / ડી.આઈ.એલ.આર.દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ રેકર્ડ વિગેરેનો ઉંડાણપુર્વક અભ્યાસ કરી હાઇટેન્સન લાઇન, ગેસ લાઇન, કેનાલ/ નાળ રોડ વિગેરેનો અભ્યાસ કરી આયોજનલક્ષી પાસાઓને ચકાસી સ્કીમનું આયોજન પ્રજાભિમુખ મા. કમિશ્નરશ્રીના માર્ગદર્શનમાં કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાને સકારાત્મક અભિગમના આશયથી આયોજનમાં થયેલ જમીનમાલિકો તથા હિતસંબંધ ધરાવનારાઓ હાજર રહેલ અને તેમને સમજ આપેલ તથા તેઓશ્રી દ્વારા ઉપયોગી સુચન કરેલ છે.

સુરત મહાનગરપાલિકાના પૂર્વ (સરથાણા) ઝોન-બી વિસ્તારમાં સમાવિષ્ટ મોજેઃ મોટાવરાછાની જમીનોને મંજુર વિકાસ નકશા-૨૦૩૫ મુજબ રહેણાંક ઝોનમાં સ્થિત કરવામાં આવેલ છે. જે અતિ ઝડપથી વિકાસ પામી રહેલ વિસ્તાર છે. સદર વિસ્તારનું સુવ્યવસ્થિત આયોજન કરી આયોજનબધ્ધ વિકાસ કરી શકાય તથા યોગ્ય રોડ નેટવર્કનું આયોજન કરી અસરકારક કનેકટીવીટી પુરી પાડી શકાય તથા રહીશોને વિવિધ માળખાકીય સુવિધાઓ પુરી પાડી શકાય તે હેતુસર ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ ૧૯૭૬ અને રૂલ્સ-૧૯૭૯ની જોગવાઇ મુજબ મોજે : મોટાવરાછાના ૧૧૯.૫૧ હેકટર વિસ્તારમાં નગર રચના યોજના બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

સદર નગર રચના યોજના નં. ૯૪(મોટાવરાછા)માં કુલ ૪૫ મી., ૩૬ મી, ૩૦ મી., ૧૮ મી. અને ૧૨ મી. પહોળાઈના રસ્તાઓ સૂચવવામાં આવેલ છે. નગર રચના યોજના નં. ૯૪(મોટાવરાછા) માં પશ્ચિમ ૩૬ મી. પહોળાઈનો ટી.પી.રોડ, ઉત્તરે મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૪ (કોસાડ–ભરથાણા કોસાડ– મોટા વરાછા–અબ્રામા)માં સમાવિષ્ટ ૯૦ મી. પહોળાઇના આઉટર રીગ રોડને જોડશે તથા ઉત્તર-દક્ષિણે ૪૫.૦૦ મી. પહોળાઈનો દુઃખિયાના દરબાર તરફ જતો રસ્તો એક મહ્ત્વનો લીંક રોડ બનશે, જેનાથી ભવિષ્યમાં થનાર વિકાસ અન્વયે ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ આવશે.

આમ સદર નગર રચના યોજના તથા તેને લાગુ વિસ્તારમાં યોગ્ય કનેકટીવીટી મળી રહે તથા સુચારૂ વાહનવ્યવહાર જળવાય અને તમામ મુળખંડોને ટી.પી.રસ્તા પરથી એપ્રોચ મળે તે મુજબ વિવિધ પહોળાઇના રસ્તાઓનું/રોડ નેટવર્કનું આયોજન કરવામાં આવેલ છે. જેના પર પાણી, ગટર, સ્ટ્રીટ લાઇટ, સ્ટ્રોમ ડ્રેઇન જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાશે તથા પ્રજાલક્ષી કામોને વેગ મળશે.

સદરહું નગર રચના યોજના વિસ્તારમાં રસ્તા માટે અંદાજીત ક્ષે. ૨,૨૩,૫૦૬ ચો.મી. તેમજ જાહેર હેતુના પ્લોટ ક્ષે. ૩,૧૦,૫૯૩ ચો.મી.ના  અનામત અંતિમખંડોનું આયોજન કરેલ છે. સદરહુ આયોજનથી વિવિધ જાહેર હેતુ માટેના અનામત અંતિમખંડો જેવા કે, પ્રાથમિક સુવિધાઓ માટે વોટર ડીસ્ટ્રી. સેન્ટર, ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન તથા જાહેર જનતાની સુવિધા હેતુસર ગાર્ડન, શાળા અને રમત ગમતનું મેદાન, સ્પોર્ટ કોમ્પલેક્ષ, પાર્કીંગ, ઓપન સ્પેસ, વેજીટેબલ માર્કેટ તેમજ સામાજીક તથા આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે એસ.ઇ.ડબલ્યુ.એસ હેતુના પ્લોટોના આયોજન થવાથી જાહેર જનતા માટે વિવિધ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાશે. નગર રચના યોજના વિસ્તારોમાં આયોજીત વિવિધ જાહેર હેતુ માટેના અનામત અંતિમખંડો પ્લોટો ટી.પી.સ્કીમની રૂએ સુરત મહાનગરપાલિકાને પ્રાપ્ત થતા સદર પ્લોટોમાં નવા સમાવિષ્ટ સુરત શહેરના વિસ્તારોની જાહેર જનતાને વિવિધ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરી શકાશે.

આમ, માન. કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.મ્યુ.કમિશ્નરશ્રી, ઇ.ચા.ટાઉન પ્લાનરશ્રી તથા ટાઉન પ્લાનીંગ વિભાગના કર્મચારીની હાજરીમાં આજ તા.૧૩/૦૬/૨૦૨૫ના રોજ પબ્લીક મીટીંગનું આયોજન સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીએ કરવામાં આવેલ. જેમાં સદરહું વિસ્તારોમાં સમાવિષ્ટ જમીનોના જમીન માલિકો/હિતસંબંધ ધરાવનારાઓ / જાહેર જનતા બહોળા પ્રમાણમાં હાજર રહેલ. જેઓને નગર રચના યોજનાની સઘળી દરખાસ્તની વિસ્તૃત સમજ આપી તથા આયોજન અન્વયે સુવિદિત કરાવવામાં

આવેલ. લોકોને સ્કીમમાં અયોજન અંગેના તમામ પાસાઓની સમજણ આપવામાં આવેલ તથા તેમના સુચનો આપવા માટે જણાવવામાં આવેલ. જે અન્વયે તેઓનો ખુબજ સકારાત્મક પ્રતિસાદ મળેલ છે તથા ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ અને રૂલ્સ-૧૯૭૯ની જોગવાઇ મુજબ રોડ અને અનામત અંતિમખંડો માટે કપાત થતી જમીનનો કબ્જો સુરત મહાનગરપાલિકાને આપવા પબ્લીક મીટીંગમાં હાજર રહેલ મહતમ જમીન માલિકો ધ્વારા સકારાત્મક અભિગમ દર્શાવેલ છે. વધુમાં, તેઓના અભિપ્રાય / સુચનો મેળવવા તેમજ તેને આયોજનમાં આમેજ કરવા, તદઅનુસાર આયોજનને વધુ સુવ્યવસ્થિત કરી નગર રચના યોજનાને લોકાભિમુખ બનાવવાની દિશામાં કામગીરી આગળ હાથ ધરેલ છે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૧૧૫, તા. ૧૩/૦૬/૨૦૨૫**







# <u>પ્રેસનોટ</u>

## <u>આરોગ્ય વિભાગ</u>

૦૫ જુન વિશ્વ પર્યાવરણ દિન ૨૦૨૫ની ઉજવણીનાં ભાગરૂપે ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન અને સ્વચ્છ ભારત મિશનના સયુક્ત ઉપક્રમે તા. 03-0૬-૨૦૨૫ થી ૩૧-૧૦-૨૦૨૫ દરમ્યાન ગુરુવાર અને શુક્રવારના રોજ પ્લાસ્ટિકથી થતા પ્રદુષણનો અંત લાવવા માટેના પ્રયાસરૂપે સખી મંડળની બહેનો સાથે રાખી "**My Theli**" ઇવેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. જે દરમ્યાન નક્કી કરેલ સ્થળ પર શહેરીજનો દ્વારા આપવામાં આવેલા જુના કપડાઓમાંથી સખી મંડળની બહેનો દ્વારા વિનામૂલ્યે થેલીઓ બનાવી આપવામાં આવે છે. જેથી, જુના કપડાઓનો ઉપયોગ થશે અને પ્લાસ્ટીકની થેલીનો વપરાશ ઓછો થવાથી પ્લાસ્ટિકથી થતા પ્રદુષણને અટકાવી શકાશે.આમ,પર્યાવરણ બચાવવા માટે, પ્લાસ્ટિક મુકત સુરતતરફ એકઅનોખી પહેલ હાથ ધરવામાં આવી છે.આ ઇવેન્ટમાં હસ્તકલા અને સ્થાનિક કૌશલ્યને પ્રોત્સાહન મળી રહેશે તેમજ સખી મંડળની બહેનોને સ્વરોજગારી મળી રહેશે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારના સેન્ટ્રલ ઝોનના વોર્ડ નંબર **6**- મહિધરપુરા ભુત શેરી પાસે, ઈસ્ટ ઝોન-એનાશ્રી કેશુભાઈ પટેલ લાઈબ્રેરી પાર્કિંગ વરાછા ઝોન ઓફિસ, ન્યુ ઈસ્ટ ઝોનનાનાના વરાછા વોર્ડ ઓફીસનાના વરાછા ઢાળ પાસે, વેસ્ટ ઝોનનાગેલેક્ષી સર્કલ પાલ વોર્ડ ઓફિસની સામે, નોર્થઝોનના નારાયણ શાકભાજી માર્કેટ કંતારેશ્વર મહાદેવ મંદિર ની બાજુમાંકતારગામ,સાઉથ ઝોન-બીના સચિન પારડી વોર્ડ ઓફિસ સચિન કોમ્યુનિટી હોલ, અઠવા ઝોનના અલથાણ શેલ્ટર સોહમ સર્કલ પાસે બાયોડાયર્વસીટી પાર્કની સામે અલથાણ ભટાર રોડ. આમ, સુરત મહાનગરપાલિકાના વિવિધ ઝોનના કુલ ૦૮ સ્થળોએ "માય થેલી" ઇવેન્ટ અંતર્ગત જુના કપડામાંથી થેલી બનાવવાની કામગીરી હાથ ધરી ૩૪૨ થેલી બનાવવામાં આવેલ છે.ઉક્ત સ્થળે વધુમાં વધુ શહેરીજનો જુના કપડા આપીકાપડની થેલી બનાવી, પ્લાસ્ટીકની થેલીની જગ્યાએ કપડાની થેલીનો ઉપયોગ કરી પ્લાસ્ટિકથી થતા પ્રદુષણ અટકાવવામાં સહભાગી થાય.

**જન સંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદીનં.૧૧૬ તા. ૧૩-0૬-૨૦૨૫**

## (આરોગ્ય વિભાગ)

## <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ 03 દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૨૬વર્ષીય સ્ત્રી, રહેઠાણ-અડાજણ, જેઓગૃહિણીછે.તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (૨)૩૪વર્ષીય સ્ત્રી, રહેઠાણ-લસકાણા,જેઓ ગૃહિણીછે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. (3) 33 વર્ષીય પુરુષ, રહેઠાણ-નાનપુરા, જેઓ ખાનગી વ્યવસાય કરે છે. તેઓ હાલમાં હોમ આઇસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.

સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઇન મુજબ જીનોમ સિક્વન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગસુરત
મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૧૧૭
તા.૧૩/૦૬/૨૦૨૫

# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગર પાલિકાનાં ઈસ્ટઝોન ના કાર્યક્ષેત્ર વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિનાં રોકથામ માટે ડેંગ્યુ-મેલેરીયા મુકત ગુજરાત વર્ષ-૨૦૩૦ તેમજ પ્રિમોન્સુન ઋતુ કામગીરીના અભિયાન અંતર્ગત આદરેલી સઘન ઝુંબેશની અખબારી યાદી :-</u>**

હાલમાં મેલેરીયા મુકત ગુજરાત-૨૦૩૦ તેમજ પ્રિમોન્સુનની ઋતુને ધ્યાને લઈને મચ્છરજન્ય રોગચાળાની પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણ હેઠળ રહે તે મુજબ કાર્યવાહી હાથ ધરવા ઈસ્ટઝોન (વરાછા) ના ડે.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળની મિટિંગમાં આપવામાં આવેલ સૂચના મુજબ મેલેરીયા મુકત ગુજરાત વર્ષ-૨૦૩૦ અભિયાન અંતર્ગત સુરતને મેલેરીયા મુકત કરવા મચ્છર ઉત્પતિ અને મેલેરીયા, ડેંગ્યુ અને ચીકુનગુનિયા રોગ અટકાયત અંગે જાગૃતિ આવે તે માટે ઈસ્ટઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ ક્રિષ્નાપાર્ક ઈન્ડસ્ટ્રીઝના બાંધકામો પ્રિમોન્સુનની કામગીરી દરમ્યાન બાંધકામોમાંથી મચ્છરના ઉત્પતિ સ્થાનો મળતાં નીચે જણાવેલ ઇસમો પાસેથી વહીવટી ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે. સમગ્ર ઝૂંબેશ દરમ્યાન ક્રિષ્નાપાર્ક ઈન્ડસ્ટ્રીઝમાં તેમજ નારાયણનગર, રૂક્ષમણી સોસયટી, સરિતા સોસાયટી વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ, જેમાં કુલ ૩૬ બાંધકામમાં ઝૂંબેશ કરવામાં આવેલ. કુલ-૪૩૨ બ્રિડીંગ સ્પોટ ચેક કરતા એનોફિલીસ-૦૪, એડીસ-૦૭, કયુલેક્ષ-૦૩, મિશ્ર-૦૪ એમ કુલ-૧૮ બ્રિડીંગ મળી આવતાં દરેક બાંધકામના ઇસમોને વહીવટી ખર્ચ પેટે રૂ.૪૫,૦૦૦/- વસુલાત કરવામાં આવેલ અને તેની સાથે ઝુંબેશ સ્વરૂપની કામગીરી દરમ્યાન સુરત મહાનગરપાલિકાના વી.બી.ડી.સી ના કુલ-૨૧ બેલદારો અને ૧૨ સુપરવાઇઝરો સાથે ક્રિષ્નાપાર્ક ઈન્ડસ્ટ્રીઝમાં તમામ બાંધકામોનો સર્વે કરવામાં આવેલ. સર્વે દરમ્યાન ભોંયરાની અંદર પાણી ભરાયેલ હોય તેવા વિસ્તારોમાં ડીવોટરીંગ સાથે નિકાલ કરવા જણાવેલ, જે પૈકી પાણી ભરાયેલ હોય તેવા વિસ્તારોના માલિક પાસે પાણી ભરાવાની અંદર પોતાના ખર્ચે ડીઝલ અને ઓઇલ મંગાવી સદર બાંધકામોમાં દવાનો છંટકાવ કરવા માટે એન્ટીલાર્વલની કામગીરી કરવામાં આવેલ. જેથી સદર વિસ્તારોમાં ઝુંબેશ દરમ્યાન કુલ-૨૮ બ્લડ સ્મીયર કલેકશન કરવામાં આવેલ. સદર ઝુંબેશના રૂપે તમામ વિસ્તારોમાં એન્ટીલાર્વલની કામગીરી સાથે મુખ્ય કચેરી ખાતે સંકલન કરી ઈન્ડસ્ટ્રીયલ તમામ વિસ્તારો આવરી લેવામાં આવેલ.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણ થી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઇને સાફ કરવા, ફુલદાની, કુલર, મનીપ્લાન્ટ, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગર સેવા સદન તરફથી**

**સાદર સમાચાર યાદી નં. ૧૧૮ તા. ૧૬/૦૬/૨૦૨૫**

